'ચાલો ત્યારે, જવું પડશે, વેઇટિંગ ચાલે છે ને..!'

હવે તો માસ્ક પણ ફેશનેબલ જોઈએ

લોકડાઉનથી અનલોક-૧ સુધી...



જિનપિંગની મહેચ્છા અમેરિકા સર કરવાની છે

૨૦ જૂન, ૨૦૨૦ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

# અભિયાન



## અમેરિકાના રંગભેદી તોફાનો પાછળનું રાજકારણ કેવું છે?



sakhiyaskinclinic.com

# Get Ready to Flaunt *Smooth legs* with Laser Hair Reduction

SAFEST | PAINLESS | ECONOMIC | US FDA APPROVED

Sakhiya Skin Clinic®

Skin I Laser I Anti Aging
Hair I Dermatosurgery I Plastic Surgery

**Call: 1800 212 0809**

mid30.in

Surat I Ahmedabad I Vadodara I Rajkot I Ankleshwar I Vapi I New Delhi I Mumbai I Anand I Bardoli


Coming Soon @ Dubai, Kochi, Goa, Hyderabad, Chennai

MEDIAWISE


પહેલું સુખ તે
હૈરીકા થી ન્હાયા...
Hairika®
Premium Quality
LUXURY BATH SOAP
ફક્ત રૂ. 20/-
(100g)
NEW
Launching Price
₹40/- 20/-
Naturally Moisturizing
Luxury Bath Soap
Hairika®
Premium Quality
100% Natural Bath
LUXURY BATH SOAP
FRESH LIME
With Vitamin C & Essential Oil
100g
Hairika
FRESH LIME
• SANDALWOOD
• ALOE VERA
• FRESH LIME
• ROSE
BHARAT INDUSTRIES
Ahmedabad, Gujarat.

પંચામૃત

# અંગત તબીબ



ઇંગ્લેન્ડના કવિ જ્હોન મિલ્ટને કહ્યું છે : 'માણસનું મન સ્વર્ગને નરકમાં ફેરવી શકે છે અને નરકને સ્વર્ગમાં ફેરવી શકે છે.' મિલ્ટનનાં આખરી વર્ષોમાં અંધાપાએ તેમને ઘેરી લીધા હતા, પણ તેમણે આ અંધકારને તાબે થવાનું સ્વીકાર્યું નહીં. તેમને ખબર પડી કે માણસની સ્થૂળ આંખોમાં દુનિયા પર આખરી પડદો પાડવાની કોઇ શક્તિ નથી.

ઇટાલીમાં ઈ.સ. ૧૫૬૪માં ગેલીલિયો ગેલીલીનો જન્મ થયો. ચંદ્રના પ્રથમ નકશા ગેલીલિયોએ બનાવ્યા હતા. એ જમાનામાં ધર્મગુરુઓની વડીલશાહી ચાલતી હતી અને વિજ્ઞાન હજુ સગીર બાળક હતું. ગેલીલિયોએ દૂરબીન બનાવ્યું અને આકાશમાં ખોવાઈ ગયો. પૃથ્વી બ્રહ્માંડમાં કેન્દ્રસ્થાને અને સ્થિર નથી, પણ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે અને પોતાની ધરી પર પણ ફરે છે, તે સત્ય તેણે ભારપૂર્વક આગળ કર્યું. સિત્તેર વર્ષના ગેલીલિયોને નજરકેદ રાખવામાં આવ્યો હતો. આંખે દેખાતું નહોતું, પણ તેણે મનની આંખો બંધ કરવાની ના પાડી. જીવવાનું મુશ્કેલ બની ગયું હતું, પણ આકાશના તારાઓની સોબત તેને ગમતી હતી. બંદીવાનની સ્થિતિમાં તેણે પોતાના ગ્રંથને આગળ ધપાવવાનું કામ ચાલુ રાખ્યું. ગેલીલિયો ભાંગેલો તૂટેલો મૃત્યુ પામ્યો ત્યારે ધર્મગુરુઓએ રાહતનો દમ ખેંચ્યો. પૃથ્વી પરથી મોટું પાપ જાણે કે મરી ગયું! ગેલીલિયો જિંદગીના અંતકાળે જોઈ શક્યો હતો કે ધર્મગુરુઓની સત્તા અને કાવતરા સામે પોતે સત્યને ખાતર ટકી શક્યો તેનું કારણ તેનું મજબૂત મન હતું.

આફ્રિકાનાં જંગલોમાં રોગપીડિતોની સેવાનો યજ્ઞ કરનાર ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરે એક વાર કહ્યું હતું : 'દરેક રોગીનો દાક્તર તેના મનમાં પડેલો છે, દરેક માણસના મનમાં તેનો પોતાનો અંગત તબીબ છે.' 'સેટરડે રીવ્યુ'ના સંપાદક નોર્મન કઝીન્સનાં અંગો થીજી ગયાં ત્યારે તેમને પણ આ જ સત્યનો સાક્ષાત્કાર થયો. દાક્તરે કહ્યું કે, આ ભયંકર પ્રકારનો સંધિવા છે અને આવા પાંચસો કેસમાં એક કેસ સાજો થવાની શક્યતા અમે માનીએ છીએ, પણ મેં તો પાંચસોમાંથી આવો એક પણ કેસ સાજો થયેલો જોયો નથી. નોર્મન કઝીન્સ કહે છે કે, મારી ડોક સહેજ પણ ફરતી નહોતી, એક વાર તો જડબાને પણ તાળું લાગી ગયું હતું. હાથપગ બધું જ સજ્જડબમ! જાણે મારું શરીર જ જેલની કોટડી બની ગયું અને અંદર 'હું' બરાબર બાંધેલો કેદી! આ અસાધ્ય ગણાતા રોગમાંથી આત્મબળથી બહાર આવેલા આ માણસે લખ્યું છે કે આપણુ શરીર રસાયણોનું મોટું કારખાનું છે - રસાયણોની ખામી, માત્રાફેર, વિષમતા વગેરેને લીધે તો વ્યાધિઓ જન્મે છે, પણ મેં જાણ્યું - અનુભવ્યું કે માણસનું શરીર જો રસાયણોની ફેક્ટરી છે તો માણસનું મન તેનો રસાયણશાસ્ત્રી અને સંચાલક છે. મનના હુકમો છૂટે છે અને શરીરમાં ધૂળ જેવી દવાને સહારે ચમત્કારિક પરિવર્તનો જન્મે છે. ગમે તેવી બળવાન દવા મન નિર્બળ હોય તો નકામી પુરવાર થાય છે.

અમેરિકાના એક સર્જન ડૉક્ટર વિલિયમ એ નોલેને (એમ.ડી.) ફિલિપાઇન્સ જઈને જાતે કેટલાક હકીમોની તપાસ કરી છે. આ લોકો ઈશ્વરના નામે ડૉક્ટરી અને સર્જરી કરે છે. ડૉ. નોલેન કહે છે કે મારા જેવો 'ડૉક્ટર ઓફ મેડિસિન' આવા કોઈ ચમત્કારોમાં માની જ ના શકે તે દેખીતું છે અને હું જ્યારે આ બધું જાતે જોવા ગયો ત્યારે એવી માન્યતા સાથે ગયેલો કે બધું તૂત જ હશે! ડૉ. વિલિયમ એ નોલેને કહ્યું છે કે, કેટલાક શ્રદ્ધા-ચિકિત્સકો રીતસર વાઢકાપનાં સાધનો વિના અને ખરેખર લોહીનું ટીપું પાડ્યા વિના અને ચામડી ચીર્યા વગર 'અહિંસક સર્જરી' કરે છે. સર્જનો ખરેખર ધન માટેની ધૂનમાં કેટલીક વાર તૂત ચલાવે છે તેમ આ શ્રદ્ધા-ચિકિત્સકોમાં પણ ઘણા આવા 'લેભાગુઓ' ચોક્કસ હોય છે, પણ આવી શ્રદ્ધા-સારવાર પદ્ધતિમાં અને આવી માનસિક શસ્ત્રક્રિયામાં કંઇક તથ્ય છે. આમાં કુદરતના કોઇ નિયમોનું ઉલ્લંઘન નથી - તે કોઈ જાદુ કે ચમત્કાર નથી, પણ માણસના મનની સંદેશો આપવાની, હુકમ કરવાની શક્તિનો અને એવી જ રીતે બીજા માણસના મનની સંદેશો ઝીલવાની શક્તિનો તેનાથી આપણને ખ્યાલ આવે છે. માણસના મનમાં આવી શક્તિ છે. તેણે શક્તિઓને ઉપયોગમાં લીધી નથી. આપણને હજુ તેની આ શક્તિઓની પૂરી ભાળ પણ મળી નથી. ડૉ. વિલિયમ એ નોલેન કહે છે કે, મનીલામાં એક શ્રદ્ધા-ચિકિત્સકે એક દર્દીના પેટનાં ચાંદાં મટાડી આપ્યાં. તેણે રીતસર દર્દીને 'પ્રતીતિ' કરાવી આપી કે મેં ચાંદાંને સખત ઠપકો આપ્યો છે અને ચાંદાં નાસી ગયાં છે. ખરેખર દર્દીના ઉદરનાં ચાંદાં નાસી ગયાં હતાં. આને હું ચમત્કાર કે છૂમંતર નહીં કહું, પણ માણસના શરીર અને મનની 'જીવંતતા અને દૈવત' તરીકે ઓળખાવીશ. વાત વિચાર કરવા જેવી છે. અંધશ્રદ્ધામાં જવાની વાત નથી. માણસના તનમનની ગૂઢ શક્તિઓ ઓળખવાની અને સમજવાની આ વાત છે.

ભૂપત વડોદરિયા

(લેખકના પુસ્તકમાંથી)

VTV
ગુજરાતી

# ગ્રાહકો સાથે રહો સીધા સંપર્કમાં, કરો ઈન્ટરઍક્ટિવ જાહેરાત
# VTVGUJARATI.COM

For Inquiry
**Scan QR**
**or**
**call on 8866127011**
visit vtvgujarati.com/advertise-with-us




| VTVGujarati

DOWNLOAD APP

તમારા માટે, તમારી સાથે, સતત...

# અભિયાન

**૨૦ જૂન ૨૦૨૦**
વર્ષ: ૩૬ અંક: ૫૪ સળંગ અંક: ૧૭૮૪

**પથદર્શક**: સ્વ. ભૂપત વડોદરિયા

**તંત્રી : તરુણ દત્તાણી**
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

**કોપી એડિટર :** હેતલ ભટ્ટ
**મુંબઈ** : લતિકા સુમન
**અમદાવાદ** : નરેશ મકવાણા, હેતલ રાવ
**ભુજ** : સુચિતા બોઘાણી કનર

**ક્રિએટિવ ડાયરેક્ટર :** મૌનક ચાવડા

**રજિસ્ટર્ડ ઓફિસ :** સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૫૪
**ફોન :** ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
**ફેક્સ :** ૨૬૮૭ ૩૯૨૨

**મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,**
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

**વાચકોના પ્રતિભાવ :**
abhiyaan@sambhaav.com

**વેબસાઈટ :**
www.abhiyaanmagazine.com

**વાર્ષિક લવાજમ :** દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

**સર્ક્યુલેશન :**
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૭૬૯
circulation@sambhaav.com

**Marketing**
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**સમભાવ ગ્રૂપ**


# અનુક્રમ




## ૧૨

**અમેરિકાના રંગભેદી તોફાનો પાછળનું રાજકારણ કેવું છે?**

અમેરિકન પોલીસના હાથે એક અશ્વેત નાગરિકની સરેઆમ હત્યા થઈ. અમેરિકામાં અશ્વેત નાગરિકો પ્રત્યેના અત્યાચારની આ પહેલી ઘટના નથી. આવું અગાઉ અનેક વખત બન્યું છે, પરંતુ ક્યારેય હિંસક તોફાનો અને એ પણ દિવસો સુધી થયા નથી. ઓબામા કાળમાં પણ આવું બન્યું હતું, પરંતુ ત્યારે તોફાનો થયાનું કોઈને યાદ નથી. ચૂંટણીનું રાજકારણ હવે સર્વત્ર ખતરનાક બન્યું છે.





**૨૦ શી જિનપિંગની મહેચ્છાઓ અમેરિકા સર કરવાની છે**





**૨૮ 'ચાલો ત્યારે, જવું પડશે, વેઇટિંગ ચાલે છે ને..!'**





**૩૧ લોકડાઉનથી અનલોક-૧ સુધી...**

**૨૬ હવે તો માસ્ક પણ ફેશનેબલ જોઈએ!**

**૩૩ દેશ કોરોના ઉપરાંત અન્ય એક સંકટ સામે ઝઝૂમી રહ્યો છે**


## ફેમિલી ઝોન




**૩૬ 'મા'ની પીડાને ચિત્ર થકી વાચા આપવાનો પ્રયત્ન**


## નિયમિત કોલમ


૦૪ **પંચામૃત**

૦૮ **તિકડમ્**

૩૪ **હસતાં રહેજો રાજ**

૪૩ **નવલિકા**

# અભિયાન

**કોરોના ઇફેક્ટ : વસુંધરાની બરબાદી સામે સુધારણાનો વિચાર...**

'અભિયાન' લોકડાઉનના સમયગાળામાં નિયમિત મળતું રહ્યું. છાપેલી નકલ વાંચવા ટેવાયેલો. મોબાઇલ અને ફરી પાછું કમ્પ્યુટર પર વાંચવાની ટેવ નહીં, પણ સમય પસાર કર્યો. કોરોના ઇફેક્ટ અંગેના ઘણા રસપ્રદ લેખો અને રિપોર્ટ્સ વાંચવા મળ્યા. 'વસુંધરાની બરબાદીના સુધાર માટે સિંહાવલોકનની ક્ષણ....' અભ્યાસપૂર્ણ રહ્યો. વિગતોને કારણ વગર લંબાવાઇ છે. દસ પાનાં જેટલી વિગતો વાંચતા કંટાળો જરૂર આવે. કોમ્પ્રિહેન્સિવ ડેટાનો જમાનો થઈ રહ્યો છે. તેમાં આવા લાંબા લેખો અસહ્ય છે.

**યજ્ઞેશ ત્રિવેદી,** અમદાવાદ

**લોકડાઉનમાં જરૂરિયાતમંદોને સહાય...**

લોકડાઉન સમયગાળામાં સૌથી વધુ હેરાનગતિ રોજિંદી રોજગારીની કમાણીથી ગુજરાન ચલાવતા પરિવારોને થઈ.સેવાભાવી સંસ્થાઓએ ભોજનની વ્યવસ્થા કરી માનવતાનું કાર્ય કર્યું. દિવસો સુધી ચાલનારા લોકડાઉને રેડી-ટુ-ઇટને બદલે સીધુંસામાન આપવામાં આગળ આવ્યા તે આવકારદાયક બની રહ્યું.

**હિંમત પટેલ,** કલોલ

**રોગના ડરે વ્યક્તિને વ્યથિત કર્યો...**

કોરોનાની મહામારીમાં આખો સમાજ સાગમટે ઘરવાસમાં આવી ગયો. સતત ટીવી-મોબાઇલમાં આવતા સમાચારોથી રોગ સામેના ડરમાં પણ વધારો થતો ગયો. પોઝિટિવ કેસોના આંકડાએ ડર વધારી દીધો.

**ઉષા ભટ્ટ,** અમદાવાદ

**પ્રતિભાવો મોકલવા એકદમ સરળ**

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

**આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :**
abhiyaan@sambhaav.com

**પત્ર લખવા માટેનું સરનામું**
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

## ૧૮ એપ્રિલ, ૨૦૨૦ (લોકડાઉનમાંથી મુક્તિનો માર્ગ....)

**લોરેન્સ બ્રિલિયન્ટની વાત માનવી જ રહી...**

વૈજ્ઞાનિક અને ઇશ-આસ્થામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા લોરેન્સ બ્રિલિયન્ટની વાતમાં દમ છે.'ચર્નિંગ ઘાટ' કોલમમાં અત્યારે ફેલાયેલી કોરોના મહામારીના સંદર્ભે મનનીય હકીકતો વાંચી-જાણી. વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે વર્ષો સુધી કામ કરી શીતળા (સ્મોલફોક્સ)ને દુનિયામાંથી નામશેષ કરનાર લેરી બ્રિલિયન્ટે કોરોના વિશે જે અટકળો આપી તે સત્યની બરોબર નજીક રહી છે. લેખમાં નિમ કરોલી બાબા સાથેની લોરેન્સની કામગીરી પણ અચરજ પમાડનારી રહી. એડવર્ડ જેનરના મતે માનવી કુદરતની અવહેલના કરતો રહ્યો તેનું પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ.

**ડો. મુકેશ વાઘેલા,** સુરત

**વિશ્વને અચંબિત કરતો પ્રકાશ...**

કોરોના મહામારીને લઈ સમગ્ર દેશવાસી ગભરાયેલા છે. આ વાઇરસની દવા શોધાઈ નથી. આવી ગંભીર પરિસ્થિતિમાં આ મહામારી સામે દેશ એક થઈને રહ્યાનું પ્રમાણ દેશે જોયું. અંધકારની સામે એકતા અને વિશ્વાસનું વાતાવરણ સમગ્ર દેશવાસીઓએ કરી બતાવ્યું. કોરોનાના ડરની સામે પણ દેશનો એકેએક નાગરિક હિંમતથી ઊભો રહ્યો. થાળી-તાળી વગાડી કોરોના વોરિયર્સની હિંમત વધારવાનું અને અભિવાદન કરવાનું હોય તે તમામ પ્રસંગો એક અતૂટ શક્તિ બનીને આગળ આવ્યા. આ તમામ ઘટના વિશ્વને અચંબિત કરનારી બની રહી.

**ડો. મિલાપ ભાવસાર,** અમદાવાદ

**યુવાનો અને મહિલાઓને ઉપયોગી લેખો...**

'અભિયાન' લોકડાઉનના સમયગાળામાં વાંચવાનો આનંદ લીધો. કેરિયર માટે 'નવી ક્ષિતિજ'માં ઉપયોગી વિગતો વાંચવા મળી. યુવાનો ઇન્સપાયર્ડ થાય તેવા લેખો વાંચવા ગમ્યા. 'કપરી પરિસ્થિતિમાં હેલ્પફુલ બનો...' ગમ્યો. ફેમિલી ઝોન વિભાગમાં મૂવી ટીવીમાં મહાભારતના સંવાદકાર અંગે આપેલી વિગતો હટકે રહી.

**હિના,** પ્રજાપતિ, પ્રાંતિજ

**જામીનાં કાર્ટૂન્સ : તાતા તીર...**

'અભિયાન'ના તિકડમમાં કાર્ટૂન્સની મજા માણીએ છીએ. સમાજમાં બનેલી ઘટના અને સંદર્ભોને લઈ વેધક રીતે વ્યંગ રજૂ કરે છે. હાલ કોરોનાની માહામારીના વિષયને પણ હળવાશથી રજૂ કરી. લોકડાઉનના સમયગાળામાં તાતા-તીરનો આનંદ માણીએ છીએ.

**કંદર્પ ત્રિવેદી,** અમરેલી

**કોરોના : સ્થાનિક-વૈશ્વિક ઊહાપોહ...**

કોરોનાને લઈ કંઈક કેટલી ઘટના ચર્ચામાં રહી. એકબાજુ દેશમાં સાંસદોના વેતનકાપને લઈ સરકારે પ્રશંસનીય પગલું ભર્યું છે જે આવકાર્ય પણ બની રહેશે. તો ખાનગી કંપની, સંસ્થાઓમાં પણ આ પગલાંથી મોટી મુસીબત ઊભી થતી જોવા મળી રહી છે. ભારતે કોરોનાની મહામારી સામે હાઇડ્રોક્સિ ક્લોરોક્વિનની દવાઓની નિકાસ કરી વૈશ્વિક સ્તરે માનવતાના ધોરણે સારું કામ કર્યાનું ગૌરવ જરૂર થાય.

**અશ્વિન ગડા,** અંકલેશ્વર

**વિવાદના રાજકારણનું સત્ય...**

'ભારતે અમેરિકાની ધમકીને વશ થઈ પ્રતિબંધિત દવાઓની નિકાસ કરવી પડી...' આ પ્રકારના સોશિયલ મીડિયાના વાયરલ મેસેજ ઘડ-પગના બની રહ્યા. 'અભિયાન'માં 'અમેરિકાને દવાની નિકાસનો નિરર્થક વિવાદ....'માં હકીકતને સ્પષ્ટ થતાં જોઈ-વાંચી. સોશિયલ મીડિયામાં તથ્યોને તોડી મરોડી રજૂ કરવાની ફેશન બની ગઈ છે. ભારતે સંકટના સમયે દેશમાં જરૂરિયાત કરતાં વધારે સ્ટોક ઉપલબ્ધ કરાવી વિદેશોમાં નિકાસ કરી છે. આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે ભારતે તાત્કાલિક ધોરણે ઉત્પાદન કરી જરૂરિયાતવાળા દેશોને દવા મોકલી આપી તેમાં બ્રાઝિલના વડાપ્રધાને ભારતનો આભાર પ્રગટ કર્યો તે આનંદની વાત છે.

**અશોક દેસાઈ,** અમલસાડ

**ઈ-એડિશન નિયમિત મળી....**

અભિયાન ઈ-એડિશન નિયમિત મળી રહી.

**સુધીર ત્રિવેદી,** યુએઈ

**'અભિયાન'માં વિઝા-વિમર્શમાં વિદેશ વસવાટ અને અભ્યાસ માટેના નિયમો 'ને તકેદારીની સારી સમજણ વાંચવા મળે છે. - નરેશ ડાભી,** વાપી


મેં ગૌમૂત્રનો સંગ્રહ કરી રાખ્યો છે પરંતુ કોરોનાથી બચવા માટે ગૌમૂત્ર અકસીર છે એમ કોઈ સાધુ, વૈદ્ય કે નેતા બોલતો જ નથી!
અમારા પક્ષમાં આપનું હાર્દિક સ્વાગત છે !
ડોનાલ્ડ ટ્રમ્પ તો હુલ્લડખોરોને તેમના રંગ પરથી જ ઓળખી કાઢતો હશે, નહીં!
અમેરિકા હિંસક પ્રદર્શનો
ગભરાવ નહીં, તેણી ટીકટોક માટે વીડિયો બનાવી રહી છે !
સોનાલી ટીકટોક સ્ટાર
સાહેબ, હું છોકરાંવ માટે અનાનસ ખરીદીને ઘેર જતો હતો ત્યાં......



આ ફોટોને ધ બ્લ્યૂ માર્બલ તરીકે ઓળખવામાં આવે છે. ફોટો આપણી પૃથ્વીનો છે. ૭ ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ ૨૯,૦૦૦ કિલોમીટરની ઊંચાઈ પરથી ચંદ્ર મિશન પર નીકળેલા એપોલો ૧૭ યાનના અંતરિક્ષ યાત્રીઓ દ્વારા આ ફોટો ખેંચવામાં આવ્યો હતો.

## અવતરણ



ચૂંટણીઓ તો આવતી-જતી રહેશે, પણ બિહારની જનતાને અવગણવી સારી વાત નથી.

**તેજસ્વી યાદવ,** નેતા, આરજેડી

સીએમ નીતિશ કુમારને સલાહ આપતાં...

ચેતેશ્વર પૂજારા જેવા ખેલાડીઓની ટીમને હંમેશાં જરૂર રહેશે.



**રાહુલ દ્રવિડ,** પૂર્વ ક્રિકેટર, ભારતીય ટીમ

ચેતેશ્વર પૂજારાનાં વખાણ કરતાં...



મિર્ઝ્યા પછી નાના કપડાંમાં નાચવાવાળા રોલ જ મળી રહ્યા હતા, જે મને પસંદ નહોતું.

**સયામી ખેર,** અભિનેત્રી, બોલિવૂડ

ફિલ્મની પસંદગી અંગે વાત કરતાં...

## ક્લાઇવ ઓફ ઇન્ડિયા સ્ટેચ્યુને હટાવવાની કવાયત

ભારતમાં અંગ્રેજી શાસનના પાયા નાંખવામાં ગવર્નર રોબર્ટ ક્લાઇવે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એ જ રોબર્ટ ક્લાઇવના શિલ્પના પાયા હચમચાવવા માટેની ચળવળ આદરવામાં આવી છે. પશ્ચિમ ઇંગ્લેન્ડના શ્રુબરી નામના પ્રદેશમાં રોબર્ટ ક્લાઇવનું સ્ટેચ્યુ બનાવવામાં આવ્યું છે. આ સ્ટેચ્યુને તોડી પાડવા માટે હજારો લોકોએ ઓનલાઇન પિટિશન પર સહી કરી છે. ભારતમાં અંગ્રેજોના સામ્રાજ્યવાદના મૂળિયા નાંખવામાં રોબર્ટ ક્લાઇવે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ક્લાઇવે બંગાળ અને દક્ષિણપૂર્વી એશિયામાં અંગ્રેજોનું શાસન વિસ્તારવાનું કામ કર્યું હતું. ક્લાઇવની બ્રિટિશ કોલોનિયાલિઝમની નીતિએ ભારત સહિત દક્ષિણપૂર્વી એશિયાના દેશોને પાયમાલ કરી દીધા હતા. બ્રિટનના લોકોનું માનવું છે કે ક્લાઇવ જેવા લોકોના શિલ્પોને સમાજમાં સ્થાન આપવું એ માનવતા અને બ્રિટિશરોના ગર્વ પર કલંક લગાવવા સમાન છે.

૧૮મી સદીમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા રોબર્ટ ક્લાઇવને બંગાળ પ્રેસિડેન્સીનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો, ક્લાઇવે પોતાને



સોંપેલા કામને બહુ બખૂબીથી પાર પાડ્યું હતું જેને કારણે તેને ક્લાઇવ ઓફ ઇન્ડિયાનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો, જોકે, આ ખિતાબ તેણે અસંખ્ય નિર્દોષ લોકોના જીવન સાથે રમત રમીને, તેમના જીવનને દોજખ બનાવીને મેળવ્યો હતો. ક્લાઇવના સ્ટેચ્યુને તોડી પાડવા માટે જે પિટિશન કરવામાં આવી છે તેમાં તેણે બંગાળમાં ચલાવવામાં આવેલી લૂટમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હોવાની વાત કરવામાં આવી છે. પિટિશનમાં કહેવાયું છે કે પોતાના અને કંપનીના વ્યક્તિગત સ્વાર્થ માટે ભારતને લૂટનાર વ્યક્તિને મહાન ન ગણી શકાય. તેનું સ્ટેચ્યુ બનાવીને મૂકવામાં આવ્યું છે તેનો અર્થ એ નથી કે ક્લાઇવ સારો માણસ હતો. હકીકતમાં ક્લાઇવનું સ્ટેચ્યુ દમનકારી વ્યક્તિનું પ્રતીક રજૂ કરે છે.

હાલમાં ચાલી રહેલા શ્વેત-અશ્વેત સંઘર્ષના ભાગરૂપે શ્રુબરીમાં થોડા દિવસો અગાઉ એક સ્લેવ ટ્રેડર એટલે કે ગુલામોની લિલામી કરતા વેપારીના સ્ટેચ્યુને તોડી પાડવામાં આવ્યું. હવે ક્લાઇવના સ્ટેચ્યુ પર લોકોએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમનું કહેવું છે કે જે લોકો માનવતાને કલંકિત કરનારું કામ કરે છે તેમને માન-સન્માન આપવાની જરૂર નથી હોતી. દરેક વ્યક્તિ સમાન છે - એ સંદેશો આપવા માટે અને ભૂતકાળમાં થયેલી ભૂલોને સુધારવા માટે રોબર્ટ ક્લાઇવના સ્ટેચ્યુને હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ■

# વતન-વાપસી ઇચ્છતા
# શ્રમજીવીઓની વ્હારે સુપ્રીમ



રોજગારી માટે વતન છોડીને અન્ય રાજ્યોમાં ગયેલા પ્રવાસી શ્રમજીવીઓ લૉકડાઉન લાંબું ચાલતાં પરેશાની અનુભવતા હતા અને લૉકડાઉનના દિશા-નિર્દેશોનું ઉલ્લંઘન કરીને પરિવાર સાથે મોટા સમૂહમાં વતન જવા માટે નીકળી પડ્યા હતા. એ બધાને સમજાવીને રોકી રાખવાનું અશક્ય જણાતા કેન્દ્ર સરકારે તેમને માટે રાજ્ય સરકારોના સહયોગ સાથે ખાસ ટ્રેનો શરૂ કરી હતી, પરંતુ એ વ્યવસ્થા અપૂરતી બની રહેતાં દેશભરના હાઈવે પર શ્રમજીવીઓની પગપાળા વતન વાપસીનાં વરવા દૃશ્યો જોવા મળ્યાં હતાં. આ શ્રમજીવીઓની વેદના અને મૂંઝવણને સમજવા સરકાર અને તંત્રએ ભારે વિલંબ કર્યો. એ દરમિયાન મે માસના છેલ્લા સપ્તાહમાં સર્વોચ્ચ અદાલતે શ્રમજીવીઓના પ્રશ્નોનું સંજ્ઞાન લઈને સુઓ-મોટો અરજીની સુનાવણી હાથ ધરી હતી. એ પછી સર્વોચ્ચ અદાલતે નવમી જૂને સરકારને કેટલાક નિર્દેશો આપીને જે શ્રમજીવીઓ પોતાના વતન કે જ્યાં ક્યાંય પણ જવા ઇચ્છતા હોય તેમને ત્યાં પહોંચાડવાની બે સપ્તાહમાં વ્યવસ્થા કરવા જણાવ્યું છે. સાથોસાથ આ શ્રમિકો જે રાજ્યમાં જાય ત્યાં તેમના વતન રાજ્યમાં સ્થાનિક સ્તરે તેમને રોજગારી પુરી પાડવા માટેનું આયોજન કરવા પણ જણાવ્યું છે. લૉકડાઉન દરમિયાન જે શ્રમજીવીઓ સરકારના દિશા-નિર્દેશોનું ઉલ્લંઘન કરીને ચાલી નીકળ્યા હતા તેમની સામે કરવામાં આવેલા કેસોને પણ પાછા ખેંચી લેવા જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે તેમના આ આદેશો દ્વારા શ્રમજીવીઓને મોટી રાહત આપી છે. તેનો ઇનકાર થઈ શકે તેમ નથી, પરંતુ અદાલતનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે કે જ્યારે સરકારે લૉકડાઉનનો તબક્કાવાર અંત લાવવાનો નિર્ણય કર્યો છે અને આઠમી જૂનથી અનલૉક-૧નો આરંભ કરીને લૉકડાઉનનાં નિયંત્રણોમાં વ્યાપક છૂટછાટો આપીને ધંધા-રોજગાર, નાના-મોટા ઉદ્યોગો, દુકાનો, રેસ્ટોરાં, શોપિંગ મૉલ્સ વગેરેને શરતોને આધીન શરૂ કરવાની છૂટ આપીને આર્થિક પ્રવૃત્તિઓની પ્રક્રિયા આરંભી છે. એ સાથે નાનાં-મોટાં કારખાનાંઓ, ઑફિસો, બજારો શરૂ થઈ જતાં શ્રમજીવીઓ માટે ફરી રોજગારીની તકો સર્જાઈ રહી છે, ત્યારે ઘણા કિસ્સાઓમાં ખાસ કરીને ગુજરાતમાં એવું જોવા મળ્યું છે કે પોતાના વતન પહોંચી ગયેલા અનેક શ્રમજીવીઓએ ફરી ગુજરાત પાછા ફરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. એટલું જ નહીં તો કેટલાકે તો ગુજરાતે તેમને ઘણુ આપ્યું હોવાનું સ્વીકારીને ગુજરાતને તેઓ ભૂલી શકે નહીં એમ પણ કહ્યું છે.

લૉકડાઉન હળવું થતાં અને રોજગારીની તકો ઊજળી બનવા છતાં કોરોના સંક્રમણના સંકટને કારણે એક વખત વતન જવાની ઝંખના સેવનારા શ્રમજીવીઓ આજે પણ મોટી સંખ્યામાં છે અને તેમને માટે સર્વોચ્ચ અદાલતના નિર્દેશો આશીર્વાદ રૂપ બનશે. એ જ રીતે જે શ્રમજીવીઓ હવે પોતાના વતનમાં જ સ્થાયી થવા ઇચ્છતા હોય તેમને માટે સ્થાનિક સ્તરે કામ મળી રહે એ માટે સ્કિલ મેપિંગ કરવા પણ અદાલતે જણાવ્યું છે. રાજ્ય સરકારોએ એ માટે કૃષિ સંલગ્ન ઉદ્યોગો ગ્રામ્ય વિસ્તારોમાં સ્થપાય એ માટેની કામગીરી વહેલી તકે શરૂ કરવી જોઈએ. કેન્દ્ર સરકારે જાહેર કરેલા આર્થિક પેકેજમાં પણ તેને માટેની વ્યાપક જોગવાઈ કરેલી છે. સ્વાભાવિક રીતે જ આવા શ્રમિકોની ઘરવાપસી પછી રાજ્ય સરકારો માટે તેમના પુનર્વાસની કામગીરી પડકારરૂપ બની રહેવાની છે, પરંતુ રાજ્ય સરકારો જો તેને રાજ્યના વિકાસ માટે એક અવસરના રૂપમાં લઈને કામગીરી શરૂ કરે તો એ રાજ્યને માટે અને લોકોને માટે લાભદાયક બની રહેશે. લૉકડાઉન દરમિયાન જ આર્થિક મુસીબતનો સામનો કરીને પાછા આવેલા શ્રમજીવીઓને વહેલી તકે કામ મળી રહે એ જોવું પડે તો સાથોસાથ જ્યાં સુધી તેમને માટે રોજગારીની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમના પરિવારોને અનાજ સહિતની સહાય મળી રહે એ પણ જોવું પડશે.

> સુપ્રીમે સુઓ-મોટો દ્વારા તેમનો મુદ્દો હાથ ધર્યો એ વિશે કેટલાકના ભિન્ન મત હોઈ શકે છે તો અદાલતનું ધ્યાન પણ આ દિશામાં મોડું ગયું હોવાનું કેટલાકે અનુભવ્યું છે

કોરોના સંક્રમણના સંકટને કારણે જે અસાધારણ સ્થિતિ સર્જાઈ છે તેમાં સૌથી વધુ મુશ્કેલી સહન કરનાર કદાચ શ્રમજીવી વર્ગ છે. સર્વોચ્ચ અદાલતે તેમનો મુદ્દો સુઓ-મોટો દ્વારા હાથ ધર્યો એ વિશે કેટલાકના ભિન્ન મત હોઈ શકે છે તો અદાલતનું ધ્યાન પણ આ દિશામાં મોડું ગયું હોવાનું કેટલાકે અનુભવ્યું છે. અદાલતના દિશા-નિર્દેશોનો અર્થ એવો નથી કે સરકારે શ્રમજીવીઓ માટે કશું કર્યું નથી. અદાલતે સરકારને તેના પ્રયાસો અને કામગીરીમાં વધુ ચોકસાઈ અને વધુ સક્રિયતાની અપેક્ષાએ નિર્દેશો આપ્યા છે. સર્વોચ્ચ અદાલતનું આ દિશામાં ધ્યાન દોરવાનું કામ વીસ અગ્રણી ધારાશાસ્ત્રીઓએ કર્યું હતું. કોરોના સંક્રમણનું સંકટ હજુ પૂર્ણ થયું નથી અને એટલે શ્રમજીવીઓના આવાગમનમાં તેને માટેની તમામ કાળજી લેવાય તેનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈશે. ■

# પ્રશાંત કિશોર હવે ડીએમકેના ચૂંટણી સલાહકાર બન્યા

તામિલનાડુના પ્રાદેશિક વિપક્ષ ડીએમકેના સર્વેસર્વા એમકે સ્ટાલિને પણ હવે રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે પ્રશાંત કિશોરની સલાહ લેવાનું પસંદ કર્યું છે. નજીકના ભૂતકાળમાં તેઓ બિહારમાં નીતિશકુમારના પક્ષના સલાહકાર રહી ચૂક્યા છે. મમતા બેનરજી તેમના પક્ષ માટે પ્રશાંત કિશોરની સેવાઓ લઈ રહ્યાં છે. આ યાદીમાં હવે ડીએમકેના સ્ટાલિનનું નામ ઉમેરાયું છે. સ્ટાલિને ત્રણ મહિના પહેલાં ટ્વિટ કર્યું હતું કે તેઓ કિશોરની સેવા લેવા જઈ રહ્યા છે. તામિલનાડુમાં આગામી વર્ષે યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે હવે ડીએમકેની પ્રચાર ઝુંબેશ માટે પ્રશાંત કિશોરે કાચી રૂપરેખા તૈયાર કરી આપી છે, જેમાં તેમણે એવું સૂચવ્યું છે કે માત્ર સ્ટાલિનને જ પ્રોજેક્ટ કરવામાં આવે અને ડીએમકેના સહયોગી એવાં નાનાં જૂથોની ગૌણ ભૂમિકા રહેશે. પ્રશાંત કિશોરે સૂચવેલા સૂત્રોમાં એક સૂત્ર છે, '-આવતીકાલ આપણી છે.' રાજ્યની કુલ ૨૩૪ બેઠકોમાંથી લગભગ ૧૭૦ બેઠકો પર ડીએમકે ચૂંટણી લડશે એવી યોજના છે. બાકીની બેઠકો ડીએમકેના આઠ સાથી પક્ષોમાં વહેંચી દેવાશે. કોંગ્રેસના ભાગે અંદાજે ૩૦ બેઠકો આવશે. સ્ટાલિન ચૂંટણી વ્યૂહરચનામાં પ્રશાંત કિશોરને મહત્ત્વ આપી રહ્યા છે, પરંતુ પક્ષના કેટલાક વરિષ્ઠ નેતાઓને એ ગમ્યું નથી. તેઓ પક્ષની વિચારધારાની દૃષ્ટિએ પણ મૂંઝવણ અનુભવે છે કે દ્રવિડીયન પાર્ટીના મુખ્ય સલાહકાર એક બ્રાહ્મણ અને ઉત્તર ભારતીય છે. ■

# મમતા બેનરજીએ અનિચ્છાએ વડાપ્રધાનને આમંત્રિત કર્યા હતા



સામાન્ય છાપ એવી છે કે પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ સર્જેલી તારાજીનું હવાઈ નિરીક્ષણ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજ્યની મુલાકાતે આવવાનું આમંત્રણ રાજ્યનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ આપ્યું હતું. વાસ્તવમાં રાજ્યની મુલાકાતે આવવાની ઇચ્છા વ્યક્ત કરવાની પહેલ વડાપ્રધાનના પક્ષેથી થઈ હતી. વડાપ્રધાનના સલાહકાર ભાસ્કર કુલ્બે પશ્ચિમ બંગાળ કેડરના છે. તેમણે મમતા બેનરજીના અગ્ર સચિવ ગૌતમ સાન્યાલનો સંપર્ક સાધ્યો હતો. વાવાઝોડામાં તારાજ થયેલા વિસ્તારોની મુલાકાતે આવવાની વડાપ્રધાનની ઇચ્છાની જાણ કરવામાં આવ્યા પછી મમતા બેનરજી પાસે મોદીને આમંત્રિત કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. વડાપ્રધાનની મુલાકાતના દૃશ્યો અને રાજ્યને તત્કાલ સહાય માટે એક હજાર કરોડ રૂપિયા આપવાની જાહેરાતને ભાજપના પશ્ચિમ બંગાળ એકમે ખૂબ પ્રચારિત કરીને માઈલેજ મેળવવાનો પ્રયાસ કર્યો. રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. પશ્ચિમ બંગાળની મોદીની મુલાકાત માટે તેઓ બહુ ઉત્સાહિત ન હતા એવું સ્પષ્ટ કરવા માટે મમતા બેનરજી ઉત્સુક હતાં. વિમાનમથકે વડાપ્રધાનના સ્વાગત માટે દિલીપ ઘોષની આગેવાની હેઠળ ભાજપના પ્રદેશ અગ્રણીઓ મોદીને વંદન કરી રહ્યા હતા ત્યારે મમતા બેનરજીએ હાથમાં ફાઈલો સાથે વડાપ્રધાનને નમસ્કાર કર્યા હતા. હવાઈ નિરીક્ષણ વખતે હેલિકૉપ્ટરમાં પણ તેમણે દૂર બેસવાનું પસંદ કર્યું હતું. એ જ રીતે રાજ્યને તત્કાલ સહાય માટે એક હજાર કરોડ રૂપિયાની મોદીની જાહેરાત સામે મમતા બેનરજીએ પાંચ હજાર કરોડની માગણી કરી હતી. ■

# પ્રવર્તમાન સંકટની ચર્ચા માટે સંસદના સત્રનો ઇંતેજાર



કોંગ્રેસ અગ્રણી આનંદ શર્માએ સંસદના ચોમાસુ સત્રની તારીખ વહેલી નક્કી કરવા માટે શાસક પક્ષને ફરજ પાડવાનો નિષ્ફળ પ્રયાસ કરી જોયો. સંસદ સત્રના વિલંબ પાછળનું સંભવિત કારણ એ છે કે સંસદની ૨૪ સ્થાયી સમિતિની બેઠક સૌ પ્રથમ યોજાય અને તેના રિપોર્ટ્સ સુપરત થવા જોઈએ. ગૃહમંત્રાલયની સંસદીય સમિતિના વડા તરીકે તેમણે ત્રીજી જૂને સમિતિના સભ્યોને બેઠક માટે સંસદ ભવન બોલાવ્યા હતા. શર્માના માનવા પ્રમાણે લૉકડાઉન પ્રોટોકોલને કારણે જે સાંસદ બેઠકમાં આવી ન શકે એ ઇન્ટરનેટ પ્લેટફોર્મના માધ્યમથી બેઠકમાં ભાગ લઈ શકે છે. બ્રિટનની આમસભાનું સત્ર વર્ચ્યુઅલ રીતે યોજાયું હતું અને તેમાં ઝૂમ પ્લેટફોર્મ દ્વારા ૧૨૦ સાંસદોએ ભાગ લીધો હતો તેનું ઉદાહરણ આપીને શર્મા કહે છે કે, આપણી સંસદ પણ બ્રિટનના મૉડેલ પર આધારિત છે. વિશ્વભરની સંસદો આ પદ્ધતિ અજમાવી રહી છે, પરંતુ શર્માની દરખાસ્તને એવું કહીને નકારી કાઢવામાં આવી કે તેનાથી સમિતિની કાર્યવાહીની ગુપ્તતાનો ભંગ થશે. આશ્ચર્યની વાત એ છે કે ભાજપના સાંસદ રીટા બહુગુણા જોશીને વેતન અને ભથ્થાં અંગેની સમિતિની વર્ચ્યુઅલ બેઠક યોજવામાં આવો કોઈ અવરોધ નડ્યો નહીં. તેમણે લૉકડાઉન પહેલાં તેમની સમિતિની બેઠક યોજીને ૩૦ ટકા વેતન કાપનો નિર્ણય લીધો હતો. દેશમાં પ્રવર્તમાન સંકટની ચર્ચા માટે સંસદનું સત્ર વહેલી તકે યોજાય એ સમયનો પણ તકાજો છે. ■

# અમેરિકાના રંગભેદી તોફાનો પાછળનું રાજકારણ કેવું છે?



**અમેરિકન પોલીસના હાથે એક અશ્વેત નાગરિકની સરેઆમ હત્યા થઈ. બેશક, એ અશ્વેત નાગરિકનો એવો કોઈ મોટો અપરાધ ન હતો. અમેરિકન પોલીસની એ ક્રૂરતા છે. સ્વાભાવિક રીતે જ અશ્વેત બિરાદરીમાં રોષ ફાટી નિકળ્યો. પોલીસનું આ કૃત્ય શ્વેત નાગરિકોને પણ ન ગમ્યું. એટલે વિરોધ વ્યક્ત કરવામાં એ પણ જોડાયા, પરંતુ અમેરિકનોના આશ્ચર્ય વચ્ચે ઘટનાના ચોવીસ કલાકમાં જ ઠેર-ઠેર તોફાનો શરૂ થઈ ગયા. આગ, ભાંગફોડ અને શોપિંગ મૉલમાં લૂંટફાટ ચાલી. અમેરિકામાં અશ્વેત નાગરિકો પ્રત્યેના અત્યાચારની આ પહેલી ઘટના નથી. આવું અગાઉ અનેક વખત બન્યું છે, પરંતુ ક્યારેય હિંસક તોફાનો અને એ પણ દિવસો સુધી થયા નથી. ઓબામા કાળમાં પણ આવું બન્યું હતું, પરંતુ ત્યારે તોફાનો થયાનું કોઈને યાદ નથી. ચૂંટણીનું રાજકારણ હવે સર્વત્ર ખતરનાક બન્યું છે. અમેરિકામાં આગામી નવેમ્બરમાં પ્રમુખ પદની ચૂંટણી છે. ચૂંટણીને હવે માત્ર સાડાચાર મહિના બાકી છે. ટ્રમ્પના વિરોધીઓએ તકને ઝડપી લીધી. તણખાને જ્વાળામાં પલ્ટી નાંખવામાં આવા લોકોનો હાથ છે. અમેરિકામાં મીડિયા સહિત ટ્રમ્પ વિરોધી પરિબળો અઢળક છે. બધાએ આગમાં પેટ્રોલ નાંખવાનું કામ કર્યું છે. તેમાં એન્ટિફા નામના સંગઠનનું નામ પણ ગાજે છે. ચીનની સંડોવણીની પણ ચર્ચા છે. હિંસક વિરોધ કરનારાઓ છેક વ્હાઈટ હાઉસ સુધી પહોંચી ગયા. આવો હિંસક વિરોધ તો અશ્વેત નાગરિકોને પણ અપેક્ષિત ન હતો. તો પછી કોણ ઇચ્છતું હતું તોફાન? અમેરિકાના આ રંગભેદી તોફાનો શાંત થયા પછી પણ વિશ્વભરમાં તેની ચર્ચા થતી રહેશે. અહીં 'અભિયાન'ના વાચકોના પરિચિત અભ્યાસી લેખક ગૌરાંગ અમીને તેમની નિયમિત કૉલમ 'ટર્નિંગ ઘાટ'માં તેનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું છે. એટલે જ તેને જ આ અંકની કવર સ્ટોરી રૂપે પ્રસ્તુત કર્યું છે.**

# રાઇટ કાળા ધોળા લિબરલ કાળું ધોળું




**કાળા ધોળાના કાળાં ધોળાંમાં આપણને કથ્થાઈ ગણેલાં છે**
**એક કે બંને તરફ લટકવા કરતાં આપણું શું છે તે પહેલાં છે**

કાળા 'ને ધોળા એમ બે જ રંગમાં સંસારના ભાગ પાડનાર વૃત્તિ મનોરંજન લેતાં-લેતાં મોનોરંજનની આગ્રહી થઈ જાય છે. અમેરિકામાં એક આમ કાળા માણસને મારી નાખવામાં આવ્યો. ગોરા માણસ દ્વારા. ના, ગોરા પોલીસ કર્મી દ્વારા. કાળાઓને ખૂબ દુઃખ થયું, ક્રોધ આવ્યો. અનીતિ, પાપ કે કાયદા વિરોધી તાકાત સામે ઘણા લોકો બહાર આવ્યા. પછી? તોફાનો. તોડફાડ. લૂંટ. અરાજકતા. ન્યાય મેળવવા માટે. સત્ય સાબિત કરવા માટે. સાચા ધર્મ 'ને કાયદાના સ્થાપન માટે. શાંતિ માટે. ખૂન સામે ખૂનામરકી. સમાનતા માટેનું આંદોલન. શું સમજ્યા? ઘણા કહેશે બિચારા કરે પણ શું? ઘણા કહેશે ચૂપ બેસે તો 'એ લોકો' માથે ચઢી જાય. ઘણા કહેશે જેવા સાથે તેવા થવું જ જોઈએ અને અતિ વિશેષ પ્રકારના અમુક માણસો કહેશે કે આગળ જતાં જુઓ શું થાય છે એ, આ તો મોટી ક્રાંતિ છે. આ ક્રાંતિ આખા જગતમાં ફેલાશે. જમણેરીઓનો નાશ થશે. બધે શાંતિ 'ને સમાનતા સ્થપાશે. લોકોનું દુઃખ દૂર થશે. લોકો સુખી થશે 'ને આનંદ સાથે સંતોષ પામશે. ટ્રમ્પ જશે એટલે બધું સારું થશે. લિબરલરાજ આવે એટલે ઓલ વર્લ્ડ હેપ્પી થશે.

વારુ શું ખરેખર આ તોફાનો વાજબી છે? અમેરિકાની પ્રજા નિર્ણય કરવાને હક્કદાર છે, પરંતુ આપણે લોકોએ પહેલાં એ સ્વીકારવું પડે કે તોફાનની શરૂઆત કરવાનું કારણ શું બન્યું હતું? રેસિઝમ. એ સાથે ભારતીયોએ એ સ્વીકારવું રહ્યું કે વર્ષોથી અમેરિકામાં વંશવાદ જીવે છે. અમેરિકાની મોટી 'ને મીઠી વાતો કરીને આપણા લોકોને ભારતીય લિબરલ ઘણી વાર ઉલ્લુ બનાવે છે. વિદેશી મીડિયા પણ સદૈવ ભારતીય સ્થિતિ પરિસ્થિતિને ભાંડે છે અને આજે આખી દુનિયા જુએ છે કે કાળા-ધોળાના ભેદને કારણે અમેરિકામાં ૨૦૨૦માં શું થાય છે. જ્યોર્જ વૉશિંગ્ટન જેવા અમેરિકાના ધોળા સ્થાપક નેતાઓ કાળા ગુલામો રાખતા. કાળા માણસોની ધોળા માણસો દ્વારા કાયદેસરની લે-વેચ અમેરિકાના પાયામાં રહી છે. અમેરિકાએ સ્વતંત્રતાની વ્યાખ્યા પોતાની જરૂર મુજબ વખત આવે

અમેરિકા એટલે જન્નત એવું માનનારા ઘણા છે. ભારતીય સંસ્કૃતિ 'ને ભારતીય મૂળના ધર્મના વિરોધી ના હોય એવાય બહુ બધાં છે જે અમેરિકાને સ્વર્ગ માને છે. ઈશ્વર પ્રસન્ન થાય તો અમેરિકાના વિઝા માંગે એવાય છે 'ને નાસ્તિકતાનો ચરમ આનંદ અમેરિકામાં મળે એવા તર્કને સાચી માહિતી સમજનારાય છે. ભારત અમેરિકાથી દૂર છે, પણ સેટેલાઇટ ટીવી સાથે ઇન્ટરનેટ છે તથા મિત્ર કે સંબંધી યુએસમાં રહેતાં હોય એટલે ભારતીયોને અમેરિકા વિષે જાણવા મળે. આમાં એવાં ભારતીયોની સંખ્યા મોટી છે જે ભારત વિષે પણ એવાં સોર્સ વડે જાણતાં હોય છે. ભારતમાં રહેતાં હોય એમણે ભારતમાં રહેવાનો અનુભવ કામે લગાડવો જોઈએ. એ માટે માહિતી ભેગી કરવી પડે, અવલોકન કરવું પડે 'ને પછી અભ્યાસ એવમ વિશ્લેષણ કરવું પડે. મહેનત કરવી પડે. હવે એવું માંડ થતું હોય ત્યાં અમેરિકા અંગે આપણે કેટલી મહેનત કરીએ? જી, ઘણાએ આંખ કાઢી હશે કે અમેરિકા વિષે જાણવા એટલી કે તેટલી મહેનત કરીને આપણે શું કામ છે?

સુખ 'ને દુઃખની પોતાના પૂરતી મર્યાદિત વ્યાખ્યા અનુસાર જે માણસને મૃત્યુના ઘણા વર્ષો અગાઉ જીવતા જીવ સમસ્ત જીવન એટલે શું એ અંગે પ્રમાણપત્ર આપવાનો સ્વભાવ હોય એવા માણસો એક શોધો તો ડઝન મળી શકે છે. એવા માણસો અમેરિકામાં બહુ પૈસા છે એમ માની કે જાણીને અમેરિકા એટલે ઓહોહો કરે. એમના માટે 'કે મતે અમેરિકામાં પૈસા બહુ એટલું એમને વગર મહેનતે ખબર પડી એટલે ભયોભયો. ઘણા એવાય હોય છે જે ત્યાં જઈ જાતે પરિશ્રમ કરીને પૈસો 'બનાવે' કે 'પાડે' અને સાબિત કરે કે અમેરિકા એટલે બહુ પૈસો. ઘણા એવા હોય છે જે અમેરિકા અંગે જાણવાની સહેજ મહેનત કરે, ઉપર કીધું તેમ ટીવી પર ન્યૂઝ જોઈ 'ને નેટ પર થોડું વાંચીને. યસ, એવા માણસો વોટ્સએપના ફોરવર્ડ મેસેજ તથા ફેસબુકના અમેરિકન મિત્રોની પોસ્ટ એવમ કોમેન્ટને ખૂબ મહત્ત્વનો માહિતીનો સ્રોત ગણે અને જે જનતા જનાર્દન છાપાંમાં આવેલું છે એટલે સત્ય હોય એવું પેઢીઓથી દર સવારે માને છે એમને બીજું શું જોઈએ? ફટાફટ ગુડ 'ને બેડ લેબલ મારી દેવાથી મનનો અહંકાર સંતોષાય 'ને મગજને મનોરંજન મળે.




બદલી છે. બેશક આ મુદ્દે ધાર્મિક દેશો ’ને લશ્કરી શાસન આપતા સામ્યવાદી દેશોએ પોતાના કોલરને અડવા જેવુંય નથી, કોલર ઊંચો કરવાનો તો સવાલ જ નથી. ના, એવો કોઈ ભાવાર્થ નથી કે ત્યાં એવું છે એટલે આપણે ત્યાં ભેદભાવ ચાલે.

અમેરિકાના ઇતિહાસમાં કાળાઓએ હૈયું ફાટી જાય એવું દુઃખ ભોગવ્યું છે. છતાં આપને યાદ હશે કે અત્યારે વિશ્વમાં કોરોનાનો મહાકાળ ચાલે છે. અમેરિકામાં એક લાખ કરતાં વધારે માણસો કોરોનામાં મૃત્યુ પામ્યા. દસ લાખથી વધુ એક્ટિવ કેસ છે. કરોડો અમેરિકનોનું જીવન પરેશાનીથી ખદબદે છે. છતાં તોફાનો? જી, એટલે પણ તોફાનો. એક લીટીમાં રિયલ રિઝન જાણવું હોય તો અમેરિકામાં ચૂંટણી આવી રહી છે. લિબરલ પ્રકારના કહેવાતાં માનવતાવાદીઓ જેમ કાશ્મીર મામલે બિનમુસ્લિમ કે પંડિતો પર લાગણી ના રાખી શક્યા એમ અમેરિકામાં સૌથી વધુ નુકસાન ભોગવી ચૂકેલા અમેરિકાની મૂળ પ્રજા એવા રેડ ઇન્ડિયન્સ પરત્વે ચપળતાથી બેફિકર રહ્યા. હકીકતમાં જો એમને દુઃખી માણસો પર લાગણી હોય તો એમણે સ્પેનિશ મિશનરીઓથી દુખી થયેલા દક્ષિણ અમેરિકાના એકથી વધુ ખંડના મૂળ માણસોના અધિકાર માટે લડવું જોઈએ, પણ ના. સામાન્ય કે આમ માણસોની જેમ એમને પણ સંખ્યાની ’ને પૈસાની રાજનીતિમાં રસ.

વર્ષોથી બિઝનેસ કરીને મહાધનિક બનેલો ટ્રમ્પ બોલવામાં ’ને ત્વરિત નિર્ણય લઈ કામ કરવામાં આકરો રહ્યો છે. કોરોનાકાળમાં અમેરિકનોનાં મૃત્યુ દર વિષે એક વાર એ બોલેલા કે અમેરિકનોની હેલ્થ બરાબર નથી એ એક મોટું કારણ છે. અમેરિકાએ વર્ષો સુધી સિલ્કી વાતો કરનારા જ માણ્યા છે. આખા વિશ્વનું ટ્રિપલ એક્સ જ્યાં પોંખાય એ અમેરિકામાં રાષ્ટ્રપતિ ’ને તેનું કુટુંબ તો પુસ્તકમાં હોય એવું સંસ્કારી જ અમેરિકનોને કોઠે પડેલું. એવામાં ટ્રમ્પ અમેરિકાના વાસ્તવિક ’ને માનસિક જીવનને દંભથી ઢાંકવાને બદલે ઉઘાડું રાખતા રહ્યા. ટ્રમ્પ બહારી દેશોમાં સળીસંચા કરવાને બદલે અમેરિકા પર ફોકસ કરતાં રહ્યા. કોઈ નવું યુદ્ધ ના કર્યું, ઉપરથી અફઘાનિસ્તાનમાંથી હાથ કાઢી લીધો. મે મહિનાના પ્રારંભમાં અમેરિકામાં થયેલા સરવે અનુસાર ટ્રમ્પના કોરોના સામે લડવાના કામથી અર્ધી વસ્તી ખુશ હતી. ઇકોનોમિની રીતે અમેરિકા પડી ના ભાંગ્યું ’ને ચીનની જોહુકમી સામે ના ઝૂક્યું. ઉપરથી અમેરિકન આત્મવિશ્વાસમાં નવા પ્રાણ ફૂંકાવાના શરૂ થયેલા. ત્યારે ટ્રમ્પની વધતી લોકપ્રિયતા ટ્રમ્પના વિરોધીઓને લોખંડી કાંટાની જેમ ખૂંચે એ સ્વાભાવિક હતું.

મોદીની પાછળ આપણે ત્યાં જેમ મીડિયા એક ધારું ’ને એક તરફું પડેલું રહ્યું તેમ ટ્રમ્પની પાછળ પણ ત્યાંનું મીડિયા સતત ’ને સખત રીતે નકારાત્મક રહ્યું છે. ટ્રમ્પના જેવી રીતે વાંક કાઢવામાં આવે છે એવી રીતે જો ભૂતકાળમાં અમેરિકન પ્રમુખોને મીડિયાએ તોલ્યા હોત તો આખું વિશ્વ કેનેડી, ક્લિન્ટન કે લિંકનને દુર્જન માણસ ’ને દુષ્ટ નેતા તરીકે જ જાણતું હોત. ત્યાં કોર્ટમાં, સંસદમાં ’ને લોકો વચ્ચે અમેરિકાના તમામ ઇસ્યૂ બાજુમાં મૂકીને ટ્રમ્પ હટાવોના એક મુદ્દાથી ચાલનારા કટ્ટર ઉદારમતવાદીઓ અત્યારે કોરોના ’ને તોફાનોથી ગેલમાં આવી ગયા છે. ભારતમાં ત્રણસો સિત્તેર નાબૂદી વખતે અચેતન થઈ ગયેલા જેમ શાહીનબાગ વખતે માસિકમાં આવેલી જંગલવાસી હાથણની જેમ ઉન્મત થયેલાં તેમ. જેમ ભારતમાં મોદી પીએમ બન્યા તે પાછળ વર્ષો ’ને ઘણા કારણો જવાબદાર છે તેમ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા તેની પાછળ પણ ઘણા કારણો જવાબદાર છે. આપણે સરખામણી નથી કરવી, પણ બેમાંથી એક પણ ધક્કામુક્કી કરીને સીટ પર નથી બેસી ગયા એ હકીકત છે.

ટ્રમ્પે અમેરિકાના તમામ પ્રકારના લોકોમાં એક પ્રશ્ન ઊભો કરેલો- શું અમેરિકા મહાન છે એવી વર્ષોથી ચાલતી વાત બોગસ છે કે પછી વાતમાં તથ્ય બચ્યું છે એટલે હવે આપણે સુધારા કરવાની આવશ્યકતા છે? અમેરિકાના સુઘડ ’ને શિષ્ટાચારથી ભરેલા રાજકીય પ્રચારના પરંપરાગત માહોલમાં ટ્રમ્પે છેદ પાડીને પ્રજાને પોતાનામાં છૂપાયેલા કે દબાયેલા ભાવ બહાર કાઢવાનો સહજ મોકો આપેલો. કોઈની દબાયેલી આશા તો કોઈની છૂપાયેલી નિરાશાને ટ્રમ્પે ખભો આપેલો. એમણે અમેરિકનોને એ માનસિક સ્થિતિ આપેલી કે જેમાં મોટા ભાગના અમેરિકન ઉત્તેજિત થયેલા, અમુક વર્ગ ઉન્મત થયેલો. ટ્રમ્પને પ્રમુખ તરીકે ચૂંટણીમાં ઝંપલાવતા જોયો એ પહેલાં અમેરિકનોનો જાતે બનાવેલો ‘હું અમેરિકન એટલે બધાંથી અનન્ય’ એવો અહંકાર ઓગળવા માંડેલો. અમેરિકા દુનિયામાં જે સ્થાને છે તેનાથી તમને સંતોષ છે? એવા સવાલના જવાબમાં એ પહેલાંના વર્ષોમાં નોંધપાત્ર અમેરિકનોએ ઉત્તરોઉત્તર વધુ અસંતોષ પ્રગટ કરેલો. ટ્રમ્પ આવ્યા ’ને

**મેના પ્રારંભમાં અમેરિકામાં થયેલા સરવે અનુસાર ટ્રમ્પના કોરોના સામે લડવાના કામથી અર્ધી વસ્તી ખુશ હતી. ઇકોનોમિની રીતે અમેરિકા પડી ના ભાંગ્યું ’ને ચીનની જોહુકમી સામે ના ઝૂક્યું**

એ માંદા પડેલા ઈગોમાં અગાઉ કરતાં નવી એવી ચેતના આવી.

૨૦૧૩માં અમેરિકાની છવીસ વર્ષની સામાજિક કાર્યકર કાયલા મુલરનું આતંકવાદી ગ્રૂપ આઈસીસ અપહરણ કરે છે 'ને એ પછી અઢાર મહિના તેને બંદી બનાવી અંતે મારી નાખે છે. દેખાવડી 'ને જુવાન મુલર સાથે શું, શું 'ને શું થયું હશે એ કલ્પના અમેરિકનો કરી શકતા હતા. મુલર હિઝાબ પ્રકારનું કપડું પહેરીને આતંકવાદીઓના કેમેરા સામે કશું પણ કહે એ અમેરિકનોને હચમચાવવા પૂરતું હતું. ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૪ દરમિયાન રશિયાએ પૂર્વી યુરોપનો ક્રાઈમિઆ નામનો નાનો પણ એક આખો દેશ હડપ કરી લીધો અને પોતાનું ૮૪મું ઘટક બનાવ્યું તથા સેવસ્તોપોલ શહેરને ૮૫મું ઘટક બનાવ્યું. ત્યારે આપણે ત્યાં મનમોહનજી 'ને કોંગ્રેસ સત્તા બચાવવામાં વ્યસ્ત હતા 'ને આપણે તો આપણું બચેલું કાશ્મીર સાચવી શકતા નહોતા એટલે એ મુદ્દે આપણે શું જાણીએ 'ને શું ફિલ કરીએ? આમે રશિયા મૂળે સામ્યવાદી એટલે ભારતીય લિબરલો તો સલામ જ કરે, પણ અમેરિકન પ્રજાનો અહંકાર ઘણો ઘવાયેલો. પાછું રશિયાએ જુલાઈ ૨૦૧૪માં ૨૯૮ મુસાફર સાથે મલેશિયન ઍરલાઈન્સનું પ્લેન તોડી પાડેલું, ત્યારે પણ બહુમતી અમેરિકનોનું 'અંકલ સામ' પ્રકારનું સ્વમાન ભારે ઘવાયેલું. વળી ૯-૧૧ એમ કોઈ અમેરિકન ભૂલી ના ગયા હોય.

શું ધોળા પોલીસ દ્વારા કાળા નાગરિકની હત્યા નવી બાબત છે? જુલાઈ સત્તર, ૨૦૧૪. ૪૩ વર્ષનો એરિક ગાર્નર ચાલતો સ્ટેટન ટાપુમાં કશે જઈ રહ્યો હતો. ન્યૂ યૉર્ક પોલીસે તેને રોક્યો. અગાઉ પોલીસે એરિકને ગેરકાયદે સિગારેટ વેચવા માટે પકડેલો હતો. આ વખતે એ જૂના બનાવને કારણે પોલીસ સીધી જ એરિક સાથે ઉગ્રતાથી પેશ આવવા લાગી. મગજમારી દરમિયાન અન્ય પોલીસ ઓફિસર બીજેથી આવીને ત્યાં ભેગા થયા. ડેનિયલ નામના ઓફિસરે આવેશમાં આવીને એરિકની ગળચી બે હાથે દબોચી 'ને દબોચી




જ રાખી. ન્યૂ યૉર્કમાં એવું કરવું પોલીસ માટે ગેરકાયદેસર ગણાય છે. અંતે એરિક મૃત્યુ પામ્યો. જોગાનુજોગ એ સમયે એરિકના એક મિત્રએ એ સમગ્ર બનાવનો વીડિયો ઉતાર્યો હતો જે નેટ પર વાયરલ થયો. એરિક ગાર્નરના છેલ્લા શ્વાસ વખતના શબ્દો 'હું શ્વાસ નથી લઈ શકતો' લોકોના ભીતરમાં ઊતરી ગયા. એ શબ્દો 'બ્લેક લાઈવ્ઝ મેટર' આંદોલનનો ચિત્કાર બન્યા.

ઑગસ્ટ નવ, ૨૦૧૪. અઢાર વર્ષનો માઈકલ બ્રાઉન તેના દોસ્ત સાથે સેંટ લુઈના ફર્ગ્યુસનમાં ચાલતો જતો હતો. પોલીસે રોક્યા અને કીધું કે ફૂટપાથ પર ચાલો. પછી શું થયું કોને ખબર, પરંતુ ઝઘડો થયો. પોલીસ કારમાંથી જ ઓફિસર વિલ્સને ગોળીબાર કર્યા. બ્રાઉન ભાગ્યો, પણ છ ગોળીઓએ એને ત્યાંનો ત્યાં જ ઢાળી દીધો. ઑક્ટોબર વીસ, ૨૦૧૪. શિકાગોના પોલીસ અધિકારી જેસન રાતે દસ વાગે એક શેરી મધ્યે સત્તર વર્ષના મેકડોનાલ્ડને સોળ વાર ગોળીઓ મારે છે. પોલીસે કહ્યું કે મેકડોનાલ્ડ પાસે છરી હતી 'ને એ હુમલો કરે એવું લાગ્યું હતું. એક વર્ષ સુધી આ ઘટનાનો વીડિયો બહાર લાવવા ઘણાએ કવાયત કરેલી. તેર મહિના પછી કોર્ટે વીડિયો રિલીઝ કરવા કીધું. વીડિયોમાં અમેરિકાએ જોયું કે મેકડોનાલ્ડ પાસે છરી હતી, પણ એ પોલીસથી દૂર શાંતિથી ચાલ્યો જતો હતો ત્યારે પંદર સેકંડમાં તેના પર સોળ વાર ગોળીઓ છોડવામાં આવેલી.

**અમેરિકાના સુઘડ 'ને શિષ્ટાચારથી ભરેલા રાજકીય પ્રચારના પરંપરાગત માહોલમાં ટ્રમ્પે છેદ પાડીને પ્રજાને પોતાનામાં છૂપાયેલા કે દબાયેલા ભાવ બહાર કાઢવાનો સહજ મોકો આપેલો**


નવેમ્બર બાવીસ, ૨૦૧૪. બાર વર્ષનો તમિર રાઈસ ક્લિવલેન્ડના પાર્કમાં રમતો હતો. પોલીસ કાર આવી. કારમાંથી નીકળીને બે જ સેકન્ડમાં ઓફિસર લેહમેને એ બાળકને ગોળીએ દીધો. રાઈસ હોસ્પિટલમાં મૃત્યુ પામે છે. વૉલ્ટર સ્કોટ એપ્રિલ ૪, ૨૦૧૫. ફ્રેડી ગ્રે એપ્રિલ ૧૯, ૨૦૧૫. ડેરીયન હન્ટ સપ્ટેમ્બર ૧૦, ૨૦૧૪. જમાર ક્લાર્ક નવેમ્બર ૧૫, ૨૦૧૫. એરિક હેરિસ ૪૪ વર્ષ, ટુલ્સા ઓકલાહોમા. ફ્રેમેન બ્રિસ્બન ૩૪ વર્ષ, ફિનિક્સ એરિઝોના. એઝેલ ફોર્ડ ૨૫ વર્ષ, લોસ એન્જલસ. મિલવોકી, વિસકોન્સીનના હેમિલ્ટન પર ચૌદ વાર ફાયર કરવામાં આવેલ. ટ્રમ્પે ઉમેદવારી નોંધાવી એ પહેલાં અમેરિકાના ખૂણેખૂણામાં કાળાઓને પોલીસે કોઈ ને કોઈ ઓઠા હેઠળ કે કારણથી ગોળીઓ મારેલી, ત્યારે કાળાઓમાં ધોળાઓ પ્રત્યે તીવ્ર અસંતોષ વ્યાપી ગયો હતો. કાળાઓ ધોળાઓથી ખૂબ નારાજ થયા હતા. કાળાઓને લિબરલ ધોળાઓની વાત 'ને વ્યવસ્થામાં કોઈ જ ભરોસો નહોતો રહ્યો.

બે હજાર નવથી લઈને છેક ટ્રમ્પ બજારમાં આવ્યો ત્યાં સુધીમાં અમેરિકાના રાષ્ટ્રપતિપદ પરથી અમેરિકનોનો વિશ્વાસ વીસ પોઈન્ટ નીચે ઊતરી ગયેલો. કોર્ટ તથા સંસદ પર પણ લોકોનો વિશ્વાસ સાવ ઘટી ગયેલો. પોલીસ પર તો સોમાંથી સાવ ત્રેપન પોઈન્ટ સુધી જ વિશ્વાસ રહેલો. એવું નહોતું કે અમેરિકાની ઈકોનોમી ખાડે જતી હતી કે નબળી પડતી



હતી. લોકોને અમેરિકાની ત્યારની પ્રવર્તમાન ઈકોનોમી પર વિશ્વાસ હતો, પણ ભવિષ્યના અર્થતંત્ર પર વિશ્વાસ નહોતો. અમેરિકાના લોકો ટ્રમ્પ ઉમેદવાર બનવા બહાર આવ્યા ત્યાં સુધી અમેરિકાના રાજકારણીઓ પરથી વિશ્વાસ ખોઈ ચૂકેલા. ટ્રમ્પ પ્રેસિડન્ટ બન્યા એ પછી જે લિબરલ ડૂંટીડાહ્યા થઈને માર્કેટમાં મહાન કે માસ્ટર સાબિત થવા નીકળ્યા છે એ બધાં લોકોની નજરમાં ત્યારે ઊતરી ગયેલા. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં યુદ્ધો લડીને અંતે અમેરિકાનું મહત્ત્વ ઘટ્યું એ દુઃખ અમેરિકનોમાં કોમન હતું. કાળા 'ને ધોળા વચ્ચેનું દેખીતું ભારે અસરકારક અંતર અમેરિકન ભીતરની સમસ્યા હતી. કાળા તેમ જ ધોળા અમેરિકનોને ભવિષ્યની પેઢી 'અમેરિકન ડ્રીમ' નહીં જીવી શકે એ દ્રઢ શંકા હતી.

પોતાની હાર થાય એ પછી જો માણસે ફરી લડવું અને જીતવું હોય તો એ પોતાની હારમાંથી શીખે. હારમાંથી શીખવા માટે માણસ પ્રતિસ્પર્ધી કેવી રીતે જીત્યો એ શોધે. લિબરલ ગેંગ ટ્રમ્પને શાંતિથી રાજ ના કરવા દેવા વત્તા ટ્રમ્પને કોઈ પણ રીતે અમુક મહત્ત્વના સારા 'ને સાચા કામ ના કરવા દેવા કટિબદ્ધ હતી. કહેવાતાં લિબરલ્સ સમજતા હતા કે ટ્રમ્પને એવું કશું જ કામ ના કરવા દેવાય જેથી એ ફરી ચૂંટાય અને ભવિષ્યમાં ક્યારે પણ લિબરલ્સ સત્તા પર આવે તો એમને રાજ કરવામાં તકલીફ પડે. અમેરિકામાં લિબરલ સંગઠનો એક થઈને ટ્રમ્પને પરાસ્ત કરવા સતત લડ્યા, હજુ લડે છે. એમણે અમેરિકા કે અમેરિકનોના હિતમાં ટ્રમ્પ કાળમાં કોઈ વિશેષ લડાઈ ના કરી. આખરે એમણે ટ્રમ્પને જીતવા માટે જે કારણ મહત્ત્વના લાગ્યા તે જ પોતે વાપરવા પર ઊતરી આવવું પડ્યું. આંતરરાષ્ટ્રીય રીતે અમેરિકા હાલમાં ચીનને કારણે તકલીફમાં છે. કોરોનાના કારણે ભવિષ્યમાં અર્થતંત્રનું શું થશે એ અમેરિકનોને શંકા છે. એવામાં જ્યોર્જ ફ્લોઇડની દુર્ઘટના ઘટી. પછી કાળા 'ને ધોળા વચ્ચે જે કાળું ધોળું તણખલું સળગ્યું 'ને એમણે ભડકો કર્યો એ જાણે એમના માટે દીવો પ્રગટ્યો.



આજે કાળાં કપડાં પહેરીને ધોળાઓ એન્ટિફા નામની જૂની મૂવમેન્ટ મોટા પાયે ચલાવી ટ્રમ્પને કાઢવાના નામે પોતાની સત્તા સ્થાપવા ભુરાયાં થયાં છે. અમેરિકાના કાળા 'ને ધોળાની મગજમારી વચ્ચે ઇઝરાયલનો નાશ થાય એવાં સૂત્રો? કાળા ધોળા વચ્ચે કાળું ધોળું કરતાં હજુ અમુક તત્ત્વો કહે છે, પેલેસ્ટાઈન આપો. અલ્યા, પેલેસ્ટાઈન મળે વર્ષો થયા 'ને યાસર આરાફતને નોબેલ શાંતિનો પુરસ્કાર પણ મળેલો. ઍન્ટિ ફાસિસ્ટ આંદોલન સ્વયં કટ્ટરવાદી 'ને ઉદ્દામવાદી છે. આ એવું રહસ્યમયી આંદોલન છે કે જેના સભ્યો કોણ છે 'ને કોણ નથી એ કેવળ જાસૂસી સંસ્થા મહેનત કરે તો જ બહાર આવે એમ છે. કહેવા માટે એ સંસ્થા સ્થાપિત હિતો વિરુદ્ધ કામ કરે છે, પણ હોય છે સ્થાપિત સંસ્થાઓ જોડે. આપણે ત્યાં વર્ષો સામ્યવાદી પક્ષે રાજ કર્યું હોય એ બંગાળમાં સામ્યવાદીઓ આંદોલન કરીને એમ કહે કે અમે સ્થાપિત હિતો સામે લડીએ છીએ એવું. અંતે બંધ મિલના ધૂળ 'ને ઢેફા ભરેલા ભૂંગળા બચે. કોંગ્રેસના વર્ષોના રાજ દરમિયાન સરકારી પૈસાથી પોષાતી કોંગ્રેસ તરફીઓ સંસ્થા

એમ કહે કે અમે સ્થાપિતો સામે લડીએ છીએ એવું.

એન્ટિફા ભારત એવમ ભારતીય રાજકારણ પરત્વે શું મનશા કે મનસૂબા ધરાવે છે? કટ્ટર તેમ જ હિંસક સામ્યવાદીઓ માટેનું આર્ટિસ્ટિક ’ને ફિલોસોફિકલ નામ એટલે એન્ટિફા. ભારતમાં પૂર્વી રાજ્યોમાં વર્ષોથી કોંગ્રેસ કે કોંગ્રેસના સાથીદાર કે સામ્યવાદી સરકારો રહી છે. ત્યાં અને દક્ષિણમાં પણ જ્યાં ભાજપની સરકાર નથી રહી ત્યાં નક્સલવાદ મોટો થયો. નક્સલવાદ હિંસા વગર ડગલું નથી માંડતો. બોમથી ભારત ’ને બહુમતી હિન્દુઓને નુકસાન પહોંચાડવા મથતા નક્સલવાદીઓ ’ને તેમને ટેકો આપનારા તથા એન્ટિફા વચ્ચે સીધા ’ને સારા સંબંધ છે. એક તરફ મનમોહનસિંહ જેવા અર્થશાસ્ત્રીઓની મૂડીવાદી વૈશ્વિક આર્થિક નીતિનો લાભ એ લોકો લેતાં રહ્યા ’ને બીજી બાજુ આજના જમાનામાં ગેરીલા-વૉરની કડક તરફેણ કરતા રહ્યા. મનમાં હિંસા હોય એ મગજ કેવા તર્ક ’ને કેવી નાસ્તિકતા વાપરે? અને નાસ્તિકતા પણ કેવી? બસ પ્રતિહિન્દુપણુ હોવું એટલી. નામ અટક હિન્દુ હોય ’ને અંતિમ સ્થાન કબર હોય એવું.

કાશ્મીર સંબંધિત ત્રણસો સિત્તેરની કલમ હટાવવાનું ભગીરથ કામ કરી ચૂંટણી વખતનું વચન પૂરું કરી મોદી એન્ડ ટીમ દ્વારા જે કામ સફળતાથી પાર પડ્યું તેમાં અમેરિકા વાંકી ચાલ ના ચાલ્યું તેનું મુખ્ય કારણ ટ્રમ્પ છે એ આપણે ના ભૂલવું જોઈએ. બેશક આતંકવાદી તરફી કે પાકિસ્તાન તરફીના પેટમાં ઊકળતું તેલ રેડાયું હોય ’ને એ દુઃખી થયા હોય એવું બન્યું. વિશ્વના મુસ્લિમોએ પણ સમજવું હોય તો સમજી શકે છે કે અમેરિકાની વર્ષો જૂની યુદ્ધની ચાલ ટ્રમ્પને કારણે થોભી છે, ટ્રમ્પના સ્થાને કોઈ કહેવાતું લિબરલ સત્તા પર હોત તો એક કે બીજા સુંદર કારણ હેઠળ આટલાં વર્ષો ક્યાંક યુદ્ધ ચાલતું હોત ’ને તેમાં મુખ્યત્વે મુસ્લિમ માણસો મૃત્યુ પામતા હોત. જો કોઈ એવું માનતું હોય કે ચીનના સરમુખત્યાર જિનપિંગ સામે કે રશિયાના બોસ પુતિન




સામે અમેરિકાનો કોઈ સ્વીટ એન્ડ સિમ્પલ વાતો કરતો શાહુકાર ટકી શકે છે તો સમજવું કે એ માન્યતા ધારણ કરનાર મૂર્ખ છે કે પછી અમેરિકાનું અહિત ઇચ્છે છે અને અમેરિકા નબળું પડે ત્યારે અમેરિકા વિરોધી ચીન, રશિયા કે ઇસ્લામિક દેશો દુનિયાનું સારું કરે એવું મૂર્ખ સિવાય ફક્ત દુર્જનોને જ લાગે છે.

લિબરલોના મહોરા દેશ બદલાય એમ બદલાય. ત્યાં ટ્રમ્પ કોરોના સામે લૉકડાઉન વગર લડવા મથતા હતા ત્યારે કહે કે આમને ઇકોનોમીની ચિંતા છે, કોરોનાની નથી. અહીં મોદી લૉકડાઉન નાખે તો કહે કે આમને ઇકોનોમીની ચિંતા નથી. ન્યૂ યૉર્ક બાજુ કોરોના વકર્યો તેની પાછળ વસ્તીની ગીચતા ’ને ભાગાદોડીની જિંદગી સિવાય મુખ્ય કારણ હતું ત્યાં કૉલેજ-યુનિવર્સિટીમાં પડેલું વૅકેશન. ત્યાં યુવાનોએ હરવાફરવા, મેળવડા ’ને પાર્ટીઝનું પ્લાનિંગ કરી દીધેલું. જે યુવાનો કુટુંબીઓનું ના સાંભળે એમણે લિબરલ મીડિયાનો લિબરલ ડેટા સાચો માન્યો કે યુવાનોને કોરોના થવાની શક્યતા ઓછી ’ને થાય તો યુવાનો મૃત્યુ પામે એ શક્યતા સાવ ઓછી. આ સ્થિતિ ’ને ઘટના સ્પષ્ટ હોવા છતાં બુદ્ધિના ખચ્ચર જેવા અમુક પત્રકાર કે લેખકો ન્યૂ યૉર્ક સહિત અમેરિકામાં કોરોનાના પ્રસાર પાછળ ટ્રમ્પની આર્થિક નીતિનો વાંક કાઢતા રહ્યા. અમેરિકામાં કોઈ મૂર્ખ પ્રજાને મોઢે મૂર્ખ કહે એવું નથી એટલે પ્રજા નામની બિલાડીના ગળામાં સાચું બોલનારા પણ ઘંટ નહોતા બાંધતા. આ તો એક ઉદાહરણ હતું.

કોરોના આવ્યો પછી ભારતમાં કહેવાતાં લિબરલ માણસોના ફેસબુક સ્ટેટસ, ટ્વિટ ’ને વૉટ્સઍપ મેસેજિઝ જુઓ, મહેનત કરીને બે મહિના પાછળ જઈને જોવાય તો જુઓ. અપવાદ સિવાય સાવ સ્પષ્ટ દેખાય કે એમને માણસો કે ભારતીયોની ચિંતા નથી, એમને ચિંતા ફક્ત એક જ કે અમારી સત્તાનું શું? અમેરિકાના ઇતિહાસના મૂળમાં કાળા ’ને ધોળા વચ્ચે ગ્રાન્ડ કેન્યન જેવી મોટી ફાટ ખીણ દેખાય છે, પણ અહીં ભારતના લિબરલ આપણને કાયમ કહેતાં રહ્યા કે ‘ત્યાં’ જેવું સારું ’ને સાચું કશે નહીં. કહેતાં કે અમેરિકા એટલે સમાનતા ’ને સ્વતંત્રતા. પાછા લોકોને ચક્રમ જાણીને કહેશે કે છેલ્લાં અમુક વર્ષથી જ આ કાળા ધોળાનું ચાલે છે. વાસ્તવમાં અમેરિકામાં વંશવાદ હતો ’ને છે. આ લિબરલ લોકોના મતે ડ્રગ્સનો વેપાર કોઈ મોટી સમસ્યા નથી. એમને આતંકવાદીઓથી કોઈ તકલીફ નથી. અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસનારા સામે પગલાં લો એ એમને ના ગમે. અમેરિકામાં ગમે ત્યાં ગમે તે બંદૂક લઈને ગોળીબારો કરી આમ નિર્દોષ પ્રજાને મારી નાખે તેનો એમને વાંધો નથી.

અત્યાર સુધી તમારા ઓળખીતા કે કુટુંબી અમેરિકામાં રહેતાં હશે તો તમે મોટે ભાગે એમના તરફથી એવું સાંભળ્યું હશે કે ના રે ના, અમારે ત્યાં તો એવું કાળા-ધોળા

**ન્યૂ યૉર્ક બાજુ કોરોના વકર્યો તેની પાછળ વસ્તીની ગીચતા ’ને ભાગાદોડીની જિંદગી સિવાય મુખ્ય કારણ હતું ત્યાં કૉલેજ-યુનિવર્સિટીમાં પડેલું વૅકેશન**

જેવું ખાસ કશું નહીં. આ જો અમે વર્ષોથી રહીએ છીએ, અમને ગણીને એકાદ એવો કોઈ ખરાબ અનુભવ થયો હોય તોય અમને યાદ નથી. બાકી ગામ હોય ત્યાં ઉકરડો હોય, અમારે ત્યાં બધાં સારા જ છે એમ અમે નથી કહેતાં. અહીં અપવાદ રૂપે રેસિઝમ વાળા હોય. બાકી અમારે ત્યાં રેસિઝમ જેવું કશું નથી. અલબત્ત, અત્યારે એ લોકો થોડા અલગ સ્ટેટમેન્ટ આપશે અને જ્યારે કાળા-ધોળા વિવાદના કાળા-ધોળા આટોપાઈ જશે ત્યારે ફરી એ લોકો આપણા લિબરલની જેમ કહેશે કે એ તો એક સમય એવો આવી ગયો. ટ્રમ્પને લીધે થોડું એવું થયેલું. બાકી અમેરિકામાં કોઈ રેસિઝમ નથી. ઓલ આર ઈક્વલ. અમેરિકામાં ભારત જેવા ભેદભાવ ના મળે.

પ્રશ્ન એ છે કે હિંસક તોફાનોથી વંશવાદ જાય? ઓબામા નામનો કાળો પ્રમુખ આટલાં વર્ષો રહ્યો પછી આવું કરવાની જરૂર કેમ પડે છે એ વિચારવાનું હોય. કોરોનામાં લાખ ઉપર મરી ગયા ત્યારે સાધારણ અવામનો આવો કાળો ઉપયોગ કરતાં કાળા કે ધોળાને શરમ આવવી જોઈએ. અમેરિકામાં ઘણા કોવિડ સેન્ટર આ તોફાનોને કારણે બંધ થયાં છે જેથી ઘણાના જીવ જોખમમાં મૂકાયા છે જેમાં કાળાઓ પણ હોય. માનવતા સમજતા હોય માનવતા ચાહતા હોય એ અમાનવીય તોફાનો ના કરે. માનવીય રીતે કડક વિરોધ કરવો એ અલગ વાત છે. ગાંડા ભિખારીઓની જેમ પેનિક શોપિંગ કરેલું અને ત્યારે અમાનવીય વર્તનો થયેલા એ કોરોનાના ટેન્શન કે ફિયરમાં થયું હશે, પણ હવે સુપર સ્ટોરમાં લૂંટ? હે લિબરલો, તોફાન કરનારને માનવીનું પ્રમાણપત્ર આપવાની રાજનીતિ છોડો. લાખો લોકો રોડ પર નીકળીને તોફાન કરે એટલે એ સાચા હેતુથી કરે છે એમ સાબિત ના જ થાય.

ટ્રમ્પ સત્તામાં આવ્યા એ પહેલાં ધોળાઓના હાથે સળંગ 'ને સંખ્યાબંધ કાળાઓનાં મૃત્યુ બાદ દેખાવો 'ને આંદોલન થયેલાં, પરંતુ આજના જેવાં ભાંગફોડિયાં 'ને કટ્ટરવાદી નહીં. દેખીતી રીતે હાલમાં પ્રોટેસ્ટ કરતાં રાયોટ વધુ ચાલી રહ્યા છે. કેમ કે ટ્રમ્પ પહેલાં સરકાર 'ને મીડિયા લિબરલોના હાથમાં રમતાં રમકડાં સમાન હતાં. ટ્રમ્પ

પ્રશ્ન એ છે કે હિંસક તોફાનોથી વંશવાદ જાય? ઓબામા નામનો કાળો પ્રમુખ આટલાં વર્ષો રહ્યો પછી આવું કરવાની જરૂર કેમ પડે છે એ વિચારવાનું હોય

પહેલાં વિરોધ કરે તોય આખરે લિબરલોએ પોતાનો જ વિરોધ કરવો પડે એમ હતું 'ને ત્યારે સત્તા મેળવવાની બાકી નહોતી. ભેદભાવ એ મૂળે મુદ્દો સમાજનો છે, સરકારનો નહીં એ આપણે ભૂલવું ના જોઈએ. કાળાઓએ કટ્ટર ધોળાઓથી ખૂબ દુ:ખ સહન કર્યું છે 'ને કરે છે. છતાં બે ચીજ ભૂલાય ના. એક તો કાળાઓનું તુષ્ટિકરણ અમેરિકા તથા માનવજાતના હિતમાં નથી અને બીજું કે કાળાઓ જે રંગભેદ કરે છે તે પણ નોંધપાત્ર હોય છે.

અમેરિકામાં વસતા ભારતીય કે એશિયન સાથે પણ કાળાઓ ભેદ કરે છે એ હકીકત છે. જેટલા ભારતીય ગોળી ખાઈને મર્યા છે એમાં બહુમતી ગોળી કાળાઓ તરફથી આવેલી હોય છે. કાળાઓને અમેરિકન સરકાર અબજોની મદદ કરે છે. લાખો કાળાઓ વર્ષોથી પડ્યાપડ્યા ખાય છે. લાખો કાળાઓ બચપણથી કુટુંબ, સગા 'ને મિત્રોને અનુસરી પોતાની ઈચ્છા મુજબ ગુનાખોરીમાં આવે છે 'ને રહે છે. કાળાઓમાં ડ્રગ્સનું ચલણ ખૂબ વ્યાપક છે. આ બધું સુધારવા માટે પહેલાં બગડેલું છે એ સત્ય સ્વીકારવું પડે. રણમાં તો બાવળ જ ઊગે એમ કરીને ચલાવ્યા કર્યું હોત તો આજે ઇઝરાયલ કે દુબઈમાં રણ જ હોત. મુદ્દો માનવતાનો જ હોવો જોઈએ, નહીં કે કાળા-ધોળાને અલગ ગણીને અલગ રાખવાનો. ધ્યેય માનવસમાજની પ્રગતિનો હોવો જોઈએ.



ભારતના કહેવાતાં લિબરલો ખૂબ ઉસ્તાદ યાને કપટી છે. તેમની એક ટોળી ગાંધીવાદને વાહવાહે તો બીજી ટોળી હિંસક પ્રકારના નક્સલવાદ, સામ્યવાદ 'ને આતંકવાદને માથે ઊંચકીને ફરે. ટ્રમ્પ આગામી ચૂંટણી લડે અને જીતે કે હારે, આપણને શું લાભાલાભ છે એ આપણે સમજવું પડે. ત્યાંની રાજનીતિના ખભે બેસીને ભારતમાં નવી ગંદકી થૂંકવામાં અમાનવતા 'ને પ્રતિભારતીયતા જ રહેલી છે. ઓબામા કાળા હતા. પૂરી ટર્મ શાંતિથી રાજ કર્યું, ત્યારે ભારતમાં મોદીની સરકાર નહોતી તોય ભારતને એમણે શું ભારા બંધાવી દીધા હતા? ભારતના લોકો ભોળા હશે, મૂર્ખ નથી. ભલે એમની અમેરિકાની રાજનીતિ અંગેની જાણકારી ઓછી હશે. ભારતના લોકોને વિદેશી સામ્યવાદી તાકાતથી ઉદારમતવાદ જેવા સુંદર શીર્ષક હેઠળ નચાવવાની વૃત્તિ અપને આપમાં સંકુચિતતાનો પુરાવો છે. ખેર, આમ તો ભારત પ્રત્યે પૂર્વગ્રંથિ રાખીને ભારતનું ભલું કરવાના મહોરા હેઠળ કાળાં ધોળાં કરવા નીકળેલાને ભારતની કથ્થાઈ પ્રજા હવે ઓળખી ગઈ છે.

**બુઝારો**

એન્ટિફાની ઍન્ટિ ફાસિસ્ટ હેન્ડબુકમાં માર્ક ગ્રે લખે છે કે ફાસીવાદનો વિરોધ લશ્કરી રાહે થાય એ જરૂરી છે, પણ જૂના વિશ્વના કોચલામાં નવું વિશ્વ નિર્માણ કરવા માટે એ પર્યાપ્ત નથી. બોલો, ફાસીવાદનો નાશ કરવા મિલિટન્ટ થવું યોગ્ય છે 'ને એ પછી 'નવું વિશ્વ' બનાવવા માટે એથી આગળ વધવું પડે? શંકાસ્પદ રહસ્ય તો એ હોય છે કે ફાસીવાદ કોને કહેવો 'ને ક્યારે ક્યાં ફાસીવાદીનો કેવી રીતે વિરોધ શરૂ કરવો તેમ જ બંધ કરવો એ ખૂબ દૂરની ઊંચાઈ પરથી અમુક હસ્તીઓ જ નક્કી કરતી હોય છે. ■

# સરહદ વિનાનો સ્વાતંત્ર્ય-જંગ?



અઢારસો સત્તાવનમાં જૂન મહિનામાં બળબળતા તાપમાં અને પછી ધોધમાર વરસાદમાં ગુજરાત કેવો વલોપાત અનુભવી રહ્યું હતું?

૧૬૭ વર્ષ પહેલાંનું એ દૃશ્ય આજે પણ કંપિત કરી મૂકે તેવું છે. અમદાવાદના લશ્કરી કન્ટેનમૅન્ટમાં સિપાહીઓને કતારબદ્ધ ઊભા રાખવામાં આવ્યા હતા. સામે તોપ અને ફાંસીનો માંચડો હતો. ગોરા અમલદારે હુકમ આપ્યો અને સેનામાં બગાવત કરનારા સાતમી મરાઠા રેજિમૅન્ટના વિપ્લવીઓને તોપના ગોળે ઊડાવી દેવાયા. તોપમાં દારૂગોળો ખૂટી પડ્યો એટલે બીજાને ફાંસીએ દેવાયા.

૧૪ સપ્ટેમ્બર, ૧૮૫૭નો એ દિવસ ગુજરાતમાં વિપ્લવનો યાદગાર ઘટના દિવસ હતો. આ બધાને પકડવા માટે કેપ્ટન ગ્રીમ્સ સક્રિય હતો. લશ્કરના આ સિપાહીઓની યોજના હતી કે વડોદરા સુધી પહોંચવું, વચ્ચેનાં ગામડાંઓને એકત્રિત કરવાં, હથિયાર બનાવવા, અંગ્રેજી છાવણીઓ પર આક્રમણ કરીને વેરવિખેર કરી નાખવી, એવુ થયું પણ ખરું. ગુજરાતી સ્વાતંત્ર્ય સેનાનીઓનાં થોડાંક નામો જાણવાં છે? સૂરજમલ ઠાકોર શેરસિંહ, ગરબડદાસ મુખી, સૈયદ મોહમ્મદઅલી, દયાશંકર મામલતદાર મુસ્તફાખાન, નાથાજી ઠાકોર, કાનદાસ ઠાકોર, સૂરજમલ, ગોવિંદરાવ ગાયકવાડ, બાપુ સાહેબ, મગનલાલ વણિક, નિહાલચંદ ઝવેરી, રામકૃષ્ણ ટોપે, રાવસાહિબ પેશવા, ગોપાળ અંતાજી અને જેમને પગમાં દંડાબેડી સાથે કાળાપાણીની સજા થઈ, તેનાં નામો આપણા ઈતિહાસમાં ક્યાંય ભણાવાય છે ખરાં? આ રહ્યાં આંદામાનના કાળકોટડીમાં સજા ભોગવતાં કોઈ દી' પાછા ન ફરેલા આ ગુજરાતી વિપ્લવીઓની યાદી (૧) ગોપાલકૃષ્ણ, (૨) શંભુ દોલત, (૩) મુરલીધર બાપુજી, (૪) મોતી ત્રિકમ, (૫) દાજી ભગવાન, (૬) પ્રાણશંકર હરિનારાયણ, (૭) નારાયણ લક્ષ્મીરામ વ્યાસ, (૮) ટોકરા સ્વામી. બીજા વિપ્લવીઓને ગુજરાતની જેલોમાં રાખવામાં આવ્યા. આવા ૩૦ વિપ્લવીઓ પર મુકદ્દમો ચાલ્યો હતો અને ૨૯ માર્ચ, ૧૮૬૫ના ચુકાદો આવ્યો હતો.

**દ્વારકાધીશ પર કેપ્ટન ડોનાવને સમુદ્રમાંથી તોપના ગોળા છોડવા માંડ્યા ત્યારે દ્વારિકા-ઓખાની વીર વાઘેરાણીઓએ ગાભા-ગોદડાં-ગાદલાં પલાળીને, તે ગોળા ઝીલ્યા હતા**

છે આમાંના કોઈની જીવંત યાદગીરી? કોઈ સ્મારક?

ઓખાના વાઘેર માણેકોને અંગ્રેજોએ અને કેટલાંક રજવાડાંઓએ 'ડાકુ' 'લૂટારા' અને 'બહારવટિયા' કહ્યા હતા, ખરેખર તો સીમિત સાધનો સાથે તેઓ અંગ્રેજો સામે લડવા નિકળ્યા અને ૧૮૫૭માં પણ ભાગ લીધો હતો તેની વિગતો ચુકાદામાં મળે છે. દ્વારકાધીશ પર કેપ્ટન ડોનાવને સમુદ્રમાંથી તોપના ગોળા છોડવા માંડ્યા ત્યારે દ્વારિકા-ઓખાની વીર વાઘેરાણીઓએ ગાભા-ગોદડાં-ગાદલાં પલાળીને, તે ગોળા ઝીલ્યા હતા. 'સ્ત્રી સશક્તિકરણ'નાં આ સાચુકલાં ઉદાહરણો હતાં!

મગનલાલ તો વણિક હતો, ઉમેઠી અને ભાદરવાના આગેવાનોની સાથે મસલત કરીને તેણે ભીલોને એકઠા કર્યા. હથિયાર અને ઘોડા આપ્યા. કડી તાલુકામાં ભારેલો અગ્નિ. પ્રતાપપુરામાં એકઠા થઈને ચોક તળાવ થઈને વડોદરા પહોંચવું એવી યોજના થઈ. વડોદરાથી અમદાવાદની આખી પટ્ટી 'સ્વાધીન' થઈ જાય તેવા પ્રયાસો હતા.

છોટા ઉદેપુર થઈને ગુજરાતમાં પ્રવેશેલા તાત્યા ટોપેની સરદારી નીચે મહી કાંઠા અને પંચમહાલમાં વ્યૂહરચના તૈયાર હતી.

મગનલાલ ભુખણદાસ, ગરબડદાસ મુખી, દ્વારકાદાસ શરાફ, જેઠાલાલ માધવજી, જીવાભાઈ ઠાકોર, મૂળજી જોશી, કૃષ્ણરામ દવે, આહજી પગી, બાપુજી પટેલ-મૂળજી જોશી... આણંદ અને મધ્ય-ઉત્તર ગુજરાતના આ ૧૮૫૭ના શહીદો હતા અને સારસા નજીક મહી કાંઠે 'ફાંસિયા વડ' પર અઢીસો ગ્રામજનોને માત્ર એટલા માટે ફાંસીએ લટકાવી દેવાયા, કેમ કે તે બધા તાત્યા ટોપેને મદદ કરી રહ્યા હતા.

૧૦૦ ગામડાં ભસ્મીભૂત. ૨૦૦થી વધુ જગ્યાએ વિપ્લવ. ૧૦૦૦૦ લોકોની આહુતિ.

બારિયા, કોળી, ભીલ, નાયકા, ઠાકર, પટેલ, વાઘેર, સંધિ, પઠાણ, ક્ષત્રિય, બ્રાહ્મણ આ સમુદાયોએ હથિયાર ઉઠાવ્યાં અને મર્યા.

ગુજરાત અને ૧૮૫૭ની આ રક્તરંજિત કહાણી છે.

(રાષ્ટ્રીય ઈતિહાસ સંકલન સમિતિ સમક્ષ આપેલાં વક્તવ્યનો સંક્ષેપ) ■

# શી ઝિનપિંગની મહેચ્છાઓ અમેરિકા સર કરવાની છે : સેનાની તાસીર બદલી નાખી છે

**હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ચીન મુશ્કેલીમાં છે. અમેરિકા અને ગોરા વિશ્વ સાથે ફાવતું નથી. એમની સાથે ધંધો કર્યા વગર મોટું નુકસાન છે. ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા ત્યારથી ચીનને નવા નવા પાઠો ભણાવી રહ્યા છે. અમેરિકામાં આયાત થતાં ચીની માલસામાન પર જકાતો વધારી દીધી. હ્યુઆવેઈ જેવી તોતિંગ ચીની (સરકારી) કંપની પર અમેરિકામાં ધંધો કરવા પર પ્રતિબંધ મૂક્યો. તે કોરસમાં કેનેડા અને યુરોપ પણ જોડાયા.**



ચીનને હમણા હાથે કર્યા હૈયે વાગી રહ્યા છે. કોરોના વાઈરસ બાબતમાં દુનિયાનો ફિટકાર સહન કરી રહેલા ચીનને પોતાની તાકાતનું પ્રદર્શન કરવાનું અનિવાર્ય જણાયું. પડોશમાં ભારત છે. દૂર જવું પડે તેમ નથી. જવાય તેમ પણ નથી. અમેરિકા ખોખરું કરી નાખે. વરસોથી એની જે અટકચાળા કરવાની પ્રવૃત્તિ રહી છે તે આ વખતે લદ્દાખની સરહદ પર અમલમાં મૂકી. ભારતની સરહદે ધોલધપાટ કરીને ચીન દુનિયાને સંદેશ આપે છે કે એશિયામાં અને વિશ્વમાં ચીનની દાદાગીરી જ ચાલશે.

વરસ ૧૯૬૭માં નાથુલા અને ચો લા સરહદ પર, વરસ ૨૦૧૩માં દૌલત બેગ ઓલ્ડી સેક્ટર, ૨૦૧૪માં ડેમચોક ખાતે, ૨૦૧૫માં ઉત્તર લદ્દાખમાં, ૨૦૧૭માં ડોકલામ ખાતે ચીનાઓ ભારતની સરહદમાં ઘૂસીને મહિનાઓ સુધી પડ્યા રહ્યા. દૌલત બેગ ઓલ્ડી અને ડોકલામ પેશકદમી ખૂબ લાંબા સમય સુધી ચાલી. દૌલત બેગ ખાતે તેઓ ભારતની સરહદમાં ૧૯ કિલોમીટર સુધી ઘૂસી ગયા હતા. ચીન દરેક વખતે પાછાં પગલાં ભરે તો પણ છેક જ્યાંથી આવ્યું હતું ત્યાં સુધી પાછું ના જાય. દર વખતે અમુક જમીન પચાવી પાડે. વરસ ૨૦૧૩માં બીબીસીના રિપોર્ટમાં આ હકીકતો સ્પષ્ટપણે જણાવવામાં આવી હતી.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ચીન મુશ્કેલીમાં છે. અમેરિકા અને ગોરા વિશ્વ સાથે ફાવતું નથી. એમની સાથે ધંધો કર્યા વગર મોટું નુકસાન છે. ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા ત્યારથી ચીનને નવા નવા પાઠો ભણાવી રહ્યા છે. અમેરિકામાં આયાત થતાં ચીની માલસામાન પર જકાતો વધારી દીધી. હ્યુઆવેઈ જેવી તોતિંગ ચીની (સરકારી) કંપની પર અમેરિકામાં ધંધો કરવા પર પ્રતિબંધ મૂક્યો. તે કોરસમાં કેનેડા અને યુરોપ પણ જોડાયા. વચ્ચે ઉત્તર કોરિયાના ગાંડા હાકેમ કિમ જોંગ ઉનને ઉશ્કેરીને અમેરિકાને સતાવવાની ચીને કોશિશો કરી. ચીન દક્ષિણ ચીની સમુદ્ર પર પોતાની એકહથ્થુ સત્તા સ્થાપવા માગે છે. આ સમુદ્રના કાંઠે તાઈવાન, જાપાન, દક્ષિણ કોરિયા, ફિલિપિન્સ, વિયેતનામ જેવા દેશો છે તેના પર આણ ફરકાવવા માગે છે. સમુદ્રમાં કેટલાક ટાપુઓ કબજે કરી નવાં બાંધકામો કર્યાં છે. અમેરિકાને આ મંજૂર નથી. ચીન કિમ જોંગ ઉનને મિસાઈલો અને અણુશસ્ત્રો બનાવવામાં મદદ કરે, દરવાજે બેસાડેલા કૂતરા જેવો કિમનો ઉપયોગ કરે એ તમામ બાબતોથી અમેરિકા ખફા છે. ચીનની ક્ષેત્રીય દાદાગીરીને અમેરિકા બર આવવા દેતું નથી. બંને દેશો વેપાર-ધંધામાં એકબીજા પર આધાર રાખે છે છતાં દુશ્મની બંનેના આત્માઓમાં ઊંડે ઘૂસી ગઈ છે. ખાસ કરીને ચીનના શંકાશીલ સામ્યવાદી આત્મામાં ખૂબ ઊંડે ઘૂસી છે. ચીન પાસે અમેરિકી ડૉલરનું વિશાળ ભંડોળ છે. જેઓ અર્થશાસ્ત્રને ગંભીર વિષય સમજતા નથી તેઓ માને છે કે ચીન આ ભંડોળ છૂટું કરીને અમેરિકાને આર્થિક રીતે પાયમાલ કરી શકે તેમ છે. આ સહેલું નથી. ચીન પોતે પણ તબાહ થઈ જાય. જેમ કોરોનાની બાબતમાં થયું છે. દુનિયાનું અર્થતંત્ર ત્રીસ વરસ પાછળ જાય તો ચીનનનું પણ જશે. કોરોનાના પ્રતાપે. કંઈક થવાની શક્યતાઓ ઘણી છે, તેનો અમલ દુર્લભ કિસ્સાઓમાં દુર્લભ ગાંડાઓ કરતા હોય છે.

હા, તો ચીનને અમેરિકા અને પશ્ચિમ સાથે સારા પણ રહેવું છે અને તેઓને

માર પણ મારવો છે. ભારત પણ એ જૂથ સાથે છે. પશ્ચિમની કંપનીઓનું મૂડી રોકાણ ચીનમાં ખૂબ મોટું છે. ચીને કોરોનાનું ઉત્પાદન કરી તેને ફેલાવ્યો જેથી દુનિયાની બીજી સત્તાઓ તૂટી પડે તેવી દઢ માન્યતા જગતભરમાં પ્રસરી છે. પશ્ચિમની કંપનીઓ ચીનમાં કામકાજો આટોપી લઈ ભારતમાં મૂડી રોકાણ કરવા માગે છે. બીજા કામના વિકલ્પ તરીકે ભારત વિકસી રહ્યો છે. ખુદ ભારતની પ્રજા પણ ચીની સામાનનો બહિષ્કાર કરી રહી છે. એ વાત અલગ છે કે ચીની કંપનીઓ અને ભારતમાં કામ કરતી અન્ય વિદેશી કંપનીઓ વચ્ચે ફરક ભારતીયો પાડી શકતા નથી. તે માટે અભ્યાસ જોઈએ, જે નથી. સોશિયલ મીડિયામાં ચીની કંપનીઓની યાદીઓ મૂકાઈ, જેમાંની અનેક ભારતીય હતી. ભારત દર વરસે ચીનમાંથી પાંચ લાખ કરોડ રૂપિયાના માલસામાનની આયાત કરે છે અને માત્ર સવા લાખ કરોડ રૂપિયાનો માલ ચીનને મોકલે છે. બંને દેશો વચ્ચેના વેપારમાં ચીન માટે ફાયદાકારક અને ભારત માટે હાનિકારક ખાઈ મોટી છે. આ અસમતુલા ચાલે નહીં. સારા કે નરસા કોઈ પણ દિવસોમાં દેશ માટે આ નુકસાનકારક છે, પરંતુ આ સ્થિતિ નુકસાનકારક છે તે ભારતીય પ્રજાને ત્યારે જ યાદ આવે છે જ્યારે ચીન સરહદ પર છમકલું કરે અથવા મસૂદ અઝહર અને હાફીઝ સૈયદની રક્ષા કરે. કંઈક બને અને દેશભક્તિ ફાટી નીકળે અને વળી પાછી ચીની ફટાકડાની માફક હવાઈ જાય. દેશભક્તિ અવળા પાટે ચડી ગઈ છે. પ્રદર્શનો ખૂબ છે, ધરતી પર દર્શનો થતાં નથી. દેશભક્તિ હોય તો કોઈક કલાકૌશલ્ય વિકસાવો. શિખો. કારખાનામાં કે કંપનીમાં બીજી પંચાત વગર દિવસના આઠ કલાક કામ કરો. દેશમાં બેરોજગારોની સંખ્યા દુનિયામાં ક્યાંય નથી એટલી છે, પણ તેમાં સ્વેચ્છાએ બેરોજગાર રહેતા લોકો, નવરા લોકોનો આંકડો નાનો સૂનો નથી. ચીનને મા'ત કરવું હોય તો કમ સે કમ ચીનાઓ જેવાં કામકાજનાં લક્ષણો અપનાવવાં પડે. દેશમાં એક વર્ગ એ સિદ્ધ કરવામાં મચ્યો રહે છે કે ગાયના ગોબર (મૂત્ર) વડે મોબાઈલની બેટરી ચાર્જ થાય છે, ખુદ મોબાઈલ ચાર્જ થાય છે. બીજો એક વર્ગ એવું સાબિત કરવા મથી રહ્યો છે કે ભેંસના છાણમૂત્રથી મોબાઈલ ચાર્જ થતો નથી. એક તરફ તમે નિર્મળ બાબાનો અને કૂવો ખોદીને સોનું શોધવાના સરકારી ઉપક્રમનો વિરોધ કરો છો. બીજી તરફ કોરોનાને ભગાવવા દીવા પેટાવવાનો અને થાળી વગાડવાનો આગ્રહ રાખો છો. દેશમાં કોઈ પૂછનારો વજનદાર અવાજ પણ રહ્યો નથી કે યે સબ ક્યા હો રહા હૈ?



ચીને વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે. તે આજે અમેરિકાને ટક્કર આપી રહ્યું છે. ભારતની નવરી પ્રજા પતંગ માંજા, ફટાકડા, રાખડીઓ કે ફર્નિચર પણ બનાવી શકતી નથી. દેવી-દેવતાઓની પ્લાસ્ટિકની મૂર્તિઓ ચીનથી મગાવે છે. ચીનનું જીવનધોરણ ભારતના પ્રમાણમાં ઊંચું છે. મજૂરી વધુ આપવી પડે. છતાં જો તેઓને પોસાય તો ભારતને શા માટે ના પોસાય? ચીને આ સપ્તાહમાં જ એક સૂચક જવાબ આપ્યો છે કે ચીનની ચીજવસ્તુઓ ભારતીય જનજીવનમાં ફેલાઈ ગઈ છે. હવે ભારતીયોને ચીનના સામાન વગર ચાલવાનું નથી. જુઓ કે ભારતીયોના એદીપણા પર ચીન કેટલું મુસ્તાક છે? લોકો ચીનના સેલફોન્સ, ચીની કંપનીઓ ટિક ટૉક, હેલ્લોના ઍપ્સ વાપરીને ચીની સામાનના બહિષ્કારના સંદેશાઓ મોકલે છે. આત્મનિર્ભર બનવું




કેટલું જરૂરી છે તે ઊંડાણપૂર્વક સમજાવે છે.

દુનિયાના જે દેશે પ્રગતિ કરી તેણે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં અનિવાર્યપણે પ્રગતિ હાંસલ કરવી પડી છે. ચીન કરતાં આપણે એક જ બાબતમાં હમણા આગળ નીકળી જવાના છીએ. જનસંખ્યા બાબતમાં. ચીનાઓ આધુનિક મશીનો વડે રાખડીઓ, પતંગો, ફટાકડા વગેરે બનાવે છે તેથી તેઓને સસ્તા પડે છે. ભારતે આત્મનિર્ભર બનવા માટે એ જ અભિગમ અપનાવવો પડશે. બીજો વિકલ્પ પણ છે. સરહદો બંધ કરી દેવી. ઘરઆંગણે નબળો માલ બનાવવો અને ન બને તો તેના વગર ચલાવી લેવું. ઘણાને યાદ હશે કે એચએમટીની સોનટ ઘડિયાળો માટે લાંબી કતારો લાગતી હતી. જાગતીકરણના જમાનામાં એકલા રહેશો તો અફઘાનિસ્તાન બની જશો. ચીનના વાઈરસનો જવાબ વિજ્ઞાન વડે જ આપી શકાશે. સરહદ પર અડિંગો જમાવીને ચીન કોઈ ચાલુ સરકારની આબરૂ ના બગાડે તે માટે વેપારના ક્ષેત્રમાં ચીનની મનમાની ચાલવા દીધી છે. વર્તમાન સરકાર કહે છે કે હવે અગાઉની સ્થિતિ નથી. રાજનાથ સિંહ અને ગૃહ મંત્રી અમિત શાહ કહે છે કે, સ્વમાનના ભોગે ચીન સાથે કોઈ સમાધાન નહીં થાય. રાહુલ ગાંધી કહે છે કે, સેંકડો ચોરસ કિલોમીટર વિસ્તાર ચીને પચાવી પાડ્યો છે. ગૂગલના સેટેલાઈટ્સ કહે છે કે, કોઈ પેશકદમી થઈ નથી.

લદ્દાખ સરહદ પરના પેગોન્ગ સરોવરની નજીક ચીને આટલાં વરસોમાં ક્યારેય દાવો કર્યો ન હતો, પણ એ તો એની મરજી. ક્યાંય પણથી ઘૂસે. આ ટેવનો હવે અસરકારક અંત લાવવો પણ જરૂરી છે. ઈજા બંને બાજુએ થઈ શકે છે. યુદ્ધ થાય તો ચીનને વધુ ખરાબ પરિણામો ભોગવવા પડે, કારણ કે તેની મહત્ત્વાકાંક્ષાઓ મોટી છે. સરહદની પેલે પાર આર્થિક પસારો ઘણો કર્યો છે, યુદ્ધકીય માળખાઓ બાંધ્યા છે. દુનિયામાં નંબર વન થવાની મહેચ્છા પાળી રાખી છે. તે તમામને ઈજા પહોંચે, એવું ઘણીવાર બને છે કે કોઈ સામાન્ય માણસ આખરે કંટાળીને ગામના દાદાને બે થપ્પડ લગાવી દે ત્યારે દાદાએ જ નુકસાન સહન કરવાનું રહે છે.

ચીનને પાઠ ભણાવવાનો પ્રથમ ઉપાય તો તેના માલસામાનનો બહિષ્કાર કરવાનો છે. અવશ્ય થવો જોઈએ. જાપાનની પ્રજા હોત તો ક્યારનોય બહિષ્કાર કરી દીધો હોત, પણ તે માટે મજબૂત થવું પડે. ઘરઆંગણે કસરત, વ્યાયામ અને રિયાઝ કરવા પડે. ભારત સરકાર ધારે છે કે ચીન પરની નિર્ભરતા ઘટાડી રૂપિયા એક લાખ કરોડની આયાત ઓછી કરવી. શું પ્રજા દેશ માટે ફટાકડા કે પતંગ વગર ચલાવી ના શકે? પથ્થરના દેવતાઓ ઓછા છે કે છબીઓની જરૂર પડે છે? યાદી ખૂબ લાંબી ચાલે તેમ છે. ચીન ભલે કોલર ટાઈટ રાખે કે ભારતના લોકો બહિષ્કાર કરે તો ચીનને કશો ફરક પડવાનો નથી. સામ્યવાદી મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સમાં ફૂંક મારતા અને બટકા ભરતાં લેખો ભારત માટે, સામાનના બહિષ્કાર વિષયે લખાય છે. જો અસર પડવાની ના હોય તો આટલું બધું દુ:ખ શા માટે લગાડે છે? પ્યાસ સબ કો લગતી હૈ, ગલા સબ કા સૂખતા હૈ! આજના માહોલમાં ચીનને ધોલધપાટ થઈ રહી છે ત્યારે ભારત તેમાં જોડાય તો ઈજા વધુ થાય. જો ચીનને ફરક જ ના પડતો હોય તો વુહાનના વાઈરસ બાબતે શ્વેતપત્ર તૈયાર કરી અમેરિકા અને યુરોપને સાચી કે ખોટી રીતે મનાવવાનો પ્રયત્ન ચીન શા માટે કરી રહ્યું છે? એક તરફ ચીન દુશ્મની રાખે છે, પણ સાથે એવી પણ દરકાર રાખે છે કે તેનાં માઠાં પરિણામો હમણાનાં અમુક વરસો સુધી ના આવવા જોઈએ. ચીનનું લક્ષ્યાંક છે દુનિયાની નંબર વન મહાસત્તા બનવાનું. તેની રૂપરેખા તેણે ઘડી કાઢી છે. ચીનની અસલી દાદાગીરી તો તે સ્થાન મેળવ્યા પછી શરૂ થશે. ત્યાં સુધી ફૂંફાડા મારશે, એકાદ લાત મારશે અને એકાદ સહન પણ કરશે! લાંબા ગાળાની દોડ માટે તૈયાર ચાલી રહી છે.

છેલ્લાં દસ વરસમાં ચીનની સેના અર્થાત પીપલ્સ લિબરેશન આર્મીને ચીનની સરકારે જોઈએ એટલાં શસ્ત્રો અને નાણા પૂરાં પાડ્યાં છે. વરસ ૨૦૦૯થી ૨૦૧૮ વચ્ચે ચીનના લશ્કરી ખર્ચમાં ૮૩ (ત્યાસી) ટકાનો વધારો થયો છે. કોઈ પણ મોટા દેશમાં આટલો માતબર વધારો આજ સુધી ક્યારેય થયો નથી. આ જંગી ખર્ચ વડે ચીન પશ્ચિમ પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાના આધિપત્યને પડકારવા સક્ષમ બની ગયું છે. ચીનની પૂર્વમાં અમેરિકા અને ચીન વચ્ચે માત્ર પેસિફિક મહાસાગર જ છે. જાપાનની થોડીઘણી હાજરી સિવાય બીજું કશું નથી અને જાપાન ચીનનું દુશ્મન અને અમેરિકાનું મિત્ર છે. પશ્ચિમ પેસિફિક, અર્થાત ચીનની પૂર્વ દિશામાં ચીને અત્યાધુનિક સચોટ નિશાન તાકતી મિસાઈલો અને ઉપગ્રહો-વિરોધી શસ્ત્રો ગોઠવી દીધાં છે. ચીનના વર્તમાન નેતા શી ઝિનપિંગે એકરાર કર્યો છે કે એમનાં ચાઈનીઝ સ્વપ્નોમાં ચીન પાસે દુનિયાનું સૌથી તાકાતવર સૈન્ય હોય તે સ્વપ્ન પણ રહેલું છે. એમના કહેવા મુજબ એ

**ચીનને પાઠ ભણાવવાનો પ્રથમ ઉપાય તો તેના માલસામાનનો બહિષ્કાર કરવાનો છે. અવશ્ય થવો જોઈએ. જાપાનની પ્રજા હોત તો ક્યારનોય બહિષ્કાર કરી દીધો હોત**

સ્વપ્નને પાર પાડવા ચીનનાં લશ્કરી દળોનું આધુનિકીકરણ કરવું જરૂરી છે. વરસ ૨૦૩૫ સુધીમાં ચીનની સેનાઓને વર્લ્ડ-ક્લાસ બનાવવાનું શી ઝિનપિંગે પ્રણ લીધું છે. વરસ ૨૦૫૦ આવે ત્યારે ચીનની સેના અમેરિકાને હરાવે તે યોજના છે, પણ શું અમેરિકા ૨૦૫૦ સુધી કોઈ પ્રગતિ નહીં કરે? અવાજ કરતાં પાંચ ગણી ઝડપે ઊડતી મિસાઇલો (મૅક ફાઇવ), માનવ પાઇલટ વગર ઊડતા કાર્ગો પ્લેન્સ અને ઇલેક્ટ્રોમૅગ્નેટિક ઊર્જા વડે કામ કરતી તોપ અને રણગાડીઓનાં ચીને ગયા વરસે પરીક્ષણો કર્યાં હતાં, પરંતુ આ બધાં સંશોધનો અને અખતરાઓ કરવાની જેટલી જરૂર હોય છે એટલી જ જરૂર સેનામાં સંસ્થાકીય સુધારાઓ કરવાની હોય છે. શી ઝિનપિંગને એ સમજાઈ ગયું કે જૂના ઢબની ફોજને નવાં અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ કરવાનો કોઈ અર્થ નથી. શી ઝિનપિંગે નક્કી કર્યું, યુદ્ધો લડવા માટે સશસ્ત્રદળોના માળખામાં ફેરફારો કરવા આવશ્યક હતા. હમણા સુધીનાં ચાર વરસમાં શી ઝિનપિંગે પીએલએમાં જે ફેરફારો કર્યા તે દેંગ શ્યાઓપિંગ બાદ બીજા કોઈ ચાઇનીઝ નેતાએ હાથ ધર્યા ન હતા.

શી ઝિનપિંગનો પ્રમુખ ઉદ્દેશ્ય ચીનનાં વિવિધ દળોમાં એકસૂત્રતા અને સહકાર આણવાનો રહ્યો હતો અને છે. પાયદળ, નૌકા અને વાયુ, તે ત્રણેય દળો લડાઈના મેદાનમાં સમય બરબાદ કર્યા વગર, ઝડપથી એકમેક સાથે હળીમળીને કશી ખલેલ વગર યુદ્ધ લડવાના કાર્યમાં જોડાઈ જાય તેને પશ્ચિમની યુદ્ધકીય ભાષામાં 'જોઇન્ટનેસ' કહે છે. શી ઝિનપિંગનો ઉદ્દેશ્ય ચીની સેનાઓમાં ઉચ્ચકક્ષાનું જોઇન્ટનેસ સ્થાપવાનો છે. ખાસ કરીને દૂર વિદેશની ભૂમિ પર યુદ્ધ ફાટી નીકળે તો ત્યાં જઈને લડવા માટે એકસૂત્રતા ખૂબ મહત્ત્વની પુરવાર થાય છે, કારણ કે યુદ્ધ લડાતું હોય ત્યારે સેનાઓના કમાન્ડરો રાષ્ટ્રીય હેડક્વાર્ટરમાં બેઠા હોય છે અને ત્યાં બેસીને, દૂરસુદૂર યુદ્ધ લડતા સૈનિકોનું અને યુદ્ધનું દિગ્દર્શન કરવાનું મુશ્કેલ હોય છે. ભૂમિદળના સૈનિકો, નૌકા દળના ખલાસીઓ



અને વાયુદળના પાઇલટોને દૂરથી એકીસાથે માર્ગદર્શન આપવાનું મુશ્કેલ હોય. તે તમામને કાર્યક્ષમ રીતે સાથે જોડવાનું શક્ય હોતું નથી. આ સ્થિતિમાં સારી વાત તે ગણાય કે હાકેમો તરફથી સૂચનાઓ કે હુકમો ના મળે તો પણ અલગ-અલગ પાંખોના અને દળોના સૈનિકો પરસ્પર સહકાર સાથે યુદ્ધ લડે.

ચીન પોતાની સેના અને દળોના વિકાસ માટે અમેરિકાને આદર્શ તરીકે રાખે છે. ખુદ અમેરિકાએ ૧૯૮૬નો ગોલ્ડવૉટર નિકોલ્સ કાનૂન સ્વીકારીને પોતાના સંરક્ષણ દળોમાં આમૂલ પરિવર્તનો આણ્યાં હતાં, જેથી જોઇન્ટનેસનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરી શકાય. પેન્ટાગોને સમગ્ર પૃથ્વીના ગોળાને જ યુદ્ધ કમાન્ડમાં ગોઠવી દીધો. ત્યાર બાદ અલગ-અલગ દળો અથવા સર્વિસો હુકમ અને આધિપત્ય માટે અંદરોઅંદર ઝઘડતા બંધ થયા. કોઈ પણ ક્ષેત્રમાં હાજર સોલ્જરો, સેઇલરો અને પાઇલટો તે ક્ષેત્રના કોઈ પણ એક અધિકારીના હુકમોનું પાલન કરતા થયા છે. જેમ કે ઍડમિરલ કે વાઇસ ઍડમિરલના હુકમનું વાયુ દળના પાઇલટે પણ પાલન કરવા તત્પર રહેવું પડે છે. પર્શિયન ગલ્ફ કે પેસિફિક ક્ષેત્રમાં કે અન્યત્ર યુદ્ધ લડાતું હોય ત્યારે જે-તે ક્ષેત્રના કોઈ પણ એક નિયત અધિકારી પાસેથી હુકમો મેળવવા ત્રણેય પાંખના સભ્યો બાધ્ય હોય છે.

પ્રમુખ શી ઝિનપિંગે અમેરિકાએ અપનાવેલી સિસ્ટમનું જ અનુકરણ કર્યું છે, પણ તે જરૂરી હતું, કારણ કે શી ઝિનપિંગે સુધારાઓ હાથ ધર્યા તે અગાઉ સમગ્ર ચીન સેનાના સાત વિભાગોમાં વહેંચાયેલું હતું અને તે-તે વિભાગોના આર્મી કમાન્ડરો આર્મીના હેડક્વાર્ટરને રિપોર્ટ કરતા હતા. નેવીના કમાન્ડરો નેવીના હેડક્વાર્ટરને રિપોર્ટ કરતા હતા, પરંતુ આર્મી, નેવી કે ઍરફોર્સના કમાન્ડરો વચ્ચે કોઈ સંવાદ કે સહકાર રહેતો નહીં. પોતપોતાની રીતે સ્વતંત્ર હતા. ફેબ્રુઆરી ૨૦૧૬માં પ્રમુખ શી ઝિનપિંગે આ સાત પ્રદેશો (રિજન) દૂર કર્યા અને તેની જગ્યાએ કુલ પાંચ કમાન્ડ થિયેટરો ઊભાં કર્યાં. દરેક થિયેટર પર એક કમાન્ડર તેના વડા તરીકે છે. એની નીચે તમામ ત્રણેય દળો આવી જાય. જેમ કે ઇસ્ટર્ન અર્થાત્ પૂર્વીય થિયેટર છે તેનું હેડક્વાર્ટર નાનજિંગ ખાતે છે. જાપાન કે તાઈવાન સાથે યુદ્ધ લડવાનું હોય તો પ્રથમ જવાબદારી આ ઇસ્ટર્ન થિયેટરની રહે છે. તે માટે ઇસ્ટર્ન થિયેટરે ખાસ અને હંમેશાં તૈયાર રહેવાનું હોય છે. ચીનનું પશ્ચિમ થિયેટર ખૂબ વિશાળ જમીનને આવરી લે છે. આ સૌથી મોટું સૈન્ય થિયેટર છે. તેનું વડું મથક ચેંગડૂ ખાતે છે. ખાસ કરીને ભારત તેમ જ સેન્ટ્રલ એશિયાના દેશો સાથે લડવા માટે આ થિયેટર રચવામાં આવ્યું છે. સેન્ટ્રલ એશિયાના દેશો સાથે ચીન ઘર્ષણમાં ઊતરતું નથી તેથી આવડા મોટા થિયેટરનો મકસદ માત્ર ભારત માટેનો જ છે. ભારતની ચીન સાથેની તમામ સરહદ એ પશ્ચિમ થિયેટરમાં આવી જાય છે. આ

**છેલ્લાં દસ વરસમાં ચીનની સેના અર્થાત પીપલ્સ લિબરેશન આર્મીને ચીનની સરકારે જોઈએ એટલાં શસ્ત્રો અને નાણા પૂરાં પાડ્યાં છે**

સિવાય ઉત્તર અને દક્ષિણ કોરિયાની નજીક નોર્ધર્ન કમાન્ડ થિયેટર, ભારત બર્માની પૂર્વ દિશા તરફ સધર્ન કમાન્ડ થિયેટર, બેઇજિંગની આસપાસ સેન્ટ્રલ કમાન્ડ થિયેટર છે. જે સધર્ન કમાન્ડ છે તે દક્ષિણ ચીની સમુદ્રમાં યુદ્ધ માટે તૈયાર રહે છે.

અમેરિકન સિસ્ટમોને ખાસ નિશાન બનાવવાના ઇરાદાથી પ્રમુખ શીએ બે ખાસ સ્ટ્રેટેજિક સપોર્ટ ફોર્સ (એસએસએફ)ની રચના કરી છે. આ બંને ફોર્સ અંતરિક્ષ, સાયબર, ઇલેક્ટ્રોનિક્સ અને સાઇકોલોજિકલ (માનસિક) પ્રકારનાં યુદ્ધોની જવાબદારીઓ સંભાળે છે.

હમણા લદ્દાખ સરહદ પરની પેશકદમી દરમિયાન આપણે જોયું કે ચીનનું સરકારી મીડિયા, ગ્લોબલ ટાઇમ્સ વગેરે એક દિવસ ધમકીની અને પોતાની સર્વોપરિતાની ભાષા આલાપે. વળી, એક દિવસ ભારત અને ચીન વચ્ચેની સદીઓ જૂની મિત્રતાની કથાઓ સંભળાવે. ત્રીજા દિવસે આર્થિક સહકારના ફાયદા જણાવે. વળી પાછા યુદ્ધની ધમકી આપે. આ સાઇકોલોજિકલ યુદ્ધનો એક ભાગ છે અને તેમાં પણ પ્લાનિંગ પ્રમાણે આગળ વધવામાં આવે છે. ચીની સેનાની પ્રવૃત્તિઓ પણ અમુક દિવસ ઉગ્ર અને અમુક દિવસ ઠંડી, શાંત અને દોસ્તીભરી જોવા મળે. કુલ પરિણામ એ ઊભું થયું કે ભારત વિચારવા માંડ્યું કે દોસ્તીની ભાષા બોલીને ચીન મોટા યુદ્ધની તૈયારીઓ તો નથી કરતું ને? ચીનનો ઉદ્દેશ્ય પણ આવી અસમંજસ ફેલાવવાનો હોય છે, જેમાં તે સફળ રહ્યું છે. મૂંઝવણ પેદા કરવા પાછળ ઇરાદો એ હોય છે કે સામેનો દેશ ચીનની શરતો સ્વીકારીને વાટાઘાટો કરવા તૈયાર થઈ જાય અને છતાં એવો આભાસ પેદા ના થાય કે ચીન મોટી દુશ્મનાવટ રાખે છે. આર્થિક સંબંધો જળવાઈ રહે તે માટે આવો સ્ટાન્સ (અભિગમ) અપનાવવો જરૂરી હોય છે. પરસ્પર દેશો આ ખંધાઈ જાણતા હોય છે. તે સ્વીકારીને જ આગળ વધતા હોય છે જેથી મંત્રણાઓ કરવાની જરૂર પડે ત્યારે મોટું વૈમનસ્ય પેદા થયેલું ન હોય! દુનિયા સમક્ષ



દલીલ કરી શકે કે અમે યુદ્ધખોર નથી. આ વલણના અન્ય ફાયદાઓ પણ હોય છે.


ચીને દોઢેક વરસ અગાઉ, ૨૦૧૮માં પોતાના પીએલએનાં પાંચ યુનિટો જોડે તાંત્રિક યુદ્ધોના (સાયબર, સેટેલાઇટ્સ, ઇલેક્ટ્રોનિક્સ) પ્રયોગો કર્યા હતા જેને અમેરિકાના પેન્ટાગોન દ્વારા 'કોમ્પલેક્સ ઇલેક્ટ્રોનિક વૉરફેર ઍન્વાયરન્મૅન્ટ' જેવું નામ અપાયું હતું. અમેરિકાની એશિયા ખાતેની સૈન્ય શક્તિ ખાસ કરીને એશિયા ખાતેનાં અમેરિકી લશ્કરી થાણાઓ તેમ જ વિમાનવાહક યુદ્ધ-જહાજોના કાફલાઓ પર નિર્ભર છે. અમેરિકન સેનાનાં ઘણાં મથકો એશિયામાં છે. શી ઝિનપિંગે 'પીએલએ રૉકેટ ફોર્સ' નામની એક નવી સર્વિસની રચના કરીને અમેરિકી થાણાઓ અને યુદ્ધજહાજો સામે પડકાર ઊભો કર્યો છે. અગાઉ આ ફોર્સની જગ્યાએ 'સેકન્ડ આર્ટિલરી કૉર્પ્સ' યુનિટ હતું તે એટલું પ્રભાવશાળી ન હતું. હવે તેને અપગ્રેડ કરાયું છે.

ચીન પાસે સૈનિકોની સંખ્યા પણ ખૂબ વધુ હતી. આજે પણ ચીની જવાનોની સંખ્યા વીસ લાખથી વધુ છે છતાં શી ઝિનપિંગે કારભાર સંભાળ્યો ત્યાર બાદ તેમાં ત્રણ લાખનો ઘટાડો કરાયો છે. એક સમયે ચીને દસેક લાખનો ઘટાડો કરવાની ઇચ્છા જાહેર કરી હતી. આ ઘટાડો મોટા પ્રમાણમાં ભૂમિ દળમાં કરાયો છે. અધિકારીઓની મોટી બિનજરૂરી ફોજ ઊભી થઈ હતી. સેનાનું કદ વેતરવામાં આવ્યું તેમાં ઉપરી અધિકારીઓના ૩૩ ટકા જેટલા હોદ્દા અને પદો દૂર કરવામાં આવ્યા. તે અગાઉ ચીનની સેનામાં સિત્તેર ટકા સ્ટાફ હતો તેનું પ્રમાણ પણ ઘટીને ૫૦ ટકા થયું. અનેક બિનજરૂરી ટ્રુપ્સ રદ કરવામાં આવી. જોકે ચીની સેનાઓ માટે ખુશીની વાત એ રહી કે સેનામાં નૃત્યો કરતી ટ્રુપોને બરકરાર રાખવામાં આવી. અગાઉ જાહેર કરાયું હતું કે સેનામાં નાચ-ગાનની જરૂર નથી, પણ છતાં તે ચાલુ રખાયાં છે. સામે નૌસેનાના સિપાઈઓની સંખ્યા ત્રણ ગણી વધારવામાં આવી છે. નૌકાદળ અને વાયુદળના અધિકારીઓને વધુ શક્તિશાળી પદો આપવામાં આવ્યાં છે. બે કમાન્ડ થિયેટરની લીડરશિપ પણ આ દળોને સોંપાઈ છે. તેનો અર્થ એ થયો કે પીએલએ હવે સમુદ્રી અને અવકાશી તાકાત વધારવા પર જોર આપી રહી છે. જોકે એ કહેવું મુશ્કેલ છે કે આ નવી વ્યવસ્થાઓ પ્રમાણેની પીએલએ યુદ્ધના ખરા મેદાનોમાં વધુ કાર્યક્ષમ અને અસરદાર બની છે કે નહીં. ચીન છેલ્લાં ચાલીસ વરસમાં કોઈ યુદ્ધ લડ્યું નથી. છેલ્લે ચીનના સૈનિકોએ યુદ્ધ કહી શકાય એવું યુદ્ધ ૧૯૭૯માં વિયેતનામ સામે લડ્યું હતું. તે સમયે જે સૈનિકો યુદ્ધ લડ્યા હતા તેમાંના મોટા ભાગના નિવૃત્ત થઈ ગયા છે અને બાકીના હમણા જ નિવૃત્ત થશે. આથી ચીનના સમગ્ર લશ્કરમાં યુદ્ધના અનુભવી સિપાઈઓ ખૂબ જૂજ સંખ્યામાં છે અને હવેના એક-બે વરસ પછી સાવ નહીં હોય. આમ છતાં વિવિધ દળોમાં એકરસતા, જોઇન્ટનેસ લાવવામાં ચીની દળો સફળ રહ્યાં છે તેના અન્ય પુરાવાઓ મળે છે. તાઈવાનની આસપાસ અને દક્ષિણ ચીની સમુદ્રમાં ચીને જે પ્રમાણમાં નાના-નાના અમુક હુમલાઓ કર્યા હતા તેના પરથી ખ્યાલ આવે છે કે ચીનની દરિયાઈ અને હવાઈ ફોર્સિઝ વચ્ચે એકસૂત્રતા અને તાલમેલ વધ્યાં છે. અગાઉ ચીનના યુદ્ધના પ્રયોગ અત્યંત ચુસ્તપણે, નિયમોની પોથી પ્રમાણે હાથ ધરાતા હતા. તેમાં બાંધછોડ થતી નહીં. હવે તેની જગ્યાએ એ બાબત પર ધ્યાન અપાય છે કે કોઈ યુનિટ વાસ્તવિક લડાઈમાં અથવા પ્રયોગમાં કેટલી સફળતા મેળવે છે? પોથીનું પાલન અવશ્ય કરવું જ પડે તેવું નથી. ચીનના મોંગોલિયા પ્રદેશમાં દર વરસે યુદ્ધની

**ઝિનપિંગે અમેરિકાએ અપનાવેલી સિસ્ટમનું જ અનુકરણ કર્યું છે, પણ તે જરૂરી હતું, કારણ કે શી ઝિનપિંગે સુધારાઓ હાથ ધર્યા તે અગાઉ સમગ્ર ચીન સેનાના સાત વિભાગોમાં વહેંચાયેલું હતું**

કવાયતો યોજાય છે. નવાઈની વાત એ હતી કે 'બ્લ્યુ ટીમ' નામનું એક દુશ્મનોનું કાલ્પનિક દળ તૈયાર કરવામાં આવતું હતું અને કવાયત વખતે તે દર વરસે આખરમાં હારી જતું હતું. દુશ્મનોને હારતા દેખાડીને પોતાના લશ્કરનાં માન અને જુસ્સો વધારવાના ઉદ્દેશ્યો હશે, પરંતુ તેના કારણે પોતાના જ લશ્કરની ખરી આકારણી, પોતાની જ તરકીબોની સફળતાઓનું ખરું આકલન શક્ય બનતું ન હતું. હવે એ સ્વપ્રશસ્તિ છોડવામાં આવી છે. અમુક રીતે લડીએ તો દુશ્મનો જીતી જાય તે સંભાવના પણ સ્વીકારવામાં આવે છે. તેનાથી ભૂલો સ્વીકારવાનો અવકાશ મળે છે અને તેને કઈ રીતે દોહરાવવી નહીં તેનું જ્ઞાન મળે છે. શી ઝિનપિંગના આવ્યા બાદ હવે બ્લ્યુ યુનિટ પ્રાયોગિક યુદ્ધોમાં જીતી પણ જાય છે અને વારંવાર જીતે છે. મોંગોલિયામાં વરસમાં એક વખત આ લાર્જ સ્કેલ યુદ્ધ કવાયત યોજવામાં આવે છે.

આ બધું છતાં જટિલ યુદ્ધો લાદવામાં ચીની દળો એટલા ખાસ પારંગત નહીં હોય તેવું માનવામાં આવે છે. અમેરિકાના સેના એસ્ટાબ્લિશમૅન્ટમાં કોઈ અધિકારી બીજા દળો સાથે આસાનીથી કેવી રીતે હળીભળી જાય છે, કેવી રીતે ગોઠવાઈ જાય છે અને કામગીરી આગળ ધપાવે છે તે ગુણોને લક્ષમાં રાખીને ઓફિસરને પ્રમોશન અપાય છે. જ્યારે ચીનમાં એક જ અધિકારી એક જ દળમાં આખી કારકિર્દી પૂરી કરે છે, તે પણ એક જ રિજનમાં રહીને અને જિંદગીભર એકનું એક કામ કરીને પૂરી કરે છે. ચીનની રાજકીય સંસ્કૃતિ સેના માટે વળી એક બીજી મોટી સમસ્યા છે. ચીન જે એકસૂત્રતાના, જોઇન્ટનેસ અને કૉઑર્ડિનેશનના મૉડેલને લઈ આગળ વધવા માગે છે તેને ખરા અર્થમાં ચરિતાર્થ કરવું હોય તો રાજનીતિ અને સેનાના બિહેવિયરમાં પણ થોડું ખુલ્લાપણુ હોવું જરૂરી છે. દુનિયામાં દરેક દેશોની સેનાઓ ગુપ્તતાઓ તો જાળવવાની જ છે, પરંતુ એ ગુપ્તતાઓ બીજા કોઈ ઉદ્દેશ્ય વગર માત્ર રાજકીય નેતાઓને, તેમના વિચારોને



ખુશ રાખવા માટે જાળવવામાં આવતી હોય તો નુકસાનકારક નીવડે છે. માત્ર વાહ વાહનું કલ્ચર બનીને રહી જાય છે. ભૂલો સુધારવાનો કે તેને સ્વીકારવાનો અવકાશ રહેતો નથી. સત્તાના ડેલિગેશન અને સહકાર બાબતમાં ઓપનનેસ હોવી જરૂરી છે. ચીનની વ્યવસ્થામાં તેનો સદંતર અભાવ છે. તેથી જોઇન્ટનેસની થિયરી સફળ થવાની ગુંજાઇશ ઓછી રહે છે. આજનાં યુદ્ધોમાં નિર્ણય લેવાનો અધિકાર માત્ર એક જ જગ્યાએ કેન્દ્રિત થયેલો ન હોવો જોઈએ, પરંતુ તેનું વિકેન્દ્રીકરણ થયેલું હોવું જોઈએ, કારણ કે સાયબર અને ઇલેક્ટ્રોનિક યુદ્ધોમાં કમાન્ડરો અને યુનિટો વચ્ચે નિખાલસ સંવાદ થાય અને સંદેશાઓની આપ-લે થાય તો જ ગંભીરતાથી લડી શકાય. જે સેનાઓમાં આંતરિક લોકશાહી હોય તે આ પ્રકારનાં યુદ્ધો વધુ સારી રીતે લડી શકે છે.

ચીન કરતાં આ બાબતમાં અમેરિકા ઘણુ આગળ છે. પ્રમુખ શી ઝિનપિંગ પોતે જ એક આપખુદ વિચારધારામાંથી આવે છે. નિર્ણયો લેવાનો અધિકાર તેઓ કેન્દ્રિત, અર્થાત પોતા પૂરતો મર્યાદિત રાખવા માગે છે. તેના કેટલાક ફાયદા છે, પણ તે માટે વધુ જ્ઞાન, સ્પષ્ટ અને પ્રમાણિક બુદ્ધિ હોવાં જોઈએ. શી ઝિનપિંગ શાણા શિયાળ જેવા છે તેથી અત્યારે કોઈ વાંધો નથી, પરંતુ એમના પુરોગામી જીન્તાઓ

પીએલએ પર મજબૂત પકડ ધરાવતા ન હતા. તેનું કારણ એ હતું કે જીન્તાઓના પુરોગામી જિયાંગ ઝેમીને ચીનના સેન્ટ્રલ મિલિટરી કમિશનના વહીવટ માટે એક નહીં, પણ બબ્બે વાઇસ-ચૅરમેનોની નિમણૂક કરી હતી. ચીનની સેનાઓ પર દેખરેખ રાખતું આ સૌથી શક્તિશાળી કમિશન છે. ત્યાર બાદ હુ જિન્તાઓના પ્રમુખ તરીકેના સમગ્ર કાર્યકાળ દરમિયાન આ બે વાઇસ ચૅરમેનો હોદ્દાઓ પર ટકી રહ્યા. પીએલએમાં ભ્રષ્ટાચાર ફેલાયો હતો અને અશિસ્ત પણ વ્યાપી હતી. તેને દૂર કરવાના અને પીએલએમાં સુધારા કરવાનો કોઈ પણ પ્રસ્તાવ હુ જિન્તાઓ લઈ આવતા તો આ બંને વાઇસ ચૅરમેનો તેના પર ઠંડું પાણી રેડી દેતા હતા. પ્રમુખ શી ઝિનપિંગ પોતાની સ્થિતિ હુ જિન્તાઓ જેવી થાય તેવું પ્રથમથી જ ઇચ્છતા ન હતા. સત્તા પર આવ્યા કે કડક હાથે કામ લેવાની શરૂઆત કરી દીધી. સેનામાંથી ભ્રષ્ટાચાર નિરસ્ત કરવાની કામગીરી મોટે પાયે આરંભવામાં આવી. હોદ્દા પરના ત્રણ જનરલો સહિત ૧૩ (તેર) હજાર જેટલા ઓફિસરોને નોકરીમાંથી રૂખસદ અપાઈ. મિલિટરી કમિશનનું કદ ઘટાડવામાં આવ્યું. મેમ્બરોની સંખ્યા ૧૧ (અગિયાર) માંથી ઘટાડીને ૭ (સાત) કરવામાં આવી. કેટલાક સર્વિસ ચીફોને પણ લાતો મારીને ફેંકી દેવાયા. ભ્રષ્ટાચાર નાબૂદી માટે સેનામાં એક મહત્ત્વના કાયમી અધિકારીની નિમણૂક કરવામાં આવી. અન્ય સંસ્થાકીય ફેરફારો કર્યા. આ પગલાંઓને કારણે સેનામાં શી ઝિનપિંગ સામે રોષ પણ ફેલાયો છે. અનેક સિનિયર અધિકારીઓના પર્ક્સ અને અન્ય પ્રિવિલેજ છીનવાઈ ગયા છે. અમુક મગજ ગુમાવી બેઠેલા અધિકારીઓએ તો જાહેરમાં વિરોધ નોંધાવ્યો. તે સામે જૂના લશ્કરી જવાનો (વેટેરન્સ)ની સંભાળ લેવા વરસ ૨૦૧૬માં શી ઝિનપિંગે અલગ મંત્રાલયની સ્થાપના કરવી પડી છે. હવે યુવાનોને તેમની નોકરીનાં વરસો પ્રમાણે નહીં, પરંતુ લાયકાતને આધારે પ્રમોશન અપાય છે. શી ઝિનપિંગના પ્રયત્નોને જાહેર પ્રજા વધાવી રહી છે. ચાઇનીઝ ફિલ્મ ઉદ્યોગમાં પણ સેનાનાં પરાક્રમો અને સેના પ્રત્યેની લોકોની ભાવનાઓને સ્થાન મળી રહ્યું છે. મોટા ભાગે તે વધારી ચડાવીને રજૂ કરાય છે, કારણ ચાલીસ વરસમાં ચીનની સેના કોઈ યુદ્ધો લડી નથી તો પરાક્રમોનાં ઉદાહરણો ક્યાંથી લાવે..? ■

**અમેરિકન સિસ્ટમોને ખાસ નિશાન બનાવવાના ઇરાદાથી પ્રમુખ શી ઝિનપિંગે બે ખાસ સ્ટ્રેટેજિક સપોર્ટ ફોર્સ (એસએસએફ)ની રચના કરી છે**

# હવે તો માસ્ક પણ ફેશનેબલ જોઈએ !





**સામાન્ય લોકો એન – ૯૫ માસ્કની બદલે સાદા કપડાંના માસ્ક પણ પહેરી શકાય છે, તેવી ગાઇડલાઇન જાહેર થઈ છે ત્યારથી અનેક લોકો ઘરે બનાવેલા સાદા માસ્ક પહેરે છે, પરંતુ નાનાં બાળકોને તે પહેરવાનો ભારે કંટાળો આવે છે, તેથી તેમને આકર્ષણ થાય તે માટે કાર્ટૂનવાળા માસ્ક હવે બનવા લાગ્યાં છે.**

suchita@sambhaav.com

કોરોના વાઈરસનો પ્રકોપ થોડા સમયમાં શમવાનું નામ લેવાનો નથી. હવે તો આ વણજોઈતા મહેમાન સાથે જીવવાનું શીખવું પડવાનું છે. આ વાઈરસથી બચવા માટે સામાજિક દૂરી રાખવાનું અને ચહેરા પર માસ્ક પહેરવાનું ફરજિયાત થઈ ગયું છે. નાના - મોટા સૌ કોઈને ઓછામાં ઓછી આટલી તકેદારી તો રાખવી પડે છે. સામાન્ય લોકો એન - ૯૫ માસ્કની બદલે સાદા કપડાંના માસ્ક પણ પહેરી શકાય છે, તેવી ગાઈડલાઈન જાહેર થઈ છે ત્યારથી અનેક લોકો ઘરે બનાવેલા સાદા માસ્ક પહેરે છે, પરંતુ નાનાં બાળકોને તે પહેરવાનો ભારે કંટાળો આવે છે, તેથી તેમને આકર્ષણ થાય તે માટે કાર્ટૂનવાળા માસ્ક હવે બનવા લાગ્યાં છે. તેવી જ રીતે યુવાનો પોતે માસ્ક પહેર્યો છે, તે બીજા જાણે નહીં તેવા ચહેરાની હાફપ્રિન્ટવાળા માસ્ક પસંદ કરે છે, તો યુવતીઓને પોતાના ડ્રેસને મેચિંગ થાય તેવા માસ્ક વધુ ગમે છે. આથી લૉકડાઉનમાં નવરા થઈ ગયેલા દરજીઓ અને વેપારીઓને આવા ફેશનેબલ માસ્કના કારણે રોજગારીની નવી તક દેખાઈ રહી છે.

**કોરોના સાથે જ જીવવાનું છે ત્યારે તેમાં પણ મોજ-મસ્તી શું કામ નહીં, તેવું વિચારનારા લોકો પોતાની પસંદગી પ્રમાણે માસ્ક તૈયાર કરાવે છે**

ભુજમાં એથેનિકવૅર, નાઈટવૅર અને હોઝિયરીની વસ્તુઓનો વેપાર કરતા ભૂમિત મહેતા નામના વેપારી ફેશનેબલ માસ્ક અંગે વાત કરતા જણાવે છે કે, ‘હવે જ્યારે માસ્ક પહેરવા ફરજિયાત બન્યાં છે ત્યારે લોકો મનપસંદ માસ્ક પહેરવાનું પસંદ કરવા લાગ્યા છે. નાનાં બાળકો માસ્ક પહેરવા રાજી હોતાં નથી. તેમને મહાપરાણે માસ્ક પહેરાવવા પડે છે ત્યારે તેઓ રાજીખુશીથી માસ્ક પહેરે તેવા હેતુથી વાલીઓ બાળકોને મનપસંદ એવા કાર્ટૂનવાળા માસ્ક પર પસંદગી ઉતારી રહ્યા છે. અમે કોટન કે સ્પોર્ટ્સ ફેબ્રિકમાંથી આવા માસ્ક બનાવરાવીએ છીએ. છોટા ભીમ, ડોરેમોન, બાર્બી, સિંચેન, એવેન્જર્સ, સ્પાઈડર મેન, બેન ટેન, મોટૂં- પતલું, ટૉમ એન્ડ જૅરી જેવા કાર્ટૂનવાળા માસ્ક બાળકોની પહેલી પસંદ બની રહે છે. કાર્ટૂનવાળા માસ્ક ખૂબ વેચાય છે. એક બાળક માટે એકસાથે બેથી ૩ પીસ ખરીદાય છે, જ્યારે યુવતીઓ કસ્ટમાઈઝ્ડ માસ્ક પસંદ કરે છે. કોરોના વાઈરસના કારણે હજુ લગ્નની સિઝન જામી નથી. છતાં થોડી યુવતીઓએ તેમનાં લગ્ન નિમિત્તે પોતાના ચણિયાચોળી કે સાડીને મેચિંગ માસ્ક બનાવરાવ્યા છે. યુવાનો ચહેરાની હાફપ્રિન્ટવાળા માસ્ક બનાવરાવે છે.

આવા માસ્ક પહેરવાથી કોઈએ માસ્ક પહેર્યો છે કે નહીં, તેની ખબર જ નથી પડતી.'

આવા માસ્ક બનાવવા માટે તેઓ મહિલાઓને રોજગારી મળે તે માટે પ્રયત્નશીલ રહે છે. તેઓ કહે છે, 'અમે કાપડ પર સ્ક્રિન કે ડિજિટલ પ્રિન્ટિંગથી ડિઝાઇન છાપીએ છીએ. તેને સિલાઈ માટે મહિલાઓને આપીએ છીએ. એક મહિલા પોતાના ઘરના કામ ઉપરાંત રોજના ૬૦થી ૭૦ પીસ તૈયાર કરે છે. અમારી સાથે ૧૨થી ૧૫ મહિલાઓ આ કામ માટે જોડાયેલી છે. તેઓને એક પીસ બનાવવા માટે ૩ રૂપિયા મળે છે. આમ તે રોજના રૂ. ૨૦૦ની આસપાસ કમાઈ શકે છે. અમે રૂ. ૧૧થી ૩૫ની કિંમતના માસ્ક વેચીએ છીએ. આ ઉપરાંત અમુક યુવતીઓ પોતાના ડ્રેસને મેચિંગ માસ્ક પણ બનાવરાવે છે. ખાસ તો ચણિયાચોળી કે લગ્ન માટેની સાડીને મેચિંગ માસ્કની માગણી કરવામાં આવે છે. જેમ જેમ લગ્ન જેવા પ્રસંગો વધશે, તેમ તેમ સ્પેશિયલ માસ્ક બનાવવાની માગ પણ વધશે. તેમ જ યુવતીઓ માટે સ્કાર્ફ જેવો કે યુવાનો માટે રૂમાલ જેવો, માત્ર આંખો જ દેખાય અને આખો ચહેરો ઢંકાઈ જાય તેવા માસ્ક પણ બનાવાય છે.'

કંઈક આવી જ વાત કરતા ભુજના હેન્ડિક્રાફ્ટના વેપારી કરન સંજોટ કહે છે, 'અત્યારે ભુજની માર્કેટમાં ઘણા પ્રકારના માસ્ક ઉપલબ્ધ છે, પરંતુ કચ્છી કલાના શોખીનો અમારી પાસે કચ્છી કપડાંમાંથી બનેલા ડબલ લેયર માસ્કની માગ કરે છે. અમે હાથવણાટના કાપડના, ઓર્ગેનિક એટલે કે કોઈ પણ પ્રકારના કેમિકલ ન વપરાયા હોય તેવા, કચ્છી બ્લોક પ્રિન્ટના કોટનના માસ્ક બનાવીએ છીએ. જે સામાન્ય રીતે ગોલ્ડન, રસ્ટ, ઇન્ડિગો બ્લૂ જેવા રંગોમાં ઉપલબ્ધ હોય છે. જેની કિંમત રૂ. ૨૫ છે. અમે જે માસ્ક બનાવીએ છીએ તેના કારણે બ્લોક પ્રિન્ટ કરનારા, સિલાઈ કરનારા વગેરેને રોજી મળવા લાગી છે. આ ઉપરાંત ખાદીનાં કપડાંમાં પણ માસ્ક બનાવીએ છીએ. હવે પછી શરૂ થનારા લગ્નગાળામાં મેચિંગ માસ્કની ડિમાન્ડ વધશે. આવા પ્રસંગ માટે બનનારા માસ્કમાં હાથભરત પણ કરી અપાશે અને અન્ય રીતે પણ તેને વધુ ડેકોરેટિવ બનાવાશે. તેથી સ્વાભાવિક જ છે તેની કિંમત વધુ હશે. આવા માસ્ક વધુ કલરફૂલ પણ બનશે.'






સામાન્ય લોકો તો માસ્ક ખરીદે જ છે, પરંતુ હવે કોર્પોરેટ માસ્ક પણ બનવા લાગ્યા છે. કોઈ કંપની કે દુકાનની જાહેરાત થાય તેવા માસ્ક કંપની બનાવરાવીને લોકોને પોતાના તરફથી નિઃશુલ્ક આપે છે. અમુક કંપની કે દુકાનવાળાઓ પોતાના સ્ટાફ માટે પણ ખાસ પ્રકારના માસ્ક બનાવરાવે છે. રોટરી ક્લબ જેવી સંસ્થા કે અમુક કૉલેજો પણ પોતાના લોગો વાળા માસ્ક બનાવરાવે છે. ભુજમાં બનેલા માસ્ક તામિલનાડુ, ગોવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરે રાજ્યોમાં પણ પહોંચ્યા હોવાનું ભૂમિત મહેતા જણાવે છે.

હવે કોરોના સાથે જ જીવવાનું છે ત્યારે તેમાં પણ મોજ-મસ્તી શું કામ નહીં, તેવું વિચારનારા લોકો પોતાની પસંદગી પ્રમાણે માસ્ક તૈયાર કરાવે છે. આમ કોરોનાના કારણે ફેશનનો નવો ટ્રેન્ડ ચાલુ થઈ ગયો છે, જે દિવસોદિવસ વધુ વિકસશે તેવું લાગી રહ્યું છે. ■

**હવે કોર્પોરેટ માસ્ક પણ બનવા લાગ્યા છે. કોઈ કંપની કે દુકાનની જાહેરાત થાય તેવા માસ્ક કંપની બનાવરાવીને લોકોને પોતાના તરફથી નિઃશુલ્ક આપે છે**



# ‘ચાલો ત્યારે, જવું પડશે, **વેઇટિંગ ચાલે છે ને..!’**

**કોરોનાને કારણે અમદાવાદ શહેરમાં સૌથી વધુ મોત થયાં છે. શહેરનાં સ્મશાનો ચોવીસ કલાક ચાલતાં રહે છે અને છતાં દિવસભર ત્યાં વેઇટિંગ રહે છે. સામાન્ય રીતે મડદાંનું નામ પડતાં જ આપણા દિલમાં એક ફડક પેદા થતી હોય છે, ત્યારે અહીં આપણે એ વ્યક્તિના જીવનમાં ડોકિયું કરવા પ્રયત્ન કર્યો છે જેનો પનારો જ મડદાં સાથે પડેલો છે.**

naresh@sambhaav.com

*‘તું આમ દિવસરાત જોયા વિના મડદાં સળગાવતો રહે છે, તને ખાવું કેમનું ભાવે છે? અમે તો એકાદ મૃત શરીર જોઈ જઈએ તો પણ દિવસો સુધી એ દ્રશ્યો પીછો ન છોડે. જ્યારે તું તો ચોવીસે કલાક અહીં જ રહે છે, તને ભૂતપ્રેતની બીક નથી લાગતી?’*

આ સવાલ સાંભળીને તેણે એક અછડતી નજર મારા પર નાખી અને પાછો કામમાં પરોવાઈ ગયો. મારો પ્રશ્ન અણગમતો હોય, કે પછી તેની કોઈ દુઃખતી નસ પર મારાથી હાથ રખાઈ ગયો હોય અથવા તેની અંદર પડેલી કોઈ અકળ લાગણીને ધક્કો લાગ્યો હોય - ગમે તે હોય, પણ તેણે એજ ભાવહીન ચહેરે લોખંડના સ્ટેન્ડ પર બળી રહેલા મડદાને લાકડાના લાંબા દંડા વડે જોરથી ગોદો માર્યો. એ સાથે જ મડદાના અર્ધબળેલાં અંગોમાંથી આગનો એક ગોળો બહાર ફેંકાયો. હું ભડકી ગયો! પણ તેના ચહેરા પરની કડકાઈમાં તસુભાર પણ ફરક ન પડ્યો. જોકે તેના એ વર્તન પરથી મને એટલું તો સમજાયું કે મારો સવાલ તેના મનમાં ધરબાઈને પડેલી ભૂતકાળની કોઈ એવી ઘટનાને સ્પર્શ્યો હતો જેના વિશે તે વધુ વાત કરવા માગતો નહોતો. તો પણ જવાબની રાહમાં હું તેનું મૌન તૂટે તેની રાહ જોતો બળી રહેલા મડદા સામે જોતો ઊભો રહ્યો. ઘણો સમય વિત્યો છતાં તે કશું બોલ્યો નહીં, એટલે હું સામેની તરફ આવેલા એક પગથિયા પર બેસીને તેની કામગીરી જોવા લાગ્યો.

મે માસની બપોર અને ગરમી બંને તેની ચરસમીમાએ હતા. એવે ટાણે અમદાવાદની સાબરમતી નદીના કાંઠે આવેલા એક સ્મશાનમાં હું તેને આ સવાલ કરી રહ્યો હતો. લૉકડાઉનમાં સરકારે આંશિક રાહત આપી હતી અને તેની અસર અહીં અંતિમયાત્રામાં સામેલ થવા આવતા લોકોની વધતી સંખ્યા પરથી દેખાતી હતી. પહેલાંની સરખામણીએ હવે સ્વજનને અંતિમ વિદાય આપવા વધારે લોકો સામેલ થઈ રહ્યાં હતાં. છતાં કોરોના વાઈરસનો ભય સૌ કોઈના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાતો હતો. લોકો મોં પર માસ્ક કે રૂમાલ બાંધીને ફરતા હતા. કેટલાકના ખિસ્સામાં સેનેટાઇઝર પણ હતું. અણગમતી



આ જગ્યા પર ત્યારે સામાન્ય દિવસો કરતાં વધુ ભીડ હતી. સ્મશાનની ઑફિસમાં અંતિમવિધિ અને જરૂરી દસ્તાવેજો મેળવવા નોંધણી કરાવવા માટે પણ ત્રણ-ચાર લોકો તો બેઠાં જ હોય. કોરોના વાઇરસને કારણે લોકોમાં ભય ફેલાયેલો હતો. વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારકશક્તિ ધરાવતાં લોકો કોરોના જેવાં લક્ષણોની પોતાનામાં હાજરીથી ગભરાઈને મોતને ભેટતાં હોવાનું પણ ચર્ચાઈ રહ્યું હતું. આ ચર્ચાને સમર્થન મળતું હોય તેમ સ્મશાનમાં શબોની લાઇન લાગી હતી.

મુખ્ય દરવાજા આગળ ચાર એમ્બ્યુલન્સ અને ત્રણ ખાનગી અંતિમવાહિનીઓમાં કુલ મળીને સાત મડદાં, હું જેને સવાલ કરી રહ્યો હતો તે વ્યક્તિની મંજૂરીની રાહ જોતાં હતાં. સાત પૈકી ત્રણ ડેડબૉડી કોરોનાને કારણે મૃત્યુ પામેલી વ્યક્તિઓની, જ્યારે બાકીની ચાર સામાન્ય હતી. સારી વાત એ હતી કે કોરોનાના દર્દીઓનાં મૃત શરીરને કોઈએ અડકવાનું નહોતું, દર્દીનાં સગાંઓએ પણ નહીં. નિર્જીવ સીએનજી ભઠ્ઠીએ એ કામ પોતાના શિરે લઈ લીધું હતું. છતાં ગળામાં માદળિયું બાંધેલો એક મજબૂત બાંધાનો યુવક ત્યાં હાજર હતો. તેના ચહેરા પર કોઈ પણ જાતનો ભાવ જોવા ન મળે. તેનું કામ સીએનજી ભઠ્ઠીના સંચાલનનું હતું. મડદું બળી ગયા પછી ભઠ્ઠીને સેનેટાઇઝ કરવાનું કામ પણ તે કરતો હતો.

પણ તેની નજર પ્રવેશદ્વાર આગળ વધતી જતી એમ્બ્યુલન્સ અને શબવાહિનીની કતાર પર હતી. સાત તો વેઇટિંગમાં હતી જ, ત્યાં પાછળ બીજી બે શબવાહિનીઓ આવીને ઊભી રહી એટલે વેઇટિંગનો આંકડો નવે પહોંચ્યો. તેણે ઉમેરાયેલી એ બે શબવાહિનીઓ તરફ એક તીખી નજર ફેંકી અને સ્ટેન્ડ પરથી મડદાંના બહાર નીકળી રહેલાં અંગને લાકડાંનો હડસેલો મારીને અંદર કર્યું. મડદાંમાંથી અંગારા છૂટ્યાં, અદ્દલ તેના સ્વભાવ જેવા. આમ તો ત્યાં બધાં મળીને ૧૨ જેટલાં સ્ટેન્ડ હતાં, પણ અંતિમવિધિ કરવા આવતાં લોકો ગરમી સહન કરી શકતાં ન હોવાથી વચ્ચે કેટલાંક સ્ટેન્ડ ફરજિયાત બંધ રાખવા પડતાં હતાં. સળંગ આઠ મડદાંને તે અને તેનો એક સાથી 'હેન્ડલ' કરી રહ્યાં હતાં. આ સિવાય એક બારેક વર્ષનો છોકરો તેમને મદદ કરી રહ્યો હતો. તે સ્ટેન્ડમાં લાકડાં ગોઠવતો અને મૃતકનાં સગાંઓને અંતિમવિધિ માટે જરૂરી સૂચનાઓ આપતો. છેલ્લે કશું કામ ન હોય તો મડદાં બાળવાના સ્ટેન્ડ પર જ બેઠો-બેઠો બટાટાની વેફરનું પડીકું તોડીને ખાવા માંડતો. તેના એ વર્તનને કારણે જબરો વિરોધાભાસ સર્જાતોઃ એક તરફ આઠ-આઠ મૃત શરીર શુદ્ધ ઘીમાં બળી રહ્યાં હોય અને બીજી તરફ તે હાથમાં પાંચ રૂપિયાની વેફરનું પડીકું તોડીને ભૂખ સંતોષવા મથતો હોય. એકબાજુ મૃત શરીર પર સગાંઓ, પરિવારજનો રોકકળ કરતાં હોય, માથું પછાડતાં હોય અને બીજી બાજુ તે મડદાંની બાજુમાં બેસીને કશુંક ખાતો હોય. એક પત્રકાર તરીકે કોરોના રોગચાળાએ મને ઘણા અણધાર્યા પ્રસંગોનો સાક્ષી બનાવ્યો છે, પણ આ પ્રકારના વિરોધાભાસ પહેલીવાર જોઈ રહ્યો હતો.

ડેડબૉડીનું વેઇટિંગ વધતું જતું હતું એટલે એ ત્રણેય મચી પડ્યા. નાનકો મડદાંના વજનનો અંદાજ લગાવી એ મુજબ સ્ટેન્ડ પર લાકડાં ગોઠવવા માંડ્યો. જે સ્ટેન્ડ ખાલી થાય ત્યાં તે નવાં લાકડાં ગોઠવી નાખતો અને પેલા બંને મડદાંને બને તેટલી ઝડપથી બાળવા પ્રયત્ન કરતા. એ દ્રશ્ય કંઈક આવું હતુંઃ સળંગ આઠ સ્ટેન્ડ પર શબ સળગતાં હતાં, દૂર ઊભેલાં મૃતકનાં સગાંઓ રડતાં હતાં, બ્રાહ્મણો વિધિ પતાવતા હતા અને એ ત્રણેય જાણે કશું બન્યું જ ન હોય તેમ સળગતાં મડદાં વચ્ચે એ જ કઠોરતા અને નિર્લેપભાવે ઊભા હતા. શુભ પ્રસંગોમાં જોવી ગમે અને ફરજિયાત ગણાય તેવી શ્રીફળ, અગરબત્તી, અત્તર, અબીલ-ગુલાલ, ગલગોટાના હાર અને ગુલાબનાં ફૂલ જેવી ચીજવસ્તુઓની હાજરી અહીં ડર પેદા કરતી હતી. એક ખૂણામાં સ્મશાનમાં જ રહેતાં કેટલાંક કૂતરાં મૃત શરીર પરથી ઉતારીને ફેંકી દેવાયેલી વસ્તુઓમાં મોં ઘાલતા હતા. તેની બાજુમાં પડેલી કચરાપેટીમાંથી બહાર ડોકાતાં લાલ-લીલાં કાપડ વાતાવરણની ભયાનકતામાં વધારો કરી રહ્યાં હતાં. એક બંધ રૂમની બારી પર મૃતકોનાં અસ્થિઓ કળશમાં બંધ કરીને લટકાવી દેવાયા હતાં. જે લૉકડાઉન ખૂલતા જ એક સંસ્થા દ્વારા હરિદ્વાર સ્થિત ગંગા નદીમાં વહેતાં કરવા માટે મોકલી દેવામાં આવતાં હતાં. એક પથ્થર પર કાગડા અને સમડીઓ મૃતક પાછળ દાન કરાયેલા લાડુ'ને ગાંઠિયાની



**બાર વર્ષનો એ છોકરો સ્ટેન્ડમાં લાકડાં ગોઠવતો અને મૃતકનાં સગાંઓને સૂચનાઓ આપતો. છેલ્લે કશું કામ ન હોય તો મડદાં બાળવાના સ્ટેન્ડને ટેકો દઈને વેફરનું પડીકું તોડીને ખાવા માંડતો**



કોરોના વાઇરસના કારણે મૃત્યુ પામેલાં લોકોનાં અસ્થિ, જેને હરિદ્વાર મોકલાય છે

નાની ઢગલીઓમાં ચાંચ મારીને ઊડી જતાં હતાં. કૂતરાં માટે ફેંકવામાં આવેલાં એ લાડવા-ગાંઠિયામાં વચ્ચે વચ્ચે ઉંદર, ખિસકોલી અને અજાણ્યાં પક્ષીઓ પણ ભાગ પડાવી લેતાં. - આ બધું હું ચૂપચાપ એક પગથિયા પર બેસીને નિરખી રહ્યો હતો.

બે-અઢી કલાક પછી વેઈટિંગ થોડું ઘટ્યું એટલે એ થોડો નવરો પડ્યો. લાકડું પેલા છોકરાને પકડાવીને એણે પાણીની બોટલ હાથમાં લીધી ત્યાં એની નજર મારા પર પડી. એટલે બોટલ હાથમાં લઈને તે મારી તરફ આવ્યો. થોડું અંતર રાખીને બેઠો અને નાનકાને રાડ પાડી. નાનકો લાકડું પડતું મૂકીને આવ્યો એટલે તેને પૈસા આપીને પાણીની બે બોટલો લેવા મોકલ્યો. નાનકો દોડ્યો અને ૧૦ મિનિટમાં ઠંડા પાણીની બોટલ સાથે હાજર થયો. તેણે એક બોટલ મારા તરફ ધરી અને પોતાની બોટલમાંથી બે-ત્રણ ઘૂંટ પીને સ્ટોરીની શરૂઆતમાં મેં જે સવાલ મૂક્યો છે તેનો જવાબ આપવો શરૂ કર્યો.

*'નરેશભાઈ, મારો તો જન્મ જ અહીં થયો છે. હું પેટમાં હતો ત્યારે મારાં મમ્મી પણ આ જ કામ કરતાં હતાં, પપ્પા પણ આ જ કરતાં. આ સ્મશાનમાં રમીને હું મોટો થયો છું. તમને કદાચ વિશ્વાસ નહીં આવે, પણ મારાં લગ્ન પણ અહીં જ થયાં છે. સુહાગરાત પણ અહીં જ થયેલી અને મારા બાળકનો જન્મ પણ અહીં જ થયો છે. આ સ્મશાન મારું ઘર છે અને મડદાં બાળવા એ મારું કામ. હવે તમે જ કહો, ઘરમાં અને જે કામ આપણે કરતાં હોઈએ તેનાથી ડર લાગે? તમે પૂછ્યું કે અહીં ખાવું કેમનું ભાવે છે- તો એ તો હવે ટેવ પડી ગઈ છે. લોકોને મડદાં જોવાની ટેવ નથી એટલે બીક લાગે, જ્યારે અમારું તો કામ જ મડદાં બાળવાનું છે.'*

*'તો બીક શેની લાગે?'*

*'(હસતાં-હસતાં) જીવતાં માણસની.. એ શું કરે નક્કી નહીં. મરેલો માણસ બિચારો ક્યારેય કોઈને હેરાન ન કરે. જીવતો હેરાન કરે. આપણને એકબીજાથી પ્રોબ્લેમ હોય તો આપણે એકબીજાની વચ્ચે આવીએ.'*

*'તો ભૂતપ્રેત વિશે તારું શું માનવું છે, કદી એવો કોઈ અનુભવ થયો છે ખરા?'*

*'કશું જ નહીં.'*

*'તું આટલી સરસ વાતો કરે છે, મતલબ સારું એવું ભણ્યો છે.'*

*'ના ના. દસ ચોપડી.'*

*'તારું નામ તો કહે?'*

*'જિતુ વાલ્મીકિ' (નામ બદલ્યું છે)*

*'અને આ તારી સાથે છે એ બંને?'*

*'એક મારો સાળો છે — ધવલ અને પેલો નાનકો છે એનું નામ મનીષ. (બંનેનાં નામ બદલ્યાં છે.) મારા પડોશીનો દીકરો છે. અહીં રમવા આવે છે અને કશુંક કામ કહીએ તો કરી આપે.'*

*'તેને આ બધાંથી બીક નથી લાગતી?'*

*'અરે, હોતું હશે કંઈ! તે અને તેના મિત્રો બધા અહીં જ રમવા આવતા હતા. આ તો કોરોનાને કારણે અમે તેમને આવવા નથી દેતા. બાકી એ બધા અહીં જ રમે છે.'*

*'આ શબ બાળવાનું તમે કેટલા વાગ્યે ચાલુ કરો છો?'*

*'આ તો ચોવીસ કલાક ચાલુ જ હોય. ગઈ કાલે રાત્રે દોઢ વાગ્યે એક બૉડી આવેલી, બહુ ભારે હતી. એને બાળીને ચાર વાગ્યે સૂતો, ત્યાં કલાકમાં જ બીજી બૉડી આવી ગઈ અને પછી તો આખો દિવસ ચાલુ જ રહેલું.'*

*'રોજની કેટલી બૉડી આવે છે?'*

*'ચાલુ દિવસોમાં પાંચ-દસ આવતી, પણ હાલ કોરોનાને કારણે સતત વેઈટિંગ ચાલતું હોય છે. તમે જોયું નહીં, પાંચ-સાત તો લાઇનમાં હોય જ છે.'*

*'તો હાલ રોજની કેટલી બૉડી બાળે છે?'*

*'૩૦-૩૫ તો સાચી જ.'*

*'હેં..!'*

*'હા.'*

*'તે આટલાં બધાં શબ તું બાળે છે, એમાં કેટલીક એક્સિડન્ટમાં વિકૃત થઈ ગયેલી, કોઈ ઑપરેશન કરેલી લાશ હોય, તો એ જોઈને તને કશું થતું નથી?'*

*'એમાં શું, હવે તો રૂટિન થઈ ગયું છે. મને તો બીજાને રડતાં જોઈનેય રડવું નથી આવતું ...પહેલેથી આ કામ સ્વીકારેલું છે અને હવે તેનો કોઈ અફસોસ પણ નથી થતો.'*

*'આ કામ તેં સ્વેચ્છાએ સ્વીકારેલું છે?'*

*'સ્વેચ્છાએ તો નહીં, પણ આપણે બહુ ભણેલા નહીં ને! અને પહેલેથી આ કામ કરતા આવ્યા હોઈ સેવા સમજીને સ્વીકારી લીધું છે.'*

*'કેટલા રૂપિયા મળે છે આમાંથી?'*

*'વધારે તો નહીં, બસ ઘર ચાલ્યું જાય છે. મૃતકોનાં સગાં અમારું કામ જોઈને જે રકમ આપે એ અમારો પગાર.'* - આટલું બોલીને તેણે સ્મશાનના મુખ્ય દરવાજા તરફ નજર કરી. ત્યાં ફરી એમ્બ્યુલન્સ અને શબવાહિનીઓની કતાર લાગવા માંડી હતી. એટલે વિદાય લેતા તે બોલ્યો, *'ચાલો ત્યારે જવું પડશે, વેઈટિંગ ચાલે છે ને..!'* ■

**મુખ્ય દરવાજા આગળ કુલ મળીને સાત મડદાં, હું જેને સવાલ કરી રહ્યો હતો તે વ્યક્તિની મંજૂરીની રાહ જોતા હતા. સાત પૈકી ત્રણ ડેડબૉડી કોરોનાગ્રસ્ત હતી જ્યારે બાકીની ચાર સામાન્ય હતી**

# લોકડાઉનથી અનલોક-૧ સુધી...



**લૉકડાઉનનો સમય ક્યારેય ના ભુલાય તેવી ઘટના બનીને રહી ગઈ છે, કોરોનાનો કહેર તો યથાવત જ છે, પરંતુ અનલૉક થયા પછી લોકો ધીમે-ધીમે સાવચેતી સાથે જીવન નોર્મલ કરવાના પ્રયત્ન કરી રહ્યા છે. વિતેલા એ દિવસોની અસર હાલની પરિસ્થિતિ પર થઈ રહી છે, જુદાં-જુદાં ક્ષેત્રોમાં કામ કરતી વ્યક્તિ ભૂતકાળ અને વર્તમાનને પોતાની દ્રષ્ટિએ આલેખે છે.**

*hetalrao@abhiyaan.com*

લૉકડાઉનમાંથી મુક્તિ ભલે મળી, પરંતુ અમને તો આજે પણ ઘરની બહાર નિકળતા ડર લાગે છે. કોઈની નજીક નથી જતા અને ઑફિસમાં પણ જુદું જ વાતાવરણ છે. અનલૉક થયે તો માંડ દસ દિવસ થયા હશે, પણ લૉકડાઉનના એ બે મહિનાથી પણ વધારે સમય કેમ કરી ભુલીએ. એક જ શ્વાસમાં ફટાફટ ગોપીનાથ કંદોઈ વાત કરે છે. બાપ-દાદા વેપારી હતા અને તેમનો વારસો મને અને મારો વારસો દીકરાને મળ્યો છે. નજર સમક્ષ મીઠાઈ અને ફરસાણ બને છે. આખું ગામ અને આજુ-બાજુનાં ગામ પણ સારા-નરસા પ્રસંગે મારે ત્યાં જ મીઠાઈ લેવા આવે છે, પણ આ લૉકડાઉને જીવનની ગાડીને અચાનક જ બ્રેક મારી દીધી. ભગવાનની દયાથી ખાધે-પીધે સુખી છીએ એટલે દિવસો તો પાર પડી ગયા, પણ તેની યાદો તો મૃત્યુ પર્યન્ત રહેશે. કારીગરોને સચવાયા ત્યાં સુધી સાચવ્યા અને પછી તેમને પણ વતન પરત ફરવાની મંજૂરી આપી દીધી. હવે દુકાન તો ખોલી, પણ તેને ફરી પહેલાં જેવી ધમધમતી કરવામાં ઘણો સમય લાગશે. ગામના લોકોમાં પણ ડર છે કે ક્યાંક આપણને કોરોના થઈ જશે તો..? હું અને મારા જેવા અનેક વેપારીઓ સાવચેતી સાથે ફરી જીવન નોર્મલ કરવાના પ્રયાસમાં લાગ્યા છે, પણ...બધું પહેલાં જેવું થતાં ઘણો સમય લાગશે.

લૉકડાઉન પૂર્ણ થયું પરંતુ કોરોનાનો કહેર યથાવત છે. વાઇરસની ઝપેટમાં આવી મોતની ચાદર ઓઢનારા લોકોની સંખ્યા ઓછી નથી, પરંતુ આ સમય કોરોનાને પરાજય આપીને તેની સામે બાંયો ચઢાવી જીવવાનો છે. લૉકડાઉનની માઠી અસર સમગ્ર દેશમાં થઈ છે, પણ તેને વખોડ્યા વગર પરિસ્થિતિને નોર્મલ બનાવવાના પ્રયાસ કરવા પડશે. લૉકડાઉન અનિવાર્ય હતું એ જ રીતે અનલૉક કરવાનો પણ સમય આવી ગયો હતો. સાવચેતી સાથે આ વાઇરસને દેશમાંથી નાબૂદ કરવાનો છે. દરેક ક્ષેત્રમાં તેની અસર જોવા મળે છે. ઘણા ડિપાર્ટમેન્ટે લૉકડાઉનમાં સતત કામ કર્યું છે, જ્યારે ઘણા લોકો લૉકડાઉન પછી પોતાના કાર્ય રીસેટ કરી રહ્યા છે.

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપૉર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) ડિપાર્ટમેન્ટના સંદીપ બારોટ કહે છે, 'લૉકડાઉનની સફર જીવનભરની વસમી યાદ બની ગઈ છે. આ સમયમાં પોતાના પરિવાર સાથે ફરજને પણ ન્યાય આપવાની કશ્મકશ હતી. અંતે ફરજનો વિજય થયો. એક બાજુ કોરોનાના કારણે લોકો ભયભીત હતા તો બીજી બાજુ અમારુ ડિપાર્ટમેન્ટ પોતાનો બેસ્ટ પ્રયાસ કરીને નીડરતાથી ડ્યુટી નિભાવી રહ્યો હતો. એ દિવસોમાં જ્યાં બધાં ઘરની અંદર હતાં ત્યારે હું મારી નૈતિક ફરજ પર હતો. સેનિટાઇઝર, માસ્ક અને જરૂરી સામગ્રી લઈ લોકોની હેલ્પ માટે નિકળી જતો. રોજ સવારે ટીક..ટીક કરી ટિકિટ આપવાનો સમય જાણે વિસરાઈ ગયો હતો. ઓન-ડ્યુટી હોવા છતાં પણ મુસાફરો વિના હું ઓફ-ડ્યુટી અનુભવતો. સેવા કરવામાં લીન હતો, પરંતુ સૂમસામ રસ્તા પર થંભી ગયેલાં બસનાં પૈડાં દિલને દુઃખ પહોંચાડતા, પણ હવે ફરી સૂર્યોદય થયો છે, લોકોમાં ભય છે છતાં ધીમે-ધીમે પોતાના કામ માટે બહાર નિકળતા થયા છે. ફરી એકવાર અમારી બસનાં પૈડાં અને રસ્તાની મુલાકાત થવા લાગી છે. અમે પણ મુસાફરોને હિંમત આપવાની સાથે સંપૂર્ણ રીતે તેમની સેવામાં હાજર રહીએ છીએ. ક્યારેય ના ભુલાય એવા દિવસોને વિસરવાનો પ્રયત્ન કરી રહ્યો છું,



સંદીપ બારોટ,
જીએસઆરટીસી ડિપાર્ટમેન્ટ

જ્યારે લૉકડાઉન પિરિયડ ચાલી રહ્યો હતો ત્યારે મારી ફરજ દરમિયાન જીવનની અનેક વાસ્તવિકતાઓ સાથે મારો પરિચય થયો અને જિંદગી જોવાની નવી દૃષ્ટિ પણ મળી.'

ઈન્સ્યૉરન્સ ડિપાર્ટમેન્ટના સત્યમ ભટ્ટ કહે છે, 'લૉકડાઉનની સારી અને નરસી બંને પ્રકારની યાદો છે. અમારા ડિપાર્ટમેન્ટના ફાળે લૉકડાઉનમાં વર્ક કરવાનું આવતું નહીં, પણ અનલૉક થતાં અનેક નવા કસ્ટમરના કૉલ આવવા લાગ્યા છે. એકબાજુ જ્યાં બધા કહે છે કે, લૉકડાઉન પછી જીવન નોર્મલ થતાં ઘણો સમય લાગશે. ત્યાં બીજી બાજુ લોકો પોતાના સ્વાસ્થ્યને લઈને તો પરિવારના ભવિષ્યને લઈને ચિંતિત છે. પોતાને કંઈ થાય તો બાળકોના ભવિષ્યનું શું..? માતા-પિતા પત્નીને કોણ સાચવે..? કોનો સહારે જીવન પસાર કરશે..? જેવા અનેક સવાલો તેમના મનમાં ઘર કરી ગયા છે. જે લોકો એમ માનતા હતા કે ઈન્સ્યૉરન્સની શું જરૂર બેન્કમાં બચત થાય છે જ ને. તે લોકો પણ હવે પરિવારના કારણે આ વિશે વિચારતા થયા છે. લૉકડાઉનના દિવસોમાં પસાર થયેલા સમયે લોકોનો નજરિયો બદલી નાંખ્યો છે. જ્યારે અનલૉક થતાં જ લોકો પરિસ્થિતિ બદલવાના પ્રયાસમાં લાગી ગયા છે. કહેવાય છે કે દરેક સમય કોઈ ને કોઈ શિક્ષા આપીને જાય છે. કોરોના વાઈરસના કારણે થયેલા લૉકડાઉન જીવનને પારખવાનો દૃષ્ટિકોણ બદલી નાંખ્યો છે.'

મનોચિકિત્સક આશિષ મજમુદાર કહે છે, 'લૉકડાઉન અને અનલૉક પછીની અમારી સફરમાં વધુ અંતર નથી. એ દિવસોમાં પણ અમે નિયમિત રીતે ડ્યુટી નિભાવતા અને હાલમાં પણ અમારા કામમાં વ્યસ્ત છીએ, પરંતુ કોરોનાનો ભય લોકોમાં હજુ પણ છે. જોકે ડૉક્ટર તરીકે હું માનું છું કે દરેક વ્યક્તિમાં થોડો ઘણો ડર હોવો જરૂરી છે, જેના કારણે તે સજાગ રહે છે અને તમામ નિયમોને ફોલો કરી પોતાની અને સંપર્કમાં આવનારી વ્યક્તિને પણ વાઈરસથી બચાવે છે. લૉકડાઉનમાં એવા ઘણા બધા કેસો આવ્યા, ઘણા કેસો એવા હતા જેમાં દર્દીની સમસ્યા ઘણી નાની હતી, પરંતુ તેને સમજાવવામાં સમય લાગી જતો. લૉકડાઉન દરમિયાન ફોન પર સેવા આપતાં કોઈ કોઈ કેસમાં જ હૉસ્પિટલ આવવાની સલાહ આપવી પડતી, પરંતુ એ પણ સંપૂર્ણ સાવચેતી સાથે, ડૉક્ટરોના જીવનમાં ઘણી બધી ઘટનાઓ હોય છે જે કોઈ ને કોઈ રીતે યાદ રહી જાય છે. કોરોના વાઈરસનો પણ એવી જ ઘટનાઓમાં સમાવેશ થાય છે. ડૉક્ટર કોઈ પણ હોય, પરંતુ આવા સમયે તેમની ફરજ સમાન બની જાય છે. વર્તમાન સમયમાં લોકો ઘરની બહાર નિકળી રહ્યા છે. પોતાના કામમાં વ્યસ્ત થવાના પ્રયત્નમાં છે, પરંતુ લૉકડાઉન અને અનલૉક વચ્ચેનો સમય એ કોઈ વિસરી નહીં શકે.'

અર્થશાસ્ત્ર ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અનિકેત દેસાઈ કહે છે, 'લૉકડાઉન પૂર્ણ કરવાની જરૂર હતી. સરકારે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કર્યો છે, જે પ્રમાણે દેશના અર્થતંત્ર પર અસર થઈ રહી હતી તેમાં જો લૉકડાઉન સમય વધાર્યો હોત તો અન્ય સમસ્યાઓ ઊભી થવાની શક્યતાઓ હતી. અમારો જે વ્યવસાય છે એમાં વિદ્યાર્થીઓ વિના રહેવું શક્ય નથી. લૉકડાઉન સમયમાં ઓનલાઈન ક્લાસ કરાવતો, પરંતુ કૉલેજમાં જઈને લાઈવ અભ્યાસ કરાવવો અને ઘરેથી સ્ટડી કરાવવામાં ઘણો ફરક છે. કૉલેજ, વિદ્યાર્થીઓ અને તેમની મસ્તી ઘણી યાદ આવી રહી છે. અનલૉક થયા પછી ઘણા બધા સ્ટુડન્ટના કૉલ આવ્યા કે સર, તમે અમારા ઘરે આવો, બધા તમને મળવા અને વાત કરવા માગે છે. મેં તેમને વીડિયો કૉલિંગનું સજેશન આપ્યું. સાથે જ સમજાવ્યા કે સ્થિતિને અનુરૂપ સરકારે અનલૉકનો નિર્ણય ચોક્કસ લીધો છે, પણ કોરોના વાઈરસ સામે હજુ આપણે ઘણી લાંબી જંગ લડવાની છે. મારી આ સફરે મને ઘણા બધા નવા અનુભવ કરાવ્યા અને હું મારા વિદ્યાર્થીઓમાં કેટલો પ્રિય છું તેનો પણ અનુભવ કરાવ્યો.'



સત્યમ ભટ્ટ,
ઇન્સ્યોરન્સ ડિપાર્ટમેન્ટ

'લૉકડાઉનમાં ખૂબ જ કંટાળી ગઈ હતી, હવે થોડો હાશકારો થયો છે,' એમ કહેતાં ગૃહિણી સુનિતા પરમ પટેલ કહે છે, 'કોરોના વાઈરસે તો જીવનને જાણે કે ધબકતું જ બંધ કરી દીધું. લૉકડાઉન અનિવાર્ય હતું, પણ સંયુક્ત પરિવારમાં આ સમય પસાર કરવો ઘણો કપરો હતો. દરેકની જુદી-ફરમાઈશ અને દરેકના જુદા આદેશો, હું તો માણસ કરતાં વધુ મશીન બનીને રહી ગઈ હતી. હવે તો બાપુજી સવારે મંદિરે જાય છે, થોડીવાર ઘરની બહાર ઓટલે બેસે છે, પરમને જોબ શરૂ થઈ છે, માટે થોડી રાહત થઈ. હું સાવચેતી રાખું છું અને સમગ્ર પરિવારની પણ બરોબર કાળજી લઉં છું, પણ જાણુ છું કે મારા જેમ જ અનેક ગૃહિણી એવી હશે જેમની માટે લૉકડાઉનનો સમય ઘણો મુશ્કેલી ભરેલો રહ્યો હશે. હવે આશા રાખું કે કોરોનાના કહેરમાંથી દેશ મુક્ત થાય અને બધાના જીવન સદાય માટે નોર્મલ બની જાય.'

કોરોના મહામારીમાંથી હજુ પણ દેશને મુક્તિ નથી મળી. અનલૉક થતાં જ અનેક લોકોને લાગે છે કે બધું નોર્મલ થઈ ગયું છે અને હવે ધીમે-ધીમે જનજીવન રાબેતા મુજબ થઈ જશે, પણ..એમ કહેવું હાલ ઘણુ વહેલું છે, કારણ કે લૉકડાઉનને અનલૉક કરવું એ સમયની જરૂરિયાત છે. આજે પણ કોરોના આપણી આસપાસ છે. માટે લૉકડાઉનની સફર ભલે હાલ પૂરતી પૂર્ણ થઈ હોય પણ કોરાનાની યથાવત જ છે. અનલૉકને સરળતાથી લેવાની જગ્યાએ, સાવચેતી સાથે જીવનને નોર્મલ કરવાનો પ્રયાસ જ સફળતા અપાવશે. ■

# દેશ કોરોના ઉપરાંત તીડના સંકટ સામે ઝઝૂમી રહ્યો છે



**દેશમાં હજુ કોવિડ-૧૯નું સંકટ ઊભું ને ઊભું છે ત્યાં વળી એક નવા સંકટ સામે દેશ ઝઝૂમી રહ્યો છે. સંકટ છે – તીડના આક્રમણનું. ગયા વર્ષે તીડના આક્રમણે ગુજરાતમાં ભારે હાહાકાર મચાવ્યો હતો. એ ઘટનાને હજુ સમય નથી વીત્યો ત્યાં ગુજરાત સહિત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ફરી એકવાર તીડોએ આક્રમણ કર્યું છે.**

રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના રસ્તે તીડનાં ઝુંડ મધ્ય પ્રદેશમાં પ્રવેશ્યા અને સમગ્ર ઊભા પાકને નુકસાન પહોંચાડ્યું. મે મહિનાના મધ્યગાળા દરમિયાન તીડ સૌ પ્રથમ નીમચ અને પછી આગ્રા, માલવા, શ્યોપુર, રતલામના રસ્તે થઈને ચંબલ, અંચલ, મધ્યભાગ, નર્મદાંચલ, બુંદેલખંડ, મહાકોશલ અને વિંધ્ય પહોંચ્યા, જ્યાં તેમણે મોટાપાયે ઊભા પાકનો વિનાશ વેર્યો. જે માર ગયા વર્ષે ગુજરાતે વેઠવો પડ્યો હતો, એ જ સ્થિતિ આજે મધ્યપ્રદેશમાં છે. મધ્યપ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં તીડોના ઝુંડે આક્રમણ કર્યું છે, પણ આ વખતના આક્રમણમાં સૌથી વધુ નુકસાન મધ્યપ્રદેશને પહોંચ્યું છે. તીડોએ શાકભાજી અને મગના પાકને નુકસાન પહોંચાડ્યું.

ગયા વર્ષે તીડે ગુજરાતમાં મોટાપાયે વિનાશ વેર્યો હતો. તેની પાછળ ઘણા બધાં કારણો જવાબદાર હતાં. ઘણા લાંબા સમય પછી તીડોનું આક્રમણ થયું હતું, ખેડૂતો અને તંત્ર અચાનક થયેલા આ આક્રમણ સામે લડવા સજ્જ નહોતા. પરિણામે તેમના પર કાબૂ મેળવવો મુશ્કેલ બની ગયું હતું. આ વખતે કોવિડ-૧૯ને કારણે જે પરિસ્થિતિ સર્જાઈ છે, તેના કારણે તંત્ર તીડના આક્રમણ સામે પગલાં લેવામાં નબળું પુરવાર થયું છે. ચોમાસું શરૂ થતાં જ ખેડૂતો વિવિધ ધાન્ય, શેરડી, કપાસ અને અન્ય પાકની વાવણી કરે છે, હવે આવા સમયે જો તીડના આક્રમણને રોકવામાં ન આવ્યું તો ખેડૂતોને મોટાપાયે નુકસાન જવાની શક્યતા છે.

સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન થાય કે અચાનક આમ તીડના આક્રમણની ઘટનાઓ કેમ આકાર લઈ રહી છે. તો તેનો જવાબ છે - ઇન્ડિયન ઑશન ડિપોલ. હિન્દ મહાસાગરના નિયત તાપમાન કરતાં વધુ ગરમ થઈ જવાની ઘટનાને ઇન્ડિયન ઑશન ડિપોલ કહેવામાં આવે છે. તેના પરિણામે પૂર્વી અને પશ્ચિમી વિસ્તારોમાં અલગ-અલગ તાપમાન નોંધાય છે. તેને કારણે ભારત અને પશ્ચિમ એશિયામાં પડનારા વરસાદ પર અસર પડે છે. જો પશ્ચિમ ભાગ પૂર્વી ભાગની સરખામણીમાં વધુ ગરમ હોય તો તેને સકારાત્મક રીતે જોવામાં આવે છે. ગયા વર્ષે આ પોઝિટિવ ડિપોલ ખૂબ પ્રભાવી હતો, તેને કારણે જૂન મહિનામાં જ જબરદસ્ત વરસાદ વરસ્યો. લાંબા વર્ષાકાળને કારણે સૂકા વિસ્તારોની માટીમાં પણ ભેજનું પ્રમાણ નોંધાવા લાગ્યું. આ રીતે બદલાયેલો મોસમ અને ભૌગોલિક સ્થિતિ તીડને પ્રજનન માટે મદદરૂપ પુરવાર થાય છે. આમ અનુકૂળ પરિસ્થિતિઓને કારણે તીડની પ્રજનન પ્રક્રિયાને વેગ મળે છે પરિણામે તેમની વસતીમાં પણ વધારો નોંધાય છે. સામાન્ય રીતે તીડ ખરીફ પાક દરમિયાન હુમલો કરતાં હોય છે. એટલે કે જૂનથી નવેમ્બર મહિનાની વચ્ચે તેઓ આક્રમણ કરે છે. જોકે, આ વર્ષે જૂન મહિના પહેલાં જ તેમણે ભારતમાં વિવિધ રાજ્યોમાં નુકસાન કર્યું છે.

માનવામાં આવી રહ્યું છે કે તીડના ઝુંડ બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળને પાર કરતાં નેપાળ અને બાંગ્લાદેશ સુધી પહોંચી શકે છે. જોકે, તેમને ગંગાના મેદાની વિસ્તાર એટલે કે બિહાર-ઝારખંડ પાસે જ રોકી લેવામાં આવે તેવો પ્રયત્ન ભારત દ્વારા કરવામાં આવી રહ્યો છે.

તીડના આક્રમણને રોકવા માટે માઈક્રોનિયરનો ઉપયોગ કરવામાં આવે છે. આ માઈક્રોનિયર બ્રિટનથી મંગાવવામાં આવ્યા છે, પણ કોવિડ-૧૯ને કારણે માઈક્રોનિયર ભારત પહોંચતા સપ્ટેમ્બર મહિના સુધીનો સમય લાગશે તેમ કહેવાઈ રહ્યું છે. હાલમાં જેટલાં માઈક્રોનિયર ભારત પાસે છે તેનાથી જ કામ ચલાવાઈ રહ્યું છે. આ ઉપરાંત હેલિકૉપ્ટર માઉન્ટેડ સ્પ્રે બનાવનારી કંપની પણ બ્રિટનની છે. લૉકડાઉનને કારણે તેના ભાગો પણ ભારત પહોંચી નથી શક્યા.

કેન્દ્ર સરકારે ડ્રોનના ઉપયોગથી સ્પ્રે કરવાની પદ્ધતિને ચોવીસ કલાકમાં જ મંજૂરી આપી દીધી હતી, પરંતુ હજુ સુધી ડ્રોન સ્પ્રેનો ઉપયોગ કરવાની કોઈ રણનીતિ બનાવવામાં આવી હોવાનું જણાવાયું નથી. જનમાનસમાં એવી સમજ પ્રવર્તી રહી છે કે તીડનું આક્રમણ થાય એમાં આપણે કેટલા ટકા, એ તો ખેડૂતોનો પ્રશ્ન છે, જ્યારે આ આક્રમણ એ માત્ર ખેડૂતો પર નથી એ સમજવું રહ્યું. જો ઊભા પાકને નુકસાન થશે તો આપણે ખાઈશું શું, એ વિચારવા જેવી વાત છે. જે પાક બચી ગયો હશે, તે માર્કેટમાં આવશે, ત્યારે તેના ભાવમાં વધઘટ નોંધાશે, એ મુદ્દો પણ આપણને સૌ ને જ સ્પર્શવાનો છે. ■

# માણસને માણસ થવું નથી

માણસમાં અને અગરબત્તીમાં એટલો જ તફાવત છે કે અગબત્તી પોતે સળગે છે અને બીજાને સુવાસ આપે છે જ્યારે માણસ બીજાની સુવાસ જોઈને પોતે સળગે છે. માણસમાં અને હાથીમાં એટલો જ તફાવત છે કે હાથીને માથે અંકુશ છે જ્યારે માણસ નિરંકુશ છે. માણસમાં અને મંત્રીમાં એટલો જ તફાવત છે કે માણસમાંથી મંત્રી થઈ શકાય છે, પરંતુ મંત્રી થયા પછી માણસ બનીને રહેવું બધાના હાથમાં હોતું નથી.

'જે માતાજી પથુભા' મેં કહ્યું.

'જે માતાજી લેખક જે માતાજી.' લવલી પાન સેન્ટરના માલિક પથુભાએ મને મારું 'જે માતાજી' ડબલ કરીને પાછું વાળ્યું.

'આજના શું નવીન છે બાપુ?'

'મેં તો હવે કોરોનાના સમાચાર વાંચવાનું અને જોવાનું બંને બંધ કર્યા છે.'

'એ બહુ સારું કર્યું, કારણ જે પ્રકારના સમાચારથી ડર વધે એવું કશું જોવું કે વાંચવું નહીં.' મેં અનુમોદના આપી.

'બીજા સમાચાર વાંચીએ છીએ તો પણ બીક જ લાગે છે.'

'બીજા કયા સમાચાર?'

'મુંબઈ અને દક્ષિણ ગુજરાત ઉપર નિસર્ગ નામનું વાવાઝોડું ત્રાટકશે, કેરળમાં સગર્ભા હાથણીની હત્યા, કોંગ્રેસમાંથી વધુ એક ધારાસભ્યનું રાજીનામું.' પથુભાએ દાખલા દીધા.



'વાવાઝોડું તો કુદરતે સર્જેલી આફત છે એમાં આપણું કશું ડહાપણ ન ચાલે, પરંતુ હાથણીની હત્યા અને ધારાસભ્યનું રાજીનામું એમાં કુદરતનો કોઈ દોષ નથી.' મેં કહ્યું.

'આ વાવાઝોડું પહેલાં ભાવનગરમાં આવવાનું હતું. મારા એક સાઢુભાઈ ભાવનગર રહે છે. એમણે એમના દીકરાને મારા ઘરે મોકલી દીધો અને દીકરા સાથે ચિઠ્ઠી મોકલી કે અમારા શહેરમાં વાવાઝોડું આવવાનું હોવાથી અમારા કુંવરને થોડા દિવસ તમારા ઘરે રાખજો.'

'એ સારું કર્યું...'

'સારું નહીં, પણ ખરાબ કર્યું.' પથુભા બોલ્યા.

'ખરાબ કેવી રીતે?'

'મેં ત્રણ દિવસ પછી સાઢુભાઈના છોકરાને પાછો ભાવનગર મોકલી દીધો અને સાથે ચિઠ્ઠી મોકલી કે તમારા દીકરાને રાખો અને વાવાઝોડું મોકલો.'

'શું વાત કરો છો?'

'હા... એમના દીકરાએ અમારી શેરીમાં વાવાઝોડું ઊભું કર્યું.'

'તો તમે જે કર્યું એ બરાબર કર્યું.' મેં કહ્યું.

'મેં તો બરાબર કર્યું, પણ કેરળમાં નિર્દય માણસોએ સગર્ભા હાથણીની હત્યા કરીને બહુ ખરાબ કર્યું.'

'જ્યાં સુધી માણસ નિર્દોષ પશુ-પક્ષીઓની નિર્મમ હત્યા કરતો રહેશે ત્યાં સુધી કોરોના જેવી મહામારીઓ આવતી જ રહેશે.'

'આપણે બીજાને અડવું નહીં એ તો શીખી ગયા, પરંતુ બીજાને નડવું નહીં એ ક્યારે શીખીશું?'

'માણસે જીવનમાં આગળ વધવું હોય તો નાના માણસના હાથ પકડવા જોઈએ એના બદલે ભારતમાં મોટા માણસના પગ પકડવાનો રિવાજ છે.'

'બહુ સાચી વાત કરી છે.'

'આપણે ત્યાં પગ ખેંચવા અથવા પગ પકડવા બસ બે ક્રિયાઓ વધુ ચાલે છે એટલે માણસ ઉન્નત શિર રહેવાને બદલે હંમેશાં નતમસ્તક જ રહે છે.'

'આ જુઓ ને કોંગ્રેસમાંથી ત્રીજો ધારાસભ્ય ઓછો થયો.'

'એક રાજ્યમાં એકવાર એક મુખ્યમંત્રી ઉપર ફોન આવ્યો કે એક ખૂંખાર ડાકુ

પથુભાએ પૂછ્યું.

'મને લાગે છે કે ભારતમાં કોરોનાથી ખાસ નુકસાન થશે નહીં.'

'એ શા પરથી કહો છો?'

'આપણે પહેલેથી જ હાથ મિલાવવાને બદલે પગ ખેંચવામાં માહેર છીએ.'

'વાહ લેખક વાહ...'

# હસતાં રહેજો રાજ

જેલમાંથી ભાગી ગયો છે.' મેં વાત માંડી.

'પછી?'

'મુખ્યમંત્રીએ એટલું જ કહ્યું કે ખૂંખાર

> 'મેં ત્રણ દિવસ પછી સાઢુભાઈના છોકરાને પાછો ભાવનગર મોકલી દીધો અને સાથે ચિઠ્ઠી મોકલી કે તમારા દીકરાને રાખો અને વાવાઝોડું મોકલો.'




ડાકુ ભલે છટકી ગયો, પણ ધ્યાન રાખજો આપણા પક્ષમાંથી એક પણ ધારાસભ્ય છટકવો જોઈએ નહીં.'

'આપણા મુખ્યમંત્રીને એવી ચિંતા નથી, કારણ જે ધારાસભ્યો છટકે છે એ બધા કોંગ્રેસમાંથી છટકે છે.'

'સાચું ખોટું તો ભગવાન જાણે, બાકી કોઈકે એવું કહ્યું કે ધારાસભ્યોના વેચાણ કરોડો રૂપિયામાં થાય છે.'

'રૂપિયાથી વેચાય કે ના વેચાય બાકી પ્રલોભનથી જરૂર વેચાતા હશે એમાં શંકા નથી.'

'તમને તો ખબર છે કે બાપુ કે હું ગયા વર્લ્ડકપની સેમિફાઇનલ જોવા માટે છેક ઈંગ્લેન્ડના માન્ચેસ્ટરમાં ગયો હતો.'

'હા... ખબર છે. અમે તમને ટીવીમાં જોયા પણ હતા.'

'એક દિવસની મેચ બે દિવસ સુધી ચાલી હતી.'

'હા, વન-ડેમાંથી ટુ ડે થઈ ગઈ હતી.'

'બીજા દિવસે ભારત ન્યૂઝીલેન્ડ સામે હારી ગયું.'

'હારી જ જાય ને? આપણા ભારતીયોનો સ્વભાવ છે કે કોઈ એક દિવસની સેલેરી આપે અને બે દિવસ કામ કરાવે તો બીજા દિવસે કામમાં વેઠ જ ઉતારે.' પથુભાએ સિક્સર મારી.

'એવું નહોતું... ધોની અને જાડેજા બહુ સારું રમ્યા, પરંતુ ધોની આઉટ થયો પછી પડતી શરૂ થઈ હતી.'

'તમે એ મેચની શું વાત કરતા હતા?' પથુભાએ પૂછ્યું.

'મેં ભારત હારી ગયા પછી માન્ચેસ્ટરથી ભાજપના એક સિનિયર નેતાજીને ફોન કરીને સમાચાર આપ્યા કે સાહેબ, ભારત હારી ગયું.'

'પછી?'

'એમણે મને કહ્યું કે હા, હું ટીવીમાં જોતો હતો.'

'પછી?'

'મેં કહ્યું કે સાહેબ, માત્ર અઢાર રન માટે આપણે હારી ગયા. આ સાંભળી એમણે જવાબ આપ્યો એ સાંભળવા જેવો છે.' મેં કહ્યું.

'શું જવાબ આપ્યો?' પથુભાને રસ પડ્યો.

'સાહેબે કહ્યું કે, અઢાર રન ખૂટતા હતા એટલે હું લાચાર હતો બાકી અઢાર ધારાસભ્ય ખૂટતા હોય તો ચપટી વગાડતા પુરા કરી દઉં.'

'નેતા ગમે તે પક્ષના હશે એ જલસા કરશે. એકવાર ચુંટાઈ ગયા પછી કોરોના નહોતો ત્યારે પણ નેતાઓ મતદાર સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવતા જ હતા.'

'મને તો હાથણી અને એનું બચ્ચું મરી ગયા એનું દુ:ખ થાય છે.' મેં કહ્યું.

'એ હાથણી અને બચ્ચું બંને સ્વર્ગમાં બેઠાં-બેઠાં વાત કરતાં હતાં.'

'શું વાત કરતાં હતાં?' હવે મને રસ પડ્યો.

'બચ્ચું કહેતું હતું કે મમ્મી, મને પણ એમ જ લાગ્યું હતું કે અનનાસ છે, પરંતુ અંદરથી બોમ્બ નીકળ્યો.'

'પછી?'

'હાથણી બોલી કે બેટા, મને પણ એમ જ લાગતું હતું કે માણસ છે, પરંતુ અંદરથી રાક્ષસ નીકળ્યો.'

'ચીન સરહદ ઉપર વાતાવરણ તંગ કરે છે, પાકિસ્તાન હજુ પણ છમકલાં કરે છે માણસ હજુ પણ હાથણીની હત્યા કરે છે. તમે વિચાર કરો કે કોરોનાની વૈશ્વિક મહામારીમાં પણ માણસ સુધરવાનું નામ લેતો નથી.'

'જુઓ લેખક, સિંહ ડણકે, ભેંસ ભાંભરે, શિયાળ લાળી કરે, ગધેડું ભૂંકે, કૂતરું ભસે પરંતુ માણસની જાત એવી છે કે એ સમય આવે ત્યારે આ બધું કરી શકે છે.' પથુભાએ કહ્યું.

'બધાં પશુઓને ભગવાને આડા બનાવ્યા છે અને એ બધા સીધા ચાલે છે અને મનુષ્યને એકને ભગવાને સીધો બનાવ્યો છે એ જીવનમાં ક્યારેય સીધો ચાલતો નથી. અત્યારે એમ લાગે છે કે માણસ લૉકડાઉનમાં હતો એ સારો હતો, કારણ આ અનલૉક કરવા જેવો જીવ નથી.' મેં વાત પુરી કરી અને મારા ઘર તરફ પ્રયાણ કર્યું. ■

# ફેમિલી ઝોન



# 'મા'ની પીડાને ચિત્ર થકી વાચા આપવાનો પ્રયત્ન

**ક્રૂરતા – નિર્દયીપણા – સંવેદનહીનતાનું ઉદાહરણ હમણા દેશે જોયું. પંદર વર્ષની હાથણીના મોતના રૂપમાં અને તે પણ ગર્ભવતી હાથણીના મોતના રૂપમાં. એક માતા અને તેના ગર્ભસ્થ શિશુના મોતના રૂપમાં. ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે જેને આ સમાચાર જાણીને દુઃખ નહીં થયું હોય. આ ઘટના એ વાતની પણ સાબિતી આપે છે કે દુનિયામાં એવા પણ માણસો છે જેમના માટે અબોલ પ્રાણીઓનું જીવન અને અસ્તિત્વ કોઈ મહત્ત્વ નથી રાખતાં. આવા જ કોઈ અનુકંપાવિહીન માણસના કારનામાનો ભોગ બની પંદર વર્ષની હાથણી અને ગર્ભમાં રહેલું તેનું બચ્ચું.**

**હેતલ ભટ્ટ**

અંગ્રેજીમાં માતાઓ માટે એક વાક્ય વાપરવામાં આવે છે - આર યુ એન એલિફન્ટ મૉમ એટલે કે શું તમે હાથી જેવી મા છો. પ્રાણીજગતમાં માદા હાથીઓ જેવી રીતે પોતાના બચ્ચાનું ધ્યાન રાખે છે - ઉછેર કરે છે - ઘડતર કરે છે એવી રીતે બીજા કોઈ પ્રાણીઓ પોતાના બચ્ચાનું પાલન-પોષણ નથી કરતાં. હાથી બચ્ચાને જન્મ આપતાં પહેલાં બે વર્ષ સુધી પોતાના ગર્ભમાં રાખીને ફરે છે. જ્યારે બચ્ચાનો જન્મ થાય ત્યાર બાદ સતત તેનું ધ્યાન રાખે છે. તેને પોષણક્ષમ ખોરાક મળે તેનું ધ્યાન રાખે છે. જરૂરિયાતના સમયે સૂંઢનો કેવી રીતે ઉપયોગ કરવો તેની તાલીમ આપે છે, સાથે જ વન્યસૃષ્ટિની જાળવણીમાં કેવી રીતે પોતાનું યોગદાન આપવું તેની પણ સમજ

આપે છે. આમ તો દર વર્ષે લગભગ સો જેટલા હાથીઓ મનુષ્યોની અવળચંડાઈને કારણે મૃત્યુ પામે છે, પણ તાજેતરમાં કેરળમાં થયેલા હાથણીના મૃત્યુએ લોકોનું



કાળજું કંપાવી નાંખ્યું. સાથે જ મનુષ્યોના અબોલ જીવો તરફના ક્રૂર ચહેરાને ઉજાગર કર્યો અને માનવતાને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવાનું કામ કર્યું.

હાથણીના મૃત્યુના સમાચારથી વ્યથિત થયેલા લોકોએ પોતપોતાની રીતે તેને શ્રદ્ધાંજલિ આપવાનો અને અબોલ જીવો તરફ અનુકંપા બતાવવાનો પ્રયત્ન કર્યો છે. આવો જ એક પ્રયત્ન રાજસ્થાનના ભીલવાડા સ્થિત માંડના કલાકાર વિદ્યા દેવી સોનીએ કર્યો છે. બોત્તેર વર્ષીય વિદ્યાદેવીએ માંડના ચિત્રશૈલીમાં હાથણી અને તેના ગર્ભસ્થ શિશુનું ચિત્ર બનાવ્યું છે, જેને હરાજી માટે મૂકવામાં આવ્યું છે. આ ચિત્રમાં માત્ર હાથણી જ નહીં, પણ એક માતાની મનોવેદના વ્યક્ત કરવામાં આવી છે. એક મા નવ મહિના સુધી બાળકને પોતાના ગર્ભમાં રાખે છે. ક્ષણે ક્ષણે તેનું રક્ષણ કરે છે - કાળજી રાખે છે. અસહ્ય પ્રસવ-પીડા સહન કરીને મા જ્યારે બાળકને જન્મ આપે છે ને ત્યારે તે ઈશ્વરની તોલે આવી જાય છે. જ્યારે માતૃત્વની વાત થાય છે ત્યારે તે માત્ર મનુષ્યો પૂરતી જ સીમિત નથી હોતી, કારણ દુનિયાના દરેક ખૂણે માનવી હોય કે પ્રાણી, મા તો મા જ હોય છે. એ માએ જ્યારે મનુષ્યો દ્વારા તૈયાર કરવામાં આવેલું ફટાકડા ભરેલું અનનાસ આરોગ્યું અને તેને શારીરિક હાનિ પહોંચી. તેના ગર્ભસ્થ શિશુએ ગર્ભમાં જ છેલ્લા શ્વાસ લીધા ત્યારે એ અબોલ જીવને કેટલી વેદના થઈ હશે અને એથી પણ વિશેષ તેના શરીરમાં લાગેલી દાહને બુઝાવવા માટે કેટલાય દિવસો સુધી નહીં ઊંઘી શકેલી એ હાથણીએ નદીમાં જઈને આગ ઠારવાનો પ્રયાસ કર્યો, પણ અસફળ રહી. એ ક્ષણ તેના માટે કેટલી વરવી રહી હશે એ મનોભાવોને વર્ણવવાનો પ્રયત્ન વિદ્યાદેવીએ પોતાના ચિત્રમાં કર્યો છે.

ચિત્રના સંદર્ભમાં વિદ્યાદેવીનું કહેવું છે કે, 'જ્યારે મેં હાથણી સાથે ઘટેલી ઘટના સાંભળી તો મન વ્યથિત થઈ ગયું. સાથે જ મને બાળપણના દિવસો યાદ આવી ગયા. અમારા ઘરમાં રહેલી ગાય-ભેંસો જ્યારે વિયાવાની થતી ત્યારે તેમની અસહ્ય વેદનાના ચિત્કાર અમારા મનને હચમચાવી મૂકતા. તેમને જે પીડા થતી તે જોવી જ મુશ્કેલ હતી, તો અબોલ જીવ તો કેવી રીતે એ પીડા સહન કરી શકતા હશે. માત્ર અબોલ જીવો જ નહીં, પૃથ્વી પરની દરેક મા જેણે પ્રસવ-પીડા અનુભવી હશે એ જ આ પીડાને સમજી શકશે. ખેર, અમારા ઘરની વડીલ મહિલાઓ એ સમયે મૂક પશુનું ધ્યાન રાખતી. સારસંભાળ રાખતી. જ્યારે મેં એ હાથણી વિશે સાંભળ્યું તો મને વિચાર આવ્યો કે અમારા ઘરમાં તો ગર્ભવતી પશુઓનું ધ્યાન રાખવા માટે મહિલાઓ તો હતી, એ હાથણી પાસે તો કોઈ જ નહોતું. એને પણ પોતાની પીડા કોઈને કહેવી હશે, પોતાને થયેલી ઈજા - તેના બાળકને થયેલી ઈજાની વાત કોઈને કરવી હશે, પણ તેની પાસે એ સમયે કોઈ જ નહોતું. ખબર નથી કે એ હાથણીના મનમાં એ સમયે શું વિચારો ચાલી રહ્યા હશે. એ



*માંડના આર્ટવર્ક*

કેટલી તકલીફમાંથી પસાર થઈ હશે. કદાચ, કોઈ તેને બચાવી શક્યું હોત.'

વિદ્યાદેવીએ માંડના ચિત્રશૈલીમાં હાથણીના એ મનોભાવોને ચિત્રિત કર્યા છે. માંડના એ ચિત્રશૈલીનો એક પ્રકાર છે. જેવી રીતે આપણે ત્યાં કચ્છમાં દીવાલો પર કરવામાં આવતું લીપણ કામ અથવા મડ વર્ક જાણીતું છે એવી રીતે રાજસ્થાનમાં માલવા અને નીમાડ પ્રદેશમાં માંડના વર્ક જાણીતું છે. માંડના શબ્દ મંડન પરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે - સજ્જા. ઘરના સાજસજ્જા. માલવા અને નીમાડ વિસ્તારની મહિલાઓ તહેવારોમાં - ખુશીના અવસર પર ઘરની દીવાલોને માંડના આર્ટવર્કથી સુશોભિત કરે છે. હવે જોકે, ઘણા વિસ્તારોમાં માંડના વર્ક પ્રસર્યું છે અને તે દીવાલો પૂરતું સીમિત ન રહેતાં હવે કેન્વાસ પર પણ ઊતર્યું છે. હાથણીને સમર્પિત આ માંડના વર્ક એ ખુશીના પ્રતીક રૂપે નહીં, પણ માણસાઈના આહ્વાનના ભાગરૂપે ચિત્રિત કરવામાં આવ્યું છે.

વિદ્યાદેવી દ્વારા તૈયાર કરવામાં આવેલા આ માંડના આર્ટવર્કને સોશિયલ મીડિયા પર હરાજી માટે મૂકવામાં આવ્યું છે અને તેમાંથી જે રકમ મળશે તે અબોલ જીવો પાછળ વાપરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. ખેર, વિદ્યાદેવી પાસે તો તેમની પીડા વ્યક્ત કરવા માટે કલા જેવું સબળ માધ્યમ છે, પણ વાસ્તવિકતા એ છે કે હાલના સમયમાં એક તરફ પ્રકૃતિએ આપણને તેની અહેમિયત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે બીજી તરફ એવા કેટલાક માણસો પણ અસ્તિત્વ ધરાવે છે જેમને પ્રકૃતિ કે પ્રાણી સાથે કોઈ નિસ્બત નથી. તેમને નિસ્બત છે તો માત્ર પોતાના સ્વાર્થીપણા સાથે. ■



**કોરોના મહામારીનો સામનો લોકો મક્કમતાથી કરી રહ્યાં છે. લૉકડાઉન પૂર્ણ થયું છે, પરંતુ કોરોનાનો કહેર હજુ પણ યથાવત છે એ વાતનો લોકો સ્વીકાર કરી રહ્યાં છે. ડૉક્ટર્સે કહેલા નિયમોને ફોલો પણ કરે છે. આ સમયમાં યુવાનો પણ પાછી પાની કર્યા વિના લોકોમાં પોઝિટિવ એનર્જીનો સંચાર કરવા માટે નિત નવા વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર અપલૉડ કરે છે.**

# યુવાનો પોઝિટિવ થિન્કિંગ સાથે
# લોકોમાં કરે છે ઊર્જાનો સંચાર

કોરાના સમયમાં સૌથી પસંદ થયેલો વીડિયો સોન્ગ હોય તો તે છે હમ હોંગે કામિયાબ.., આ ગીતના શબ્દો જ એવા છે જે મુશ્કેલી સામે લડવાની ક્ષમતા આપે છે. એક બાજુ કોરોના વાઇરસથી લોકો મરી રહ્યા છે, બીજી બાજુ ડોક્ટર દર્દીઓને બચાવવાના પ્રયત્ન કરી રહ્યા છે. રસ્તાઓ ખૂલ્યા છતાં પણ લોકોમાં એક ડર છે. જનજીવન થાળે પડતા કેટલા મહિનાઓ લાગશે તેની પણ કોઈને જાણ નથી, ત્યારે યુવાનો જુદા-જુદા પોઝિટિવ થિંકવાળા વીડિયો સોન્ગ બનાવીને લોકોને સમસ્યા સામે લડવાની પ્રેરણા આપે છે. લોકડાઉન પિરિયડ શરૂ થયો ત્યારથી જ સેલિબ્રિટીથી લઈને સામાન્ય વ્યક્તિ પણ બધું રાબેતા મુજબ થઈ જશે તેવી આશા રાખવાના મેસેજ ફોરવર્ડ કરે છે, પરંતુ જ્યારે લોકડાઉન ઓપન થયું ત્યારે પણ લોકોમાં એક હતાશા હતી, ડર હતો, એક બાજુ પરિવારને ચલાવવા માટે બહાર જવું ફરજિયાત હતું તો બીજી બાજુ શું થશે જેવા સવાલો હતા. આવી અસમંજસની સ્થિતિમાં હકારાત્મક મેસેજ, વીડિયો અને વાતો નિરાશાજનક વાતાવરણને દૂર કરે છે.

આ વિશે વાત કરતા ગ્રીષ્મા ખન્ના કહે છે, 'મને વીડિયો બનાવવા ખૂબ જ પસંદ છે. હું તો રોજનો એક વીડિયો બનાવતી હતી. જ્યારે કોરોનાના કારણે સમગ્ર દેશ લોકડાઉન થયો ત્યારે નક્કી કર્યું હતું, કે આ મુશ્કેલીના દિવસોમાં બીજું કશું ભલે ના કરી શકીએ, પરંતુ સારા મેસેજ અને વીડિયોથી લોકોમાં થોડી પણ ધીરજ વધારી શકીશ તો મારો પ્રયત્ન સફળ થશે. લોકડાઉન ઓપન થયા પછી પણ હું મારી આસપાસ અને મિત્ર વર્તુળમાં નિરાશ વાતાવરણ જોતી, ત્યારે મને લાગ્યું કે મારું કામ હજુ પણ પૂર્ણ નથી થયું. કોમેડી અને અન્ય નાટકીય વીડિયો ઘણા બનાવ્યા, પરંતુ ફરી સમય છે લોકોને આશાવાદી બનાવવાનો. હાલમાં હું જુદા-જુદા સોન્ગના વીડિયો, સારા મેસેજ સોશિયલ મીડિયા પર અપલોડ કરું છું. મને સારી કોમેન્ટ પણ મળે છે. મારા વીડિયોથી લોકોમાં ઉત્સાહ વધે છે અને તેમની કોમેન્ટથી મારામાં પણ ઊર્જાનો સંચાર થાય છે.'

રુદ્રક ગિરી કોલેજના લાસ્ટ યરમાં અભ્યાસ કરે છે, તેને લખવાનો ખૂબ જ શોખ છે. આ વિશે વાત કરતા કહે છે, 'હું હંમેશાં કંઈ ને કંઈ લખતો રહું છું. મારા વિચારોને કાગળ પર ઉતારવાનું મને સારું લાગે છે. કોરોનાથી લોકોમાં હતાશા જોવા મળે છે. આ સમય ક્યારેય પસાર નહીં થાય અને આપણે શું કરીશું જેવા વિચારોથી તેમનામાં નેગેટિવિટી આવે છે. માટે હાલની સ્થિતિને લઈને હું સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી સારા વિચારો પહોંચાડવાનો પ્રયત્ન કરું છું. ઘણીવાર વીડિયો દ્વારા પણ સારી વાતોને અપડેટ કરતો રહું છું.' યુવાનો વીડિયો, મેસેજ અને ટેલિફોનિક વાતો દ્વારા ગ્રૂપ ડિસ્કશન પણ કરે છે. ઉપરાંત વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પણ લોકડાઉન ઓપન થયા પછી, સાવચેતી સાથે પોઝિટિવ વિચારો રાખવાની ચર્ચા કરે છે. આ સમય કપરો છે, અનેક સમસ્યા છે, પરંતુ અંધારી રાત પછી જેમ સૂર્યોદય થવો નિશ્ચિત છે તેવી રીતે આ સમય પણ પસાર થઈ જશે. ■

**હેતલ રાવ**
hetalrao@abhiyaan.com

**વિઝા વિમર્શ** ■ ડૉ. સુધીર શાહ

# કેનેડામાં ઝડપી પ્રવેશ



વર્ષ ૨૦૨૦-૨૧માં કેનેડાની સરકાર ૩,૪૧,૦૦૦ પરદેશીઓને એમને ત્યાં કાયમ રહેવા માટે આવકારવા માગે છે.

કેનેડામાં ઝડપી પ્રવેશ માટે 'એક્સપ્રેસ એન્ટ્રી' હેઠળ ચાર જુદા જુદા પ્રોગ્રામ છેઃ 'ફેડરલ સ્કિલ્ડ વર્કર પ્રોગ્રામ', 'ફેડરલ સ્કિલ્ડ ટ્રેડ પ્રોગ્રામ', 'કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ' અને 'પ્રોવિન્શયલ નોમિની પ્રોગ્રામ'.

આ કટારના લેખક સૌપ્રથમ વાર ટોરેન્ટોમાં કેનેડાની સૌથી મોટી ઇમિગ્રેશનની સલાહ આપતી એટર્નીની ફર્મ 'ગ્રીન એન્ડ સ્પીગલ'ના પાર્ટનરો જોડે વાતચીત કરવા ગયા હતા. એ ફર્મના એટર્ની જોડે વાતચીત દરમિયાન એમને કહેવામાં આવ્યું કે જે 'યંગ સ્ટ્રીટ' ઉપર એમની હોટેલ આવી હતી એ વિશ્વની સૌથી લાંબી, ૧૮૯૬ કિલોમીટરની લંબાઈ ધરાવતી સ્ટ્રીટ હતી, પણ કેનેડાના પરમેનન્ટ રેસિડન્સ બનવું હોય તો એ માટે લાંબી વાટ જોવી નથી પડતી. જો લાયકાત હોય તો ૬-૧૨ મહિનાની અંદર જ કેનેડાની પરમેનન્ટ રેસિડન્સી મળી શકે છે.

જે પરદેશીઓને એમને ત્યાં કાયમ રહેવાની કેનેડા પરવાનગી આપે છે એમને તેઓ એક 'સ્ટેટસ ડોક્યુમેન્ટ' આપે છે. પરદેશીઓએ એમને સ્ટેટસ ડોક્યુમેન્ટ મળ્યા હોય ત્યારથી પાંચ વર્ષના સમય દરમિયાન કુલ્લે બે વર્ષથી વધુ કેનેડાની બહાર રહેવું ન જોઈએ.

કેનેડાના 'એક્સપ્રેસ એન્ટ્રી'ના, એટલે ઝડપી પ્રવેશ માટેના, જે ચાર પ્રોગ્રામ છે એમાંનો પહેલો પ્રોગ્રામ એટલે કે 'ફેડરલ સ્કિલ્ડ વર્કર પ્રોગ્રામ' હેઠળ કોઈ પણ પરદેશી, જે ૨૦થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમરનો હોય, જેની પાસે કોઈ ખાસ કાર્યનો અનુભવ હોય, અંગ્રેજી યા ફ્રેન્ચ ભાષા સારી રીતે લખી, વાંચી અને બોલી શકતો હોય અને ભણેલો હોય, મૅનેજર તરીકે સ્કિલ્ડ એક્સપિરિયન્સ કેપેસિટી મેળવેલી હોય, પ્રોફેશનલ યા ટૅક્નિકલ તરીકેનો અનુભવ હોય એ પી.આર. માટે અરજી કરી શકે છે. એ પરદેશીએ એની ઉંમર, ભણતર, વર્ક એક્સપિરિયન્સ, કેનેડામાં નોકરીની ઑફર, અંગ્રેજી તેમ જ ફ્રેન્ચ ભાષાનું જ્ઞાન, કેનેડામાં, ત્યાંની ઠંડીમાં, ત્યાંના વાતાવરણમાં, એ વ્યક્તિ પોતાની જાતને કેવી રીતે ગોઠવી શકશે, આ બધું જણાવવાનું રહે છે. દરેક લાયકાત માટે પૉઇન્ટ્સ આપવામાં આવે છે. ૧૦૦માંથી ઓછામાં ઓછા ૬૭ પોઈન્ટ્સ મળ્યા હોય એ પરદેશીને 'એક્સપ્રેસ એન્ટ્રી પુલ'માં દાખલ કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. આ માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવે છે. એ સમયમાં એ પરદેશીએ દસ્તાવેજો આપીને અરજી કરવાની રહે છે. સૌથી વધુ પોઈન્ટ્સ મેળવનારું સિલેક્શન થાય છે. એમનો ઈન્ટરવ્યૂ લઈને અને અન્ય વિગતો તપાસીને પી.આર. આપવામાં આવે છે. આ આખી પ્રક્રિયા ૬-૧૨ મહિનાની અંદર પૂરી થાય છે. જો તમે યોગ્ય ઠરો તો તમને કેનેડામાં કાયમ રહેવા માટેના 'સ્ટેટસ ડોક્યુમેન્ટ' આપવામાં આવે છે. એ મળેથી તમારે એક વર્ષની અંદર કેનેડામાં કાયમ રહેવા માટે પ્રવેશવાનું રહે છે. જેમને સ્ટેટસ ડોક્યુમેન્ટ મળ્યા હોય એમની જોડે એમની પત્ની યા પતિ અને બાવીસ વર્ષથી નીચેની વયનાં અવિવાહિત સંતાનોને પણ કેનેડામાં કાયમ રહેવા માટેના 'સ્ટેટસ ડોક્યુમેન્ટ' મળી શકે છે.

ગુજરાતમાંથી આજે અનેકો કેનેડાનું પીઆર મેળવવા માટે ફાંફાં મારે છે. વિદ્યાર્થીઓ કેનેડાની યુનિવર્સિટીઓમાં ભણવા જાય છે. ભણી રહ્યા બાદ કેનેડાનું પીઆર મેળવવું સહેલું હોય છે. વર્ષ ૨૦૧૬માં ૩૯,૩૪૦ ભારતીયોએ કેનેડાના પી.આર. મેળવ્યા હતા. ગયા વર્ષે એમાં ૧૦૫ ટકાનો વધારો થયો હતો. ૮૦,૬૮૫ ભારતીયોએ કેનેડાના પી.આર. મેળવ્યા હતા.

અનેક ભારતીયોની પી.આર. મેળવવાની અરજીઓ ખોટી સલાહ, ખોટા દસ્તાવેજોના કારણે, અપૂરતી જાણકારી અને સરખી તૈયારીઓના અભાવે રિજેક્ટ થાય છે. કેનેડા હોશિયાર, ભણેલાગણેલા ભારતીયોને પોતાને ત્યાં કાયમ રહેવા માટે આવકારવા ઈચ્છે છે. વિશ્વના અન્ય દેશોના લોકો કરતાં ભારતીયો અંગ્રેજી ભાષા ઉપર પ્રમાણમાં વધુ પ્રભુત્વ ધરાવે છે. વધુ પ્રમાણમાં ભણેલા છે. કમ્પ્યુટર સાયન્સમાં વધુ નિષ્ણાત છે.

અનેક ભારતીયોની પી.આર. મેળવવાની અરજીઓ ખોટી સલાહ, ખોટા દસ્તાવેજોના કારણે, અપૂરતી જાણકારી અને સરખી તૈયારીઓના અભાવે રિજેક્ટ થાય છે

એન્જિનિયરિંગ અને મિકેનિકલ કામમાં નિપુણ છે. ભારતીયોને કેનેડાના પી.આર. મેળવવા માટે ખૂબ તકો છે. હવેથી કદાચ કેનેડા ચીનાઓને એમના પીઆર આપતાં ખચકાશે. જે કોઈ પણ ભારતીય કેનેડા જવાની ઈચ્છા ધરાવતા હોય એમને આ લેખકની સલાહ છે કે તેઓ અંગ્રેજીનું જ્ઞાન વધારે. અંગ્રેજી લખતાં, વાંચતાં અને બોલતાં સારું આવડે એના પ્રયત્નો આદરી દે. ફ્રેન્ચ ભાષા શીખવાનું શરૂ કરી દે. ભાષા ગમે તે ઉંમરે શીખી શકાય છે. યુનિવર્સિટીની ડિગ્રી પ્રાપ્ત કરે. એકાદ-બે વર્ષનો કામનો અનુભવ મેળવે. કોઈનું સાંભળીને ખોટું ન કરે. સચ્ચાઈનો જ આગ્રહ રાખે.

'ફેડરલ સ્કિલ્ડ વર્કર પ્રોગ્રામ' હેઠળ કેનેડામાં ઝડપી, હા, ખૂબ ઝડપી પ્રવેશ મળી શકે છે. ■

## ગ્રીનકાર્ડ ધારકો માટે અગત્યનું...

અમેરિકાના ગ્રીનકાર્ડ ધારકો, જેઓ ઈન્ડિયા આવ્યા છે અને 'કોવિડ-૧૯'ના કારણે લોકડાઉન અને વિમાની સેવાઓ બંધ હોવાના કારણે એક વર્ષની અંદર અમેરિકા પાછા જઈ નથી શક્યા તેમ જ 'રિટર્નિંગ રેસિડન્ટ પરમિટ' મેળવીને આવેલા ગ્રીનકાર્ડ ધારકો બે વર્ષની અંદર અમેરિકા પાછા જઈ નથી શક્યા, એમણે 'રિટર્નિંગ રેસિડન્ટ એલિયન' તરીકે ઈન્ડિયામાં આવેલ અમેરિકન કોન્સ્યુલેટમાં ફોર્મ 'ડીએસ-૧૧૭' ભરીને અરજી કરીને 'ટ્રાવેલ ડોક્યુમેન્ટ' મેળવવાના રહેશે. એ મળતાં એમને અમેરિકામાં પ્રવેશ મળી શકશે.

# ઓનલાઇન ઇન્ટરવ્યૂની પરફેક્ટ તૈયારી

**વર્તમાન સમયમાં જુદા-જુદા ડિપાર્ટમેન્ટની જોબ માટે ઓફ્લાઇનની જગ્યાએ ઓનલાઇન ઇન્ટરવ્યૂ પર પસંદગી ઉતારવામાં આવી રહી છે. આવા સમયે કેટલીક વાતો એવી છે જેની પર ધ્યાન આપવાથી ઇન્ટરવ્યૂઅર્સ પર સારી ઇમ્પ્રેશન પડે છે. સાથે જ જોબ મળવાની શક્યતામાં પણ વધારો થાય છે.**

દેશમાં જે પ્રમાણે હાલની સ્થિતિ છે તે જોતા મોટા પ્રમાણમાં કંપનીઓ ઓફ્લાઇનની જગ્યાએ ઓનલાઇન ઇન્ટરવ્યૂને આવકારી રહ્યા છે, પરંતુ ઓફ્લાઇન કરતાં ઓનલાઇનમાં થોડી મહત્ત્વની વાતોનું ધ્યાન રાખવું જરૂરી છે. ઇન્ટરવ્યૂ જુદા-જુદા ફિલ્ડ, હોદ્દા અને વિષયોના હોય શકે, પરંતુ તેની સાથે જોડાયેલી ઘણી વાતો સમાન હોય છે. ઓનલાઇન ઇન્ટરવ્યૂની થોડી બેઝિક વાતોને સમજવી જરૂરી છે.

**તૈયારી કેવી કરવી :** કોઈ પણ વિષયની પરીક્ષા કે ઇન્ટરવ્યૂ હોય, પરંતુ તેમાં સફળતા મળે અને પસંદગી થાય તે ત્યારે જ શક્ય બને જ્યારે તમારી તૈયારી યોગ્ય હોય. કોઈ પણ રિઝલ્ટ તમારી તૈયારી પર નિર્ભર કરે છે. શરૂઆતના સમયમાં આપવામાં આવતી પરીક્ષા કે ટેસ્ટથી લઈ ઇન્ટરવ્યૂનું આયોજન પરફેક્ટ તૈયારી સાથે કરવાથી સફળતાના ચાન્સ વધી જાય છે. દરેક વિષય પર પૂર્ણ રીતે કાર્ય કરવાની સાથે યોગ્ય સમય આપવો જોઈએ. તમારી તૈયારી સારી હશે તો આત્મવિશ્વાસમાં પણ વધારો થશે અને ઇન્ટરવ્યૂ દરમિયાન અડગ રહીને દરેક સવાલના જવાબ આપી શકશો. ઇન્ટરવ્યૂ પહેલા સંબંધિત સંસ્થા અને કંપની વિશે સંપૂર્ણ જાણકારી મેળવી લેવી જરૂરી છે. જે હોદ્દા માટે તમે અરજી કરી છે તેનું જ્ઞાન હોવું પણ આવશ્યક છે. ઉપરાંત પોતાના વિષયની પણ જાણકારી હોવી જોઈએ.

**ઇન્ટરનેટ સ્પીડ અને સોફ્ટવેરનું નિરીક્ષણ :** કોઈ પણ પ્રકારના ઓનલાઇન ઇન્ટરવ્યૂમાં ઇન્ટરનેટ સ્પીડની ભૂમિકા સૌથી વધારે મહત્ત્વની છે. જ્યારે તમે ઓનલાઇન ઇન્ટરવ્યૂ આપી રહ્યા હોય ત્યારે તમારા ઇન્ટરનેટ કનેક્શનનું બરોબર રીતે ધ્યાન રાખો. આ સમય દરમિયાન ઇન્ટરનેટની સ્પીડ સારી હોવી જોઈએ. મોબાઇલ હોટસ્પોટની જગ્યાએ બ્રોડબેન્ડનો ઉપયોગ કરવો જોઈએ. નેટ સારું ના હોવાથી ઇન્ટરવ્યૂમાં મુશ્કેલી આવે છે અને કનેક્શન લો થવાથી તેની અસર તમારા ઇન્ટરવ્યૂ પર થાય છે, ઘણીવાર ઇન્ટરવ્યૂ પૂર્ણ થતા નથી. નેટ સ્પીડની સાથે તમે જે સોફ્ટવેર અથવા એપ દ્વારા ઇન્ટરવ્યૂ આપવા જઈ રહ્યા છો તેનું પણ બરોબર રીતે નિરીક્ષણ કરવું જરૂરી છે. ઉપરાંત તેને ઓપરેટ કરવાની સિસ્ટમ પણ સમજી લેવી જોઈએ.

**બોડી લેન્ગ્વેજ પર ધ્યાન આપો :** ઓનલાઇન ઇન્ટરવ્યૂ દરમિયાન તમારી બોડી લેન્ગ્વેજ ઇન્ટરવ્યૂઅર્સને ઇમ્પ્રેસ કરે છે. માટે આ વિષય પર વધારે ધ્યાન આપવું જોઈએ. પોતાની જગ્યા પર શિસ્તબદ્ધ અને ટટ્ટાર બેસીને જ ઇન્ટરવ્યૂ આપવાની રીત યોગ્ય છે. તમારી છબિ અને પોઝિશન સારી દેખાવવી જોઈએ. નર્વસનેસ ભાવ તમારા ચહેરાને નેગેટિવ બનાવે છે માટે જરૂરી છે કે ઇન્ટરવ્યૂ દરમિયાન તમને કોઈ પણ પ્રકારનો ગભરાટ ન થાય. હાથ-પગ કે શરીરની અન્ય મૂવમેન્ટ પર કાબૂ રાખો. જો ઇયરફોન દ્વારા ઇન્ટરવ્યૂ આપવાના હોવ તો પહેલાથી જ તેને સેટ કરવું જરૂરી છે. વાતચીત દરમિયાન વારંવાર ઇયરફોનને ચહેરા પર કે મોઢામાં રાખવાથી ખરાબ ઇમ્પ્રેશન પડે છે. નાની-નાની વાતોને મહત્ત્વ આપીને તેના પર વર્ક કરવું જોઈએ.



**એટિકેટ્સ ફોલો કરો :** ઇન્ટરવ્યૂ દરમિયાન ધીરેથી વાત કરવી યોગ્ય રીત છે, ધીમેથી અને સ્પષ્ટ બોલવું, કારણ કે ઓનલાઇન માધ્યમમાં તમારો અવાજ ઇન્ટરવ્યૂઅર સુધી પહોંચવામાં ફ્રેક્શન ઓફ સેકન્ડનો સમય લાગે છે. ફેસ ટુ ફેસ ઇન્ટરવ્યૂમાં આ સમસ્યા નથી થતી. ઇન્ટરવ્યૂ પૂર્ણ કરવાની ઉતાવળ કરશો નહીં. ઇન્ટરવ્યૂઅર જે કહે તેને ધ્યાનપૂર્વક સાંભળો. ઓનલાઇન ઇન્ટરવ્યૂમાં પણ કપડાંની પસંદગી પ્રોફેશનલી કરો, યુવતીઓ મેકઅપનો ઉપયોગ કરે તો તે વધારે ન થાય તેનું પણ ધ્યાન રાખવું જરૂરી છે.

**જગ્યાની પસંદગી :** ઇન્ટરવ્યૂ માટે જગ્યાની પસંદગી પહેલેથી જ કરો, જ્યાં બેસો તે જગ્યા પર અંધારું ના હોય, લાઇટનો પ્રકાશ માથા પર ના પડે તેનું ધ્યાન રાખો, પ્રયત્ન કરો કે કુદરતી રોશનીમાં ઇન્ટરવ્યૂ આપી શકો. જો રાત્રિ સમયમાં ઇન્ટરવ્યૂ આપવાનું હોય તો લાઇટની વિરુદ્ધ દિશા પસંદ કરો. શાંત વાતાવરણમાં ઇન્ટરવ્યૂ આપવું વધુ અનુકૂળ છે જેના કારણે વાતચીત પર ધ્યાન રહે.

કોઈ પણ ઇન્ટરવ્યૂ પહેલાં પ્રેક્ટિસ કરવાથી તમારામાં આત્મવિશ્વાસ વધશે. માટે રિયલ ઇન્ટરવ્યૂ પહેલાં મોક ઇન્ટરવ્યૂ જરૂરી છે. બની શકે તો કોઈ મિત્ર, શિક્ષક કે વ્યક્તિની મદદથી ઓનલાઇન ઇન્ટરવ્યૂ આપવાની પ્રેક્ટિસ કરો. ■

- હેતલ રાવ

hetalrao@sambhaav.com


# 'બાસુ દા'નું પ્રતિબિંબ ફિલ્મો રૂપે હંમેશાં જીવંત રહેશે



'ઉઠે સબકે કદમ દેખો રમ પમ પમ અજી એસે ગીત ગાયા કરો, કભી ખુશી કભી ગમ તર રમ પમ પમ હસો ઓર હસાયા કરો...' બાતોં બાતોં મેં ફિલ્મનું આ ગીત હંમેશાં યાદ રહે છે. એવી જ રીતે ફિલ્મને ડાયરેક્ટ કરનારા બાસુ ચેટર્જીનું પ્રતિબિંબ પણ હંમેશાં બધાના દિલમાં રહેશે. બોલિવૂડના લેજેન્ડ ફિલ્મ મેકર બાસુ ચેટર્જી ૯૩ વર્ષની ઉંમરે આ દુનિયાને અલવિદા કહી ગયા. હિન્દી ફિલ્મ જગતની ખ્યાતનામ ફિલ્મોના લિસ્ટમાં તેમની ઉમદા ફિલ્મોનો સમાવેશ થાય છે. મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને રચાતી તેમની ફિલ્મો દરેકના હૃદયને સ્પર્શતી હતી. તેમની ફિલ્મોની પટકથામાં વૈવાહિક અને પ્રેમ સંબંધો ઉપરાંત સામાજિક અને નૈતિક મુદ્દાઓને સુંદર રીતે રજૂ કરવામાં આવતા. બાસુ દાની છોટી સી બાત, ચિત્તચોર, રજનીગંધા, પિયા કા ઘર, ગોલમાલ, ખટ્ટા મીઠા, ચક્રવ્યૂહ, બાતોં બાતોં મેં, પ્રિયતમ, મનપસંદ, હમારી બહૂ, અલકા, શૌકિન, અને ચમેલી કી શાદી જેવી અનેક ફિલ્મો છે જેનો સમાવેશ સફળ ફિલ્મના લિસ્ટમાં થાય છે. તેમને ફિલ્મ ફેર, બેસ્ટ ડાયરેક્ટર જેવા ઘણા બધા નામાંકિત એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. હિન્દી ઉપરાંત બાસુ દા બંગાળી ફિલ્મો માટે પણ જાણીતા હતા.

ગત ૪ જૂન તેમનું પોતાના નિવાસસ્થાને નિધન થયું. આ સમાચારથી સમગ્ર બોલિવૂડને આઘાત લાગ્યો. બીમાર હોવા છતાં પણ તેઓ હંમેશાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં રસ લેતાં, પરંતુ ૩ જૂનના દિવસે થયેલા સૂર્યાસ્ત પછી તેમના જીવનનો ક્યારેય સૂર્યોદય ન થયો. આપણી વચ્ચે બાસુ દા નથી, પરંતુ તેઓ પોતાની પાછળ ફિલ્મોની યાદો છોડી ગયા. ■

# ..તો મહિમા બોલિવૂડમાં કમબેક કરશે



'યે દુનિયા એક દુલ્હન.. દુલ્હન કે માથે કી બિંદિયા.. આઇ લવ માય ઇન્ડિયા.. વતન મેરા ઇન્ડિયા..' પરદેશ ફિલ્મનું આ ગીત આજે પણ સાંભળીએ તો અભિનેત્રી મહિમા ચૌધરીનો માસૂમ ચહેરો આંખો સમક્ષ તરવરે, પરંતુ આજે તે બોલિવૂડ દુનિયાથી ઘણી દૂર છે. તાજેતરમાં જ તેણે એક ઇન્ટરવ્યૂમાં પોતાની સફળતાને યાદ કરતા કહ્યું હતું કે, પરદેશ ફિલ્મે મને રાતોરાત સુપરસ્ટાર બનાવી દીધી હતી. એ પછી ઘણીબધી ફિલ્મોની ઓફર એકસાથે મને મળવા લાગી. સુંદર સફરની મજા માણી રહી હતી તે સમયે થયેલા અકસ્માતે મારું સંપૂર્ણ જીવન બદલી નાખ્યું. અજય દેવગણ અને કાજોલ સાથે બેંગ્લુરુમાં દિલ ક્યા કરે ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હતું, ત્યારે કાર અકસ્માત થયો, જ્યારે મને ભાન આવ્યું તો હું મારો ચહેરો કાચમાં જોતા ડરતી હતી, કારણ કે એક્સિડન્ટમાં ૬૭ કાચના ટુકડા ચહેરામાં ઘૂસી ગયા હતા. ત્યાર પછી મને ફિલ્મો મળવાની બંધ થઈ અને મારી કારકિર્દી પર પૂર્ણવિરામ લાગ્યું.

ઉલ્લેખનીય છે કે મહિમાએ ૨૦૦૬માં બિઝનેસ મેન બોબી મુકર્જી સાથે લગ્ન કર્યા હતા, પરંતુ ૨૦૧૩માં તેમના ડિવોર્સ થયા. મહિમા એક દીકરીની માતા છે, વિદ્યા બાલનની ફિલ્મ તુમ્હારી સુલૂ જેવી ફિલ્મ તેને મળે તો તે બોલિવૂડમાં કમબેક કરવા ઇચ્છે છે. ■



ભાવિ

# તમારું વીક કેવું જશે?

**૧૩ જૂનથી ૧૯ જૂન ૨૦૨૦**



**મેષ (અ,લ,ઈ):** જીવનમાં સમાધાનકારી વલણથી સંઘર્ષોથી બચી જશો. વાહન ચલાવવામાં કાળજી રાખશો. ભાગીદારી કામકાજોમાં આર્થિક લાભ મળતો થાય. નોકરિયાત વર્ગને કાર્યભાર વધે.



**વૃષભ (બ,વ,ઉ):** ગ્રહસ્થિતિ તમને સંવેદનશીલ અને વિનમ્ર બનાવશે. ઉતાવળિયા નિર્ણયોથી સંબંધોમાં ખટરાગ ઊભો ન થાય તેની સાવચેતી રાખશો. શારીરિક શ્રમને કારણે સ્વાસ્થ્ય નરમ-ગરમ રહે.



**મિથુન (ક,છ,ઘ):** સામાજિક સંબંધો અને આર્થિક વ્યવહારોમાં ચિંતા હળવી બનશે. ઉપરી અધિકારીઓ સાથે સંયમથી વર્તવું. દલીલો અને વાદવિવાદથી દૂર રહેશો. ઋતુગત બીમારીઓથી સાવધાન રહેવું.



**કર્ક (ડ,હ):** આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધે. બિન-જરૂરી કાર્યોમાં નાણાનો વ્યય થાય. વિદ્યાર્થી જાતકો માટે સમયગાળો લાભદાયી છે. સ્થાવર મિલકત બાબતે આર્થિક બોજો વધવાની શક્યતાને નકારી ન શકાય.



**સિંહ (મ,ટ):** માનસિક વ્યગ્રતા તમારા દૈનિક કાર્યો પર પ્રભાવી થઈ શકે છે. વ્યાવસાયિક કાર્યોમાં અને પ્રોફેશનલ લાઇફનાં કાર્યોમાં આગળ વધી શકશો. આવકની થોડી અનિશ્ચિતતા રહેશે.



**કન્યા (પ,ઠ,ણ):** નવા નિર્ણયો લેવામાં ફાયદો થશે. પરિવારજનો સાથે આનંદ-ઉલ્લાસમાં સમય વિતાવી શકશો. સામાજિક પ્રસંગોમાં ગેરસમજ બનવાની ઘટનાને નકારી ન શકાય. અણધાર્યો ખર્ચ આવી પડે.



**તુલા (ર,ત):** પ્રેમ સંબંધોમાં સાવચેત રહેવું. સામાજિક સંબંધોમાં ખટરાગ ઊભો થાય તેવા પ્રસંગોને નકારી ન શકાય. જાહેરજીવન સાથે સંકળાયેલ જાતકોને કાર્યભાર વધે. સ્વાસ્થ્ય બાબતે જાગૃત રહેવું. વડીલોની ચિંતા રહે.



**વૃશ્ચિક (ન,ય):** પરિવારજનો સાથે વિખવાદનો ભોગ બનવાના પ્રસંગો બને. નવા સાહસો અને ધંધાકીય કરારો માટે સમય શુભ ચાલી રહ્યો છે. મિત્રો અને ભાગીદારોથી આર્થિક લાભ થવાની સંભાવના પણ છે.



**ધન (ભ,ફ,ધ,ઢ):** ધનલાભ માટે સમય શુભ છે. આર્થિક વ્યવહારોમાં ધારણા પ્રમાણેના સોદા પાર પડે. કોર્ટ-કચેરીનાં કાર્યોમાં સફળતા મળે. મેડિટેશનથી લાભ. ગૂઢ વિદ્યામાં રુચિ વધે. સ્વાસ્થ્ય સુધરે.



**મકર (ખ,જ):** દામ્પત્ય જીવનમાં સુમેળભર્યા સંબંધો બની રહે. સામાજિક પ્રતિષ્ઠા મળતી થાય. આકસ્મિક રીતે સામાજિક ખર્ચ વધી જાય. સ્વાસ્થ્યની ચિંતા દૂર થાય. સંતાનો, વડીલોના સ્વાસ્થ્ય માટે સાવચેતી લેવી.



**કુંભ (ગ,શ,સ,ષ):** જીવનસાથી અથવા પ્રિયપાત્ર સાથે નિકટતા વધે. ભાગીદારી વ્યવહારોમાં સફળતા મળે. શેર સટ્ટાના કામકાજોથી દૂર રહેવું. વિદ્યાર્થી વર્ગને મહેનત કરવી પડશે. વડીલોની ચિંતા રહ્યા કરે.



**મીન (દ,ચ,ઝ,થ):** સંતાનોના ભવિષ્યને લઈ ચિંતા રહ્યા કરે. વ્યાવસાયિક કામકાજોના વિસ્તરણ માટે આર્થિક બાબતે ઉતાવળે નિર્ણયો લેવા નહીં. આર્થિક કામકાજો સરળતાપૂર્વક પાર પડતા જાય.

## સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

**પ્રશ્ન : હાલ હું જોબ કરું છું, પરંતુ નોકરી પર જોખમ છે, ક્યારે પણ છૂટી જાય. આ સમયમાં મારા લગ્નનું ગોઠવાયું છે તેની ચિંતા છે, મારા જીવનમાં પરિસ્થિતિ સારી ક્યારે બનશે? વિધિ-વિધાન જણાવશો. - ધિમંત જોષી,** સુરત

**જવાબ - ધિમંતભાઈ, આપે મોકલાવેલ કુંડળીનો અભ્યાસ કર્યો. લગ્ન બાબતે ચિંતા કરવા જેવું નથી. તમારે લગ્ન વિઘ્ન નિવારણ યંત્ર અને ઓપેલ રત્ન ધારણ કરવું. કુંડલી પ્રમાણે લગ્ન માટે સારા યોગ આવી રહ્યા છે. ચિંતાનું કારણ નથી. ભાગ્યોદય માટે નિયમિત ભગવાન શ્રી શિવજી પર પંચામૃતનો અભિષેક કરવો. લગ્ન સંબંધિત ચિંતા રહ્યા કરશે, પરંતુ તે સમય જતા હળવી બનશે. સારી પરિસ્થિતિ માટે નિયમિત શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ કરવા. અસ્તુ.**

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', 'અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઈનવાળી આ કૂપન અવશ્ય બીડવી.




# એકલતાનું આકાશ

વિનાયકે પુરાં સાત વર્ષ લંડનમાં એકલતામાં ખેંચી નાખ્યા હતા. લંડનમાં વિના કારણે વરસતો વરસાદ પણ વિનાયકની કોરી આંખોને વરસાવી શક્યો નહોતો.વિનાયકના સંપર્કમાં આવનાર વ્યક્તિ પ્રયત્ન કરે તો પણ વિનાયકના દિલ સુધી પહોંચી ના શકે, કારણ કે વિનાયકે તેની આસપાસ વિષાદનું એક વર્તુળ બનાવી દીધું હતું. નેન્સીએ પણ વિનાયકના અંતરની લાગણીને ઢંઢોળવાની કોશિશ કરી જોઈ હતી, પણ તે નિષ્ફળ નિવડી હતી. અત્યારે પણ નેન્સી હિથ્રો ઍરપોર્ટ પર વિનાયકને મૂકવા માટે આવી હતી. 'વિનાયક આઈ વિલ મિસ યુ' નેન્સી સજળનેત્રે બોલી હતી. વિનાયકની આંખો કોરી હતી. તે મૌન હતો. બંને જાણતાં હતાં કે આ તેમની છેલ્લી મુલાકાત હતી. વિનાયકનો કંપની સાથેનો સાત વર્ષનો કરાર પુરો થયો હતો. નેન્સી ડિવોર્સી હતી. લંડનમાં એકલાં રહેતાં સ્ત્રી પુરુષો નજીક આવી જાય અને લક્ષ્મણરેખા ઓળંગે તે તદ્દન સામાન્ય બાબત કહેવાય. નેન્સીએ પણ એક વાર વિનાયકને પામવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે વિનાયક મક્કમ રહ્યો હતો. તે તેની પત્ની નેહા સાથે બેવફાઈ કરવા નહોતો માંગતો. નેહા અમદાવાદની સરકારી સ્કૂલમાં ટીચર હતી. નેન્સીને નજીક આવતી રોકવાનું બીજું કારણ વિનાયકના મનમાં રહેલો ડર પણ હતો. રખેને નેન્સી સાથે લાગણીના તાણાવાણા બંધાઈ જાય અને પછી જે વેરવિખેર થયેલો સંબંધ આજે નેહા સાથે છે તે જ નેન્સી સાથે થાય તો? નેહા સાથેના લગ્નજીવનની પીડા સાથે લઈને જ વિનાયક વ્યથિત મને લંડન આવ્યો હતો. સ્વભાવની વિષમતાઓને કારણે જ વિનાયકનું નેહા સાથે શરૂઆતથી જ જોઈએ તેવું ટ્યુનિંગ થઈ શક્યું નહોતું. નેહા સાથે લગ્નજીવન ટકી ગયું હતું તેનું મુખ્ય કારણ બંનેને જોડતી એક મહત્ત્વની કડી હતી. હા..તે કડી એટલે તેમનો સ્માર્ટ દીકરો કુણાલ. કુણાલ સમજણો થયો ત્યારથી મમ્મી-પપ્પાને એક છત નીચે રાખવાના મરણિયા પ્રયાસો કરતો રહ્યો હતો. આખરે પંદર વર્ષનો થયો એટલે કુણાલ હોસ્ટેલમાં રહેવા જતો રહ્યો હતો.

એકાદ માસમાં જ વિનાયકે પણ લંડનની વાટ પકડી લીધી હતી. અમદાવાદના ઍરપોર્ટ પર નેહા વિનાયકને વિદાય આપવા પણ નહોતી આવી.

છેલ્લી ઘડીએ કુણાલ આવી પહોંચ્યો હતો. 'પપ્પા તમને નોકરીમાં સારો ચાન્સ મળે છે તેથી રોકાવાનું તો નથી કહેતો પણ..' કુણાલ બોલતાં બોલતાં અટકી ગયો હતો. 'પણ શું?' વિનાયકે પૂછ્યું હતું. 'મારે મમ્મી અને પપ્પા બંનેની જરૂર છે.' કુણાલ રડમસ અવાજે બોલ્યો હતો.

'જાણું છું.' વિનાયક બોલ્યો હતો.

'મમ્મી પણ તમારી રાહ જોશે.' કુણાલ નીચું જોઈને બોલ્યો હતો.

વિનાયક ફિક્કું હસ્યો હતો. જે સ્ત્રી ઍરપોર્ટ સુધી પણ મને મૂકવા નથી આવી તે શું મારી રાહ જોવાની છે?..વિનાયક મનમાં જ બોલ્યો હતો. ચાલાક કુણાલે વિનાયકના મનમાં રમતી વાત પકડી પાડી હતી. 'પપ્પા, ધીરજ રાખજો. બધું સારું થઈ જશે.'

વિનાયક કાંઈ બોલે તે પહેલાં જ લંડનની ફ્લાઈટનું એનાઉન્સમૅન્ટ થયું હતું. વિનાયક મક્કમ પગલે આગળ વધ્યો હતો. વિનાયકે પાછા વળીને જોવાનું ટાળ્યું હતું. કિશોર વયના કુણાલની આંખમાં લાચારી જોવાની તેની બિલકુલ હિમ્મત નહોતી. વળી, ખુદના આંસુ પણ સંતાડવાના હતાં.

લંડનની આબોહવામાં વિનાયક ધીમે ધીમે ગોઠવાઈ ગયો હતો. કંપનીના પચાસ માણસોના સ્ટાફમાં રૂપાળી નેન્સી પણ એક હતી. ડિવોર્સી નેન્સી એકલી જ રહેતી હતી. તેની દીકરી વેમ્બલીની એક હોસ્ટેલમાં રહેતી હતી. નેન્સીએ ખુદના ડિવોર્સને સ્વાભાવિકતાથી સ્વીકારી લીધા હતા. કદાચ તેથી જ તે કાયમ હસી શકતી હતી. એક વાર ભારે સ્નો-ફૉલ વચ્ચે નેન્સી અને વિનાયક ઑફિસમાં જ ફસાઈ ગયાં હતાં. અન્ય સ્ટાફ વહેલો નીકળી ગયો હતો.બંને કૉફી પીતાં પીતાં અંગત વાતોએ ચડી ગયાં હતાં. નેન્સીએ તેના જીવનની કિતાબ વિનાયકની સામે નિખાલસતાથી ખોલી દીધી હતી. મિતભાષી વિનાયકે માત્ર બે કે ત્રણ વાક્યમાં જ નેહા અને કુણાલ વિષે જણાવ્યું હતું. નેન્સી સમજી ગઈ હતી કે કાયમ ગંભીર રહેતા વિનાયકના માત્ર ડિવોર્સ નથી થયા એટલું જ



**નેન્સી વિનાયકને પામવા માટે બહાવરી બની ગઈ હતી. તેની આંખોમાં તોફાન ઊતરી આવ્યું હતું. નેન્સીએ જ પહેલ કરી હતી, પરંતુ વિનાયક મક્કમ રહ્યો હતો**

બાકી અંદરથી તો તે એકલો જ છે.

તેને વિનાયક પ્રત્યે સહાનુભૂતિ થઈ હતી. નેન્સી વિનાયકને પામવા માટે બહાવરી બની ગઈ હતી. તેની આંખોમાં તોફાન ઊતરી આવ્યું હતું. નેન્સીએ જ પહેલ કરી હતી, પરંતુ વિનાયક મક્કમ રહ્યો હતો.આખરે બંને માત્ર સારા મિત્રો બનીને જ રહી ગયાં હતાં. શારીરિક સંબંધોને તેમની મૈત્રીમાં કોઈ જ સ્થાન નહોતું.

હિથ્રો ઍરપોર્ટના ઇમિગ્રેશન અને સિક્યૉરિટીનાં કાઉન્ટરો વટાવીને વિનાયક આગળ વધ્યો હતો. તેણે પાછા વળીને કાચની પેલે પાર નજર કરી હતી. વિઝિટર્સ લોન્જમાં નેન્સી હજુ પણ હાથ હલાવતી ઊભી હતી. નેન્સીની સાથે-સાથે જાણે કે આખું લંડન પાછળ રહી ગયું હતું. વીતેલાં સાત વર્ષોમાં વિનાયકે કેટલીયે મોસમ બદલાતી જોઈ હતી. લંડનની અઢળક સ્મૃતિઓ વિનાયકના મનને ઘેરી વળી હતી. સ્નો-ફૉલ, સરકતી જતી ટ્યુબ ટ્રેનમાં સુખ અને દુઃખની જેમ અચાનક આવી જતું અજવાળું અને અંધારું, સેન્ટ પોલ્સના સ્ટેશન પર સતત ઉપર ચડતું એસ્કેલેટર, સ્ક્વેરમાં ચણતાં કબૂતરો, થેમ્સ નદીમાં નીચે વહેતું પાણી અને ઉપર ખૂલતો અને બંધ થતો ટાવર બ્રિજ..ખરેખર લગાવ થઈ ગયો હતો







આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

| | | | |
|---|---|---|---|
| આપણી બોધકથાઓ | : પ્રથમ આવૃતિ ૨૦૨૦ | સ્વામી સચ્ચિદાનંદ | ₹ ૨૨૫.૦૦ |
| મેન્સ સર્ચ ફોર મિનિંગ | : નાઝી કોન્સન્ટ્રેશન કેમ્પમાં કેદી તરીકે રહેલા યહુદી મનોચિકિત્સકની કથા | વિક્ટર ઇ. ફ્રેન્કલ | ₹ ૧૨૫.૦૦ |
| વંટોળિયો | : સમાજના વંચિત વર્ગની વેદનાને આરપાર વીંધી નાંખતી કથા | અઝીઝ ટંકારવી | ₹ ૧૫૦.૦૦ |
| પીળો પડછાયો | : ગઝલોના ગામમાં પીડાનો પડાવ | રમેશ ચૌહાણ | ₹ ૧૫૦.૦૦ |
| ગુજરાતનો જય | : પુનર્મુદ્રણ-૨૦૧૯ | ઝવેરચંદ મેઘાણી | ₹ ૪૦૦.૦૦ |
| ધોળી ધોળી પ્યાલા ભર્યા | : ઝવેરચંદ મેઘાણી-કાવ્યો, નવલિકાઓ, લોકગીતો, લોકવાર્તાઓ | મહેન્દ્ર મેઘાણી | ₹ ૫૫૦.૦૦ |
| અગ્નિજા | : ભાગ ૧ અને ૨ (પાત્ર વાસ્તવિક, કથાનક કાલ્પનિક) | પ્રફુલ શાહ | ₹ ૭૫૦.૦૦ |
| ઈતિહાસ પાછળનો ઈતિહાસ | : ૨૪ ભુલાઈ ગયેલા ઈતિહાસના અમર પાત્રોની કથા | પ્રફુલ શાહ | ₹ ૨૫૦.૦૦ |
| હિટલર પાપા | : નવલકથા | મધુસુદન પારેખ | ₹ ૨૫૦.૦૦ |
| શું તમારા ડોક્ટર પોષક દવાઓ વિષે જાણે છે? | : ૪થી આવૃતિ ૨૦૧૯ | રે ડી. સ્ટ્રેન્ડ | ₹ ૨૫૦.૦૦ |

**નટરાજ બુક સેન્ટર :** ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

**પોકેટ બુક સેન્ટર :** અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

આ અદ્ભુત શહેર સાથે...આખરે વિનાયકે વિમાનમાં સીટ મેળવી લીધી. થોડીવાર બાદ ઍરક્રાફ્ટ રન વે પર દોડી રહ્યું હતું. હિથ્રો ઍરપોર્ટ દૂર જઈ રહ્યું હતું. રન વે પર દોડતું ઍરક્રાફ્ટ અચાનક ઊંચકાયું. વિનાયકે છાતીમાં એક થડકાર અનુભવ્યો. વિનાયકે બંને આખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. લંડનની સ્મૃતિઓની વણઝાર પણ જાણે કે હવે સમાપ્ત થઈ રહી હતી. અચાનક ઍરક્રાફ્ટે વળાંક લીધો. બિલકુલ વિનાયકના જીવનના વળાંકની જેમ જ...

વિનાયક પુરાં સાત વર્ષ બાદ વતનમાં જઈ રહ્યો હતો. પ્રયત્ન કરવા છતાં પણ તેના ચહેરા પર સ્મિત આવી શકતું નહોતું. લંડન આવ્યા બાદ કુણાલ સાથેનો ફોન પરનો સંપર્ક ક્રમશઃ ઓછો થઈ ગયો હતો. નેહા સાથે તો ભારત છોડ્યું ત્યારથી કોઈ જ સંપર્ક નહોતો. બંને વચ્ચે પહેલ કોણ કરે તે ઈગો નો ટકરાવ જ જાણે કે મુખ્ય ઈશ્યૂ બનીને રહી ગયો હતો. નેહાની યાદ આવતાં વિનાયકની આંખમાં વધારે ઉદાસી છવાઈ ગઈ.

આવતીકાલે અચાનક અમદાવાદ પહોંચીને મા દીકરાની ગતિવિધિ જોઈને જ વિનાયકના જીવનનું ભાવિ નક્કી થવાનું હતું. વિનાયક વિચારી રહ્યો..જિંદગી પણ જિગ્સો પઝલ જેવી જ હોય છે ને? નસીબદાર હોય તેના જીવનના દરેક ટુકડા યોગ્ય જગ્યાએ ગોઠવાઈ જતાં હોય છે..અને જો ના ગોઠવાય તો માણસ એકલતાનું આકાશ ઓઢીને જીવવા માટે મજબૂર થઈ જતો હોય છે.

વહેલી સવારે અમદાવાદ ઍરપોર્ટ પર ઊતરીને વિનાયકે શાહીબાગની એક હોટેલમાં જ ઊતરવાનું પસંદ કર્યું. ફ્રેશ થઈને તેણે સેલ ફોનમાં કુણાલનું ફેસબુકનું એકાઉન્ટ સર્ચ કર્યું. કુણાલના પ્રોફાઈલમાં તેનો લેટેસ્ટ ફોટો જોઈને વિનાયકની આંખો ઝીલમિલાઈ. કુણાલ યુવાન અને એકદમ સ્માર્ટ દેખાતો હતો. કુણાલ માસ્ટર ડિગ્રી કરી રહ્યો હતો. તેની હોસ્ટેલનું લેટેસ્ટ એડ્રેસ પણ તેમાં હતું. વિનાયકે રિક્ષા તે એડ્રેસ પર જ લેવડાવી. રિક્ષા છોડીને વિનાયક હોસ્ટેલના દરવાજામાં પ્રવેશ્યો. જોગાનુજોગ કુણાલ સામેથી જ આવી રહ્યો હતો. બંનેની આંખો એક થઈ. કુણાલની આંખમાં ચમક આવી ગઈ. 'અરે, પપ્પા તમે? ક્યારે આવ્યા?' 'આજે સવારે જ.' વિનાયકનો અવાજ રૂંધાઈ ગયો. કુણાલ વિનાયકને પગે લાગ્યો. વિનાયકને ઘણી



**'પપ્પા, હું ભલે અહીં હોસ્ટેલમાં અલગ રહું છું, પણ તમને ખાતરી સાથે કહું છું કે મમ્મીના જીવનમાં પણ તમારા સિવાય બીજો કોઈ પુરુષ નથી આવ્યો.'**

ઈચ્છા થઈ કે તે કુણાલને ભેટી પડે, પણ તે તેમ કરી ના શક્યો.

'ચાલો પપ્પા, સામે રેસ્ટોરન્ટમાં બેસીએ.' બંને રસ્તો ક્રોસ કરીને જઈ રહ્યા હતા ત્યાં જ એક મોંઘી કાર બાજુમાં જ આવીને ઊભી રહી. તેમાંથી એક સુંદર બોબ્ડ હેરવાળી છોકરી ઊતરી. 'હાય કુણાલ.' જવાબમાં કુણાલ બોલ્યો, 'હાય નિધિ.' વિનાયક તે છોકરીને નિહાળી રહ્યો. 'પપ્પા, શી ઈઝ માય ગર્લ ફ્રેન્ડ..' 'નિધિ, આ મારા પપ્પા.. આજે જ લંડનથી આવ્યા છે.' કુણાલે પરિચય કરાવ્યો. નિધિ તરત જ વિનાયકને પગે લાગી.

'નિધિ સાંજે નિરાંતે મળીશું? આજે તો પહેલાં પપ્પા.' કુણાલે ચહેરા પર રમતિયાળ સ્મિત વેરીને કહ્યું. ડ્રાઈવર હજુ કાર વાળી જ રહ્યો હતો. નિધિએ તેને ઈશારો કરીને કાર ઊભી રાખવા જણાવ્યું. નિધિ તરત જ કારની પાછલી સીટમાં બેસીને રવાના થઈ ગઈ. રેસ્ટોરન્ટમાં ખુરશી પર બેસતા વિનાયક બોલ્યો, 'બેટા, મેં તને ડિસ્ટર્બ તો નથી કર્યો ને?' 'બિલકુલ નહીં પપ્પા.' કુણાલે તેના લાંબા ઝુલ્ફામાં બંને હાથ ફેરવતા કહ્યું. વેઈટર બે ચા મૂકી ગયો. 'પપ્પા તમે ત્યાં એકલા જ રહેતા હતા?' કુણાલે મુદ્દાનો સવાલ પૂછ્યો. વિનાયકની આંખ સમક્ષ એકાદ ક્ષણ માટે નેન્સીનો રૂપાળો ચહેરો દેખાઈને ઓઝલ થઈ ગયો. વિનાયકને યાદ આવ્યું, નેન્સી તેની સાથે ક્યાં રહેતી હતી?

'હા..કુણાલ હું ત્યાં એકલો જ રહેતો હતો. મેં મારા હિસ્સાની વફાદારી નિભાવી છે.' વિનાયક ધીમેથી બોલ્યો.

'પપ્પા, હું ભલે અહીં હોસ્ટેલમાં અલગ રહું છું, પણ તમને ખાતરી સાથે કહું છું કે મમ્મીના જીવનમાં પણ તમારા સિવાય બીજો કોઈ પુરુષ નથી આવ્યો. હું દર રવિવારે મમ્મીને મળવા ઘરે જાઉં છું.'

'તું ત્યાં જ કેમ નથી રહેતો?'

'મને તો હોસ્ટેલમાં જ રહેવાનું ગમે છે.' કુણાલે નિખાલસતાથી કહ્યું.

વિનાયકે નિસાસો નાખ્યો. ઘરની દીવાલોમાં તિરાડો પડે તે સારું, પણ માતા પિતાના જીવનમાં પડતી તિરાડો તો બાળકને હોસ્ટેલમાં ગોઠતું કરી દે છે.

'કુણાલ, આ નિધિ સાથે લગ્નનું વિચાર્યું કે નહીં?' વિનાયકની અનુભવી આંખે કુણાલ અને નિધિની આંખમાં એકબીજા પ્રત્યેનો સ્નેહભાવ ભાળી લીધો હતો. કુણાલ શરમાઈને નીચું જોઈ ગયો. 'પપ્પા, તેણે તો મને પ્રપોઝ કર્યું જ છે. મારી હિમ્મત નથી થતી.' કુણાલે ધીમેથી જવાબ આપ્યો.

'કેમ?' વિનાયકને નવાઈ લાગી. 'પપ્પા, તે લોકો ખૂબ જ પૈસાવાળા છે. તેમના બંગલામાં રસોઈયા, માળી અને ડ્રાઈવરોની ફોજ છે. મને ડર લાગે છે કે હું નિધિને સુખી નહીં કરી શકું. હું નથી ઈચ્છતો કે લગ્ન બાદ તેને અસંતોષની આગમાં શેકાવું પડે.. મમ્મીની જેમ.' કુણાલે વિનાયકની આંખમાં જોઈને કહ્યું.

વિનાયક ખળભળી ઊઠ્યો. કુણાલની વાત સાવ સાચી હતી. નેહાના પિયર પક્ષ પાસે કાંઈ જ નહોતું છતાં તેને વિનાયકની આર્થિક સ્થિતિથી ભારે અસંતોષ હતો. તેના અસંતોષી સ્વભાવને કારણે જ નેહા હંમેશાં વિષાદમાં જ રહેતી હતી અને પતિપત્ની વચ્ચેનું અંતર વધી ગયું હતું. જ્યારે કુણાલના કિસ્સામાં તો નિધિનો પરિવાર અતિશય ધનવાન હતો.

'શું વિચારમાં પડી ગયા પપ્પા?'

'કુણાલ, જીવન ક્યારેય આપણી ધારણા પ્રમાણે ચાલતું નથી. બની શકે કે નિધિનો સ્વભાવ સંતોષી હોય તો તારે તેને સુખી કરવા માટે ખાસ પ્રયત્નો ના પણ કરવા પડે.' વિનાયકે એકદમ હકારાત્મક અભિગમ દર્શાવતાં કહ્યું.

ચાનો ખાલી કપ ટેબલ પર મુકીને

વિનાયક બોલ્યો, ‘હું તારી મમ્મીને સ્કૂલે મળવા જાઉં છું.’ ‘પપ્પા, આજે તો જાહેર રજા છે. અત્યારે તો મમ્મી આપણા ઘરની પાછળ શિવજીનું મંદિર છે ત્યાં બેઠી હશે.’

વિનાયક રિક્ષામાં સીધો મંદિરે જ પહોંચ્યો. નેહા મંદિરના ઓટલે એકલી જ બેઠી હતી. વિનાયકને જોઈને તે ઊભી થઈ ગઈ. તેની આંખોમાં આંસુ તગતગ્યા.

‘ઘરે તાળું જોઈને આવ્યા?’

‘ના, સીધો અહીં જ આવ્યો. કુણાલને મળવા ગયો હતો. તેણે કહ્યું કે અત્યારે તું અહીં જ મળીશ.’ બંનેએ ઘર તરફ ચાલવાનું શરૂ કર્યું. થોડી વાર માટે બંને વચ્ચે ભારે મૌન પથરાઈ ગયું. વીતેલાં સાત વર્ષના સમયનો પહાડ બંનેને અકળાવી રહ્યો હતો.

આખરે નેહા બોલી. ‘કુણાલ કાંઈ બોલ્યો?’

‘જોગાનુજોગ તેની ગર્લફ્રેન્ડ નિધિ સાથે પણ મુલાકાત થઈ. નિધિ કુણાલ સાથે લગ્ન કરવા માગે છે. આપણુ લગ્નજીવન જોઈને કુણાલની હિમ્મત નથી થતી.’ વિનાયકે નેહાના ઈગોને ઠેસ ના પહોંચે તે રીતે એક એક શબ્દ ગોઠવીને કહ્યું.

નેહા ચાલતાં ચાલતાં ઊભી રહી ગઈ. ‘શું, મારી એકલીનો જ વાંક હતો?’ નેહાએ વિનાયકની આંખમાં જોઈને પૂછ્યું.

‘નેહા, આપણા બે વચ્ચે કોઈ ત્રીજું પાત્ર ક્યારેય આવ્યું જ નથી. ઈવન છેલ્લાં સાત વર્ષમાં પણ નહીં..તો પછી આટલું બધું દર્દ આપણે શા માટે ઝીલવું પડે છે?’

નેહા મૌન થઈ ગઈ. બંને ઘર તરફ ચાલવા લાગ્યાં.

ચાલતાં-ચાલતાં ઘર આવી ગયું. નેહાએ દરવાજો ખોલ્યો. એ જ ચિતપરિચિત ઘરની હવા વિનાયકને સ્પર્શ કરીને જતી રહી.

વિનાયક ગળગળો થઈ ગયો. ‘નેહા, હજુ પણ મોડું નથી થયું. કુણાલ માટે થઈને પણ આપણે ફરીથી એક ન થઈ શકીએ?’

‘વિનાયક, આપણે અલગ હતાં જ ક્યારે? લડતાં ઝઘડતાં પણ આપણે એક છત નીચે રહેતાં જ હતાં ને? સાત વર્ષ બાદ પણ તમે ઘરે પરત આવ્યા જ ને? શા માટે? લાગણીનો કોઈક એવો તંતુ તો જરૂર છે જ જે આપણને એક તાંતણે બાંધી રાખે છે.’ નેહા રડી પડી.

વિનાયકની આંખમાં પણ સાત વર્ષનું ચોમાસું એકસાથે બેસી ગયું. બંને ભેટી પડ્યાં. બંનેને ખ્યાલ નહોતો કે ઘરનો દરવાજો ખુલ્લો છે અને કુણાલ હર્ષનાં આંસુ સાથે ત્યાં જ ઊભો છે. અચાનક નેહાનું ધ્યાન બારણામાં ઊભેલા કુણાલ પર પડ્યું. તે વિનાયકથી અલગ થવા ગઈ, પણ તે પહેલાં જ કુણાલ દોડીને મમ્મી-પપ્પાને વળગી પડ્યો. કેટલીયે વિટંબણાઓ બાદ આજે ત્રણેયના જીવનમાં સુખનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સાંજે નેહા તૈયાર થવા લાગી. ‘બહાર જવાનો પ્રોગ્રામ છે?’ બાપ દીકરો એકસાથે બોલી ઊઠ્યા.

‘તમે બંને પણ તૈયાર થઈ જાવ. આપણે સાથે જ જવાનું છે.’

‘ક્યાં?’ ફરીથી બાપ દીકરો સાથે જ બોલી ઊઠ્યા.

‘નિધિની ઘરે માંગું નાખવા. ગમે તેમ તો પણ આપણે છોકરાવાળા છીએ.’

વિનાયક, નેહા અને કુણાલ તૈયાર થઈને બહાર નીકળ્યાં ત્યારે આકાશમાંથી વાદળાં છૂટાં પડી રહ્યાં હતાં. સપ્તરંગી મેઘધનુષ દેખાઈ રહ્યું હતું. હા...આકાશ પણ હવે એકલું નહોતું. ■

## શબ્દ સફર-૧૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૮ | | | ૯ | | | | | |
| ૧૦ | | | ૧૧ | | | | | ૧૨ |
| ૧૩ | | | | | ૧૪ | | ૧૫ | |
| | | | ૧૬ | ૧૭ | | ૧૮ | | |
| ૧૯ | ૨૦ | ૨૧ | | | | | | ૨૨ |
| | ૨૩ | | ૨૪ | | | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | | ૨૮ | ૨૯ | ૩૦ | | ૩૧ | |
| | | ૩૨ | | | | | | |

**આડી ચાવી**

૦૧. એક પ્રોત્સાહન પૂરી પાડતી કહેવત (હિં.) (૯)
૦૮. કંથ, પતિ (૨)
૦૯. રમતમાં જ ચિત્તવાળું (૫)
૧૦. એક પક્ષી (૨)
૧૧. પતિવ્રતા, પાર્વતી (૨)
૧૩. કુળ, વર્ણ કે નાત (૨)
૧૫. સારથિ, રથ હાંકનાર (૨)
૧૬. ફૂલ બજાર અને શાક માર્કેટવાળો અમદાવાદનો એક વિસ્તાર (૫)
૧૯. નવી પરણેલી વહુ (૩)
૨૩. ચિત્રકારની પીંછી (૩)
૨૫. ચીજ, દાગીનો (૩)
૨૭. પાણી ભરવાની મોટી પવાલી (૨)
૨૮. હથોડાને અંગ્રેજીમાં કહેવાય (૩)
૩૧. રેતીનું મેદાન કે પ્રદેશ (૨)
૩૨. અમોલ પાલેકરની એક ફિલ્મ (૬)

**ઊભી ચાવી**

૦૧. આવવું અને જવું તે (૬)
૦૨. ખરાબ રીત કે પદ્ધતિ (૪)
૦૩. ભૂલ ભરેલી કે ખોટી સમજ (૫)
૦૪. દ્વારકા.......નદીના કિનારે આવેલું છે (૩)
૦૫. કામદેવની પત્ની (૨)
૦૬. તર્ક, વિચાર (૩)
૦૭. માછીમાર માછલાં પકડવા પાણીમાં નાંખે....... (૨)
૧૨. ટેવ, આદત (૨)
૧૪. ચામડી, છાલ (૨)
૧૫. અવાજ, કંઠ (૨)
૧૭. મહિનો, માહ (૨)
૧૮. તે નામનું અજમેર પ્રાંતમાં તીર્થ (૩)
૨૦. ાનો વહેળો, નાળું (૩)
૨૧. પ્રહાર ઝીલવાનું ચામડાનું એક સાધન (૨)
૨૨. જમવું તે, નાતવેરો (૩)
૨૪. દયા, કૃપા (૩)
૨૬. કૃત્ય, નસીબ (૩)
૨૭. આભ, ગગન (૨)
૨૯. બાળકની ભાષામાં ખાવાની વસ્તુને કહેવાય (૨)
૩૦. શિરા, નસ (૨)

**- દેવેન્દ્ર મારૂ**

**શબ્દ સફર-૧૪૪**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | ર | સ | પ | ર | સ | | ના | ર |
| મિ | ત | | હે | ત | | વ | સ | તિ |
| તા | લા | વે | લી | | ખા | ર | | અ |
| ભ | મ | ર | | | | હો | | ગ્નિ |
| બ | | | સ | ચ | ર | | પા | હો |
| ચ્ચ | | પ | ર | બ | | સા | વિ | ત્રી |
| ન | ફો | | સ્વ | રા | જ | | ત્ર્ય | |
| | | પ્ર | તી | ક | | હા | | ખા |
| ખે | રા | ત | | | ન | ર | ગિ | સ |

# નિઃસંતાનપણુ (ટેસ્ટ ટયુબ બેબી)

# ડો. આશિષ વિરડીયા

## M.S.(Gyne.) ગોલ્ડ મેડાલીસ્ટ

## લગ્નના ૩૦ વર્ષ બાદ સંતાન પ્રાપ્તિ



### શનિબેન શંકરભાઈ ચૌધરી (જાસનવાડા–પાલનપુર)

''૫૫ વર્ષની ઉંમરે માતા–પિતા બનવાનું સ્વપ્ન પુરૂ થયું ! આજ સુધી બાળક વગર અમારી જિંદગીનો બાગ સુનો હતો. તે બાગમાં આજે એક બાળક રૂપી ફુલ ખીલ્યુ છે. અમારી જિંદગીનો ખાલીપો બાળકરૂપી ખુશીઓથી ભરાયો છે. અમારા અંધકારમય જીવનમાં આશારૂપી કિરણ પ્રગટાવવા બદલ ડૉ.આશિષ વિરડીયાનો અને ટ્રીનીટી IVF નાં સર્વો સ્ટાફનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ.

અમે ભાંભર તાલુકાના જાસનવાડા (પાલનપુર) ગામના રહેવાસી શનિબેન શંકરભાઈ ચૌધરી લગ્નના ૩૦ વર્ષમાં બને તેટલા પ્રયત્નો કર્યા. તેમ છતા બાળક ન થવાથી અમને હવે ભવિષ્યમાં ગર્ભ રહેશે તેવી કોઈ આશા ન હતી. અંતમાં અમે ટ્રીનીટી IVF હોસ્પિટલમાં ડૉ.આશિષ વિરડીયા સરને મળ્યા અને તેમની પાસે સારવાર કરાવવાની શરૂ કરી. ડૉ.આશિષ વિરડીયા સર પાસે લીધેલી સારવારથી ગર્ભ રાખવામાં સફળતા મળી અને જોત–જોતામાં અમારે ત્યાં ફુલ રૂપી પુત્ર ''જનક'' ની પ્રાપ્તિ થતા બગીચા રૂપી અમારૂ જીવન ખીલી ઉઠયું.

કોઈપણ જાતની તકલીફ કેમ ન હોય પણ સારવાર કરનાર ડૉકટર જો હાર ન માને તો દરેક દંપતિને સફળતા મળી શકે છે, તેવું જ અમારી સાથે થયું. ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ ડૉ. આશિષ વિરડીયા સરને.

ટ્રિ

માર્ગદર્શન કેમ્પ

## ટ્રીનીટી ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર

ગુલામબાબા મીલ કમ્પાઉન્ડ, આકાશ હોટલ પાછળ,
સંજીવની ICU ની સામે, લાલ દરવાજા રોડ, સ્ટેશન, સુરત.

**95377 21502 / 8000 38 38 36**

: trinity test tube baby Centre




R.No. MNW/280/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 43840/86 LICENCE TO TECH/HQ/ABHIYAAN/2018-20 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 20-06-2020. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015